કામકાજનો ટૂંકો અહેવાલ

# બારમી ગુજરાત વિધાનસભા

## આઠમું  સત્ર

**(તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૧ થી ૩૦મી માર્ચ, ૨૦૧૧)**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**વિઠ્ઠલભાઈ પટેલ ભવન,**

**ગાંધીનગર.**

**૨૦૧૧**

D:\kamkal no tuko aheval eight\eight\KAMKAJ NO TU KO AHEVAL 8TH.docx

# <u>પ્ર સ્તા વ ના</u>

આ પ્રકાશનમાં બારમી ગુજરાત વિધાનસભાના આઠમા  સત્રમાં **તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૧ થી ૩૦મી માર્ચ, ૨૦૧૧** દરમિયાન થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેકટર નં. ૧૦,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
તારીખ :૨૦–૦૫–૨૦૧૧

**ડી. એમ. પટેલ,**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**

## અ નુ ક્ર મ ણિ કા



| ક્રમાંક | વિષય | | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૨. | | ૩. |
| **૧.** | બારમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્ર **(તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૧ થી ૩૦મી માર્ચ, ૨૦૧૧)** માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ | | |
| **૨.** | પત્રક ક્રમાંક : ૧ | સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી | |
| **૩.** | પત્રક ક્રમાંક : ૨ | સભાગૃહની બેઠકોની તારીખ અને સમય | |
| **૪.** | પત્રક ક્રમાંક : ૩ | સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી | |
| **૫.** | પત્રક ક્રમાંક : ૪ | સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | |
| **૬.** | પત્રક ક્રમાંક : ૫ | ટૂંકી મુદતના, તારાંકિત, અતારાંકિત અને અરધા કલાકની ચર્ચાની સૂચનાઓનો નિકાલ (આંકડામાં) | |
| **૭.** | પત્રક ક્રમાંક :૬ | ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| **૮.** | પત્રક ક્રમાંક : ૭ | તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| **૯.** | પત્રક ક્રમાંક : ૮ | અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| **૧૦.** | પત્રક ક્રમાંક : ૯ | જુદા જુદા મંત્રીશ્રીઓના વારામાં દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી | |
| **૧૧.** | પત્રક ક્રમાંક : ૧૦ | દાખલ કરવાના સરકારી વિધેયકો | |
| **૧૨.** | પત્રક ક્રમાંક : ૧૧ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો | |
| **૧૩.** | પત્રક ક્રમાંક : ૧૨ | રાજયપાલશ્રીની અનુમતિ મળેલાં વિધેયકો | |
| **૧૪.** | પત્રક ક્રમાંક : ૧૩ | સન ૨૦૧૧–૧૨ના વર્ષના અનુદાનો માટેની ચર્ચાયેલી માગણીઓ | |
| **૧૫.** | પત્રક ક્રમાંક : ૧૪ | સન ૨૦૧૦–૧૧ના વર્ષના ખર્ચના પૂરક પત્રકમાંની ચર્ચાયેલી માગણીઓ | |
| **૧૬.** | પત્રક ક્રમાંક : ૧૫ | વૈધાનિક પ્રસ્તાવો (નિયમ–૧૦૦) | |
| **૧૭.** | પત્રક ક્રમાંક : ૧૬ | ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧) | |
| **૧૮.** | પત્રક ક્રમાંક : ૧૭ | ધ્યાન દોરતી સૂચનાઓ ( નિયમ – ૧૧૬) | |
| **૧૯.** | પત્રક ક્રમાંક : ૧૮ | જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ – ૪૪) | |
| **૨૦.** | પત્રક ક્રમાંક : ૧૯ | દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો | |
| **૨૧.** | પત્રક ક્રમાંક :૨૦ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેતા બિન સરકારી વિધેયકો | |
| **૨૨.** | પત્રક ક્રમાંક : ૨૧ | બિન સરકારી સંકલ્પો ( નિયમ – ૧૧૭ ) | |
| **૨૩.** | પત્રક ક્રમાંક : ૨૨ | વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ કાગળો | |
| **૨૪.** | પત્રક ક્રમાંક : ૨૩ | ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી | |
| **૨૫.** | પત્રક ક્રમાંક : ૨૪ | રોજેરોજના કામકાજનો સારાંશ | |
| **૨૬.** | પત્રક ક્રમાંક : ૨૫ | સત્રમાં સભ્યશ્રીઓએ કેટલી વખત ચર્ચામાં ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક | |
| **૨૭.** | પત્રક ક્રમાંક : ૨૬ | શોકદર્શક ઉલ્લેખ | |

## બારમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

**પ્રા રં ભિ ક :–**

બારમી ગુજરાત વિધાનસભાનું આઠમું સત્ર ગુરૂવાર, તા.૨૪–૨–૨૦૧૧ના રોજ શરૂ થયું હતું અને બુધવાર, તા.૩૦–૩–૨૦૧૧ના રોજ વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) હેઠળ અચોકકસ મુદત માટે મુલતવી રહયું હતું અને ત્યારબાદ રાજયપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૨૪ દિવસ માટે મળી હતી અને તેમાં કુલ ૩૦ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૧૧૨ કલાક અને ૪૭ મિનિટ કામ કર્યું હતું, જે બેઠક દીઠ સરેરાશ સમય આશરે ૩ કલાક અને ૪૫ મિનિટ થાય છે.

**૧.** સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, બિન–સરકારી વિધેયકો તથા સંકલ્પો, નાણાંકીય કામકાજ, સરકારી પ્રસ્તાવો તથા સંકલ્પો તેમજ અન્ય કામકાજમાં કેટલો સમય ગયો હતો તે અને તેની ટકાવારી **(પત્રક ક્રમાંક–૧)**માં આપવામાં આવી છે.

**૨. ગૃહની બેઠકોની તારીખ અને સમયઃ–**

ગૃહની બેઠકોની તારીખો અને સમય **(પત્રક ક્રમાંક–૨)**માં આપવામાં આવેલ છે.

**૩. હાજરીઃ–**

સત્ર દરમિયાન મળેલ ૩૦ બેઠકો દરમિયાન સભ્યશ્રીઓની વધારેમાં વધારે હાજરી ૧૩૨ અને ઓછામાં ઓછી હાજરી ૯૪ હતી અને સરેરાશ હાજરી ૧૨૩ હતી. સત્ર દરમિયાન સભ્યોએ આપેલી વ્યકિતગત હાજરી અંગેની માહિતી **(પત્રક ક્રમાંક :–૩)** માં અને સભ્યોની તારીખવાર હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંક :–૪** માં આપવામાં આવી છે.

**૪. અધ્યક્ષની ચૂંટણીઃ–**

વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણી માટે રાજપાલશ્રીએ તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૧નો દિવસ નકકી કર્યો હતો. માનનીય સભ્યશ્રી ગણપતભાઈ વસાવાને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે પસંદ કરવા માટેનો પ્રસ્તાવ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સભાગૃહમાં રજૂ કર્યો હતો. વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તે પ્રસ્તાવને ટેકો આપ્યો હતો. આ પ્રસ્તાવનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો અને માનનીય સભ્યશ્રી ગણપતભાઈ વસાવાની વિધાનસભાના અધ્યક્ષ પદે સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી.

**૫. રાજયપાલશ્રીનું સંબોધનઃ–**

ભારતના બંધારણના અનુચ્છેદ ૧૭૬(૧) અન્વયે રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાએ ગુરૂવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ બપોરના ૧૨–૦૦ વાગે ગુજરાત વિધાનસભાને હિન્દી ભાષામાં સંબોધન કર્યું હતું. તે જ દિવસે સભ્યશ્રી રજનીકાન્તભાઈ પટેલે નામદાર રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને કરેલા સંબોધન બદલ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેનું સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવેએ સમર્થન કર્યું હતું. નામદાર રાજયપાલશ્રીના

સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર સભાગૃહમાં તા.૧લી માર્ચ,૨૦૧૧, તા.૩જી માર્ચ, ૨૦૧૧ અને તા. ૪થી માર્ચ, ૨૦૧૧ એમ કુલ ત્રણ બેઠકોમાં ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચામાં કુલ–૩૭ સભ્યોએ ભાગ લીધો હતો. આભાર પ્રસ્તાવ ઉપર સુધારાની કુલ–૪૭ સૂચનાઓ મળી હતી. જેમાંથી ૧૭ સુધારાની સૂચનાઓ માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. જેમાંથી ૨ સૂચનામાં સભ્યશ્રીનું નામ જોડવામાં આવ્યું હતું. તે પૈકી ૧૫ સભ્યશ્રીઓએ તેમના સુધારા સભાગૃહમાં રજૂ કર્યા હતા જયારે ૨ સુધારા સભ્યશ્રીઓની અનુપસ્થિતિના કારણે રજૂ થઈ શકયા ન હતા. ચર્ચાના અંતે સભાગૃહે આભાર પ્રસ્તાવ મૂળ સ્વરૂપે પસાર કર્યો હતો.

**૬. ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોઃ–**

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટે **તા.૨૫/૨/૧૧ થી તા. ૩૦/૩/૧૧ સુધીનો** કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો હતો.

આ સત્ર દરમિયાન ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોની મળેલી અને દાખલ કરવામાં આવેલી સૂચનાઓની વિગત નીચે મુજબ છે.

સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નોની **કુલ–૨,** તારાંકિત પ્રશ્નોની **કુલ–૫૭૦૮** અને અતાંરાકિત પ્રશ્નોની કુલ–**૫૫૩** સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની વિગતો **(પત્રક ક્રમાંકઃ– ૫, ૬, ૭ અને ૮)** માં આપવામાં આવી છે. તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સૂચનાઓ દાખલ કરવામાં આવી, તેમાંથી કયા કયા મંત્રીશ્રીઓના કેટલા પ્રશ્નોની ચર્ચા થઈ તેની માહિતી **(પત્રક ક્રમાંકઃ–૯)** માં આપવામાં આવી છે.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો તરીકે મળેલી સૂચનાઓમાંથી કુલ–**૩૯૦૯** સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને **૩૦** તારાંકિત પ્રશ્નોને અતારાંકિત પ્રશ્નો તરીકે દાખલ કરવામાં આવ્યા હતા. વધુમાં દાખલ થયેલ તારાંકિત પ્રશ્નો પૈકી **૪૧** પ્રશ્નો મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવ્યા અને સભ્યશ્રી મંત્રી બનતા **બે** તારાંકિત પ્રશ્નો રદ કરવામાં આવ્યા હતા.

સત્ર દરમિયાન અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની **૫૦–૫૦** ની એક એવી ૯ યાદીઓ તેમજ નિયમ ૮૭(ક) અન્વયે સત્રના છેલ્લા દિવસે **૪૪** અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

**૭. પ્રશ્નોત્તરીને લગતી માહિતીઃ–**

સભાગૃહની બેઠકો દરમિયાન તારાંકિત પ્રશ્નોની કુલ–**૨૩** યાદી ગૃહમાં રજૂ કરવામાં આવી હતી. આ યાદીમાં કુલ–**૧૯૦** પ્રશ્નોની સભાગૃહમાં ચર્ચા થઈ હતી.

**૮. અરધા કલાકની ચર્ચા માટેની સૂચનાઃ–**

સત્ર દરમિયાન નિયમ–૯૨ અન્વયે અરધા કલાકની ૪ સૂચના મળેલ હતી, જે પૈકી એકપણ સૂચના દાખલ થઈ ન હતી.

**૯. સરકારી વિધેયકોઃ–**

૧. દાખલ કરવામાં આવેલા સરકારી વિધેયકો

સત્ર દરમિયાન સભાગૃહમાં કુલ ૩૦ સરકારી વિધેયકો દાખલ કરવામાં આવ્યા હતા. **(પત્રક ક્રમાંક :–૧૦)**

૨. પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો

સત્ર દરમિયાન કુલ ૩૧ સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવામાં આવ્યા હતા. અને ચર્ચાને અંતે પસાર કરવામાં આવ્યા હતા.

**(પત્રક ક્રમાંક :–૧૧)**

**વિધેયકોનું વર્ગીકરણ:–**

| | | | |
|---|---|---|---|
| ૧. | ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતા વિધેયકો | ........ | ૧૮ |
| ૨. | નવા વિધેયકો | .......... | ૦૭ |
| ૩. | અન્ય વિધેયકો | ......... | ૦૫ |

**વિધેયકોનું વિષયવાર વર્ગીકરણ:–**

| | | | |
|---|---|---|---|
| ૧. | નાણાંકીય બાબતોને લગતા વિધેયકો | ......... | ૦૭ |
| ૨. | જાહેર સેવાને લગતા વિધેયકો | ........ | ૧૯ |
| ૩. | શિક્ષણને લગતા | ......... | ૦૩ |
| ૪. | અન્ય વિધેયકો | ......... | ૦૨ |

**૧૦. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાજયપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો :–**

બારમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં પસાર થયેલા સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંકઃ ૧૪ તેમજ આઠમા સત્રમાં પસાર થયેલા સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંકઃ ૪ અને ૧૩ ને રાજયપાલશ્રીની અનુમતિ મળી હતી અને તે વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં **(પત્રક ક્રમાંક :–૧૨)**

**૧૧. <u>નાણાંકીય કામકાજ :</u>**

**(૧) અંદાજપત્રઃ**

**(ક) રજૂઆત :**

સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષ માટેનું કુલ રૂપિયા ૮,૦૬,૯૪,૧૧,૧૮,૦૦૦/– નું અંદાજપત્ર શુક્રવાર તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં મતપાત્ર રકમ રૂપિયા ૬,૫૦,૨૪,૯૭,૯૧,૦૦૦/–અને બિનમતપાત્ર રકમ રૂપિયા ૧,૫૬,૬૯,૧૩,૨૭,૦૦૦/– હતી.

**(ખ) સામાન્ય ચર્ચા :**

અંદાજપત્ર ઉપર તા. ૯, ૧૦ અને ૧૧મી માર્ચ, ૨૦૧૧ના રોજ એમ કુલ ૩ દિવસો દરમિયાન સભાગૃહની ૪ બેઠકોમાં સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી.

**(ગ) માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

અંદાજપત્રની માગણીઓ ઉપર તા.૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૫મી માર્ચ, ૨૦૧૧ના રોજ એમ કુલ ૧૦ દિવસો દરમિયાન સભાગૃહની ૧૨ બેઠકોમાં ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. **કુલ ૧૦૮ પૈકી ૧૦૬** માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. તેમાંથી **૫૩** માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. **(પત્રક ક્રમાંકઃ–૧૩)** ચર્ચા માટે રજૂ થયેલી બધી જ માગણીઓ સભાગૃહે પસાર કરી હતી, જયારે બાકીની **૫૩** માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

**(ઘ) કાપદરખાસ્તો :**

અંદાજપત્રની માગણીઓ પર કાપદરખાસ્તોની કુલ **૫૮૧** સૂચનાઓ મળી હતી, તેમાંથી **૫૭૪** કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. **૭** કાપદરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી **૫૭૪** કાપદરખાસ્તો પૈકી એક સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતાં કુલ **૪૨૦** કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. તે પૈકી **૩૫૫** કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી. **૪૬** કાપ દરખાસ્તો સભ્યશ્રીઓ દવારા પાછી ખેંચી લેવામાં આવી હતી.

**(ચ) ગુજરાત વિનિયોગ વિધેયક પર ચર્ચા :**

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૧ મંગળવાર, તા.૨૯–૩–૨૦૧૧ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાત વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૮(૫) ની જોગવાઈ હેઠળ સભ્યશ્રીઓ ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ આપે છે. ચર્ચામાં વધુ સભ્યશ્રીઓ ભાગ લઈ શકે તે હેતુસર દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું. તદ્અનુસાર કુલ **૨૬** સભ્યશ્રીઓએ

તેમના મુદ્દા આપ્યા હતા, જે પૈકી એક મુદ્દો નામંજૂર કરવામાં આવ્યો હતો. બાકી રહેલ **૨૫** મુદ્દાઓ પરની ચર્ચા બાદ સભાગૃહે વિનિયોગ વિધેયક પસાર કર્યુ હતું.

**(૨) ખર્ચનું પૂરક પત્રક :**

**(ક) રજૂઆત :**

સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષ માટેનું કુલ રૂા.૭૧,૫૨,૭૦,૦૨,૦૦૦/– ના ખર્ચનું પૂરક પત્રક શુક્રવાર તાઃ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં મતપાત્ર રકમ રૂા. ૭૦,૩૫,૬૬,૧૪,૦૦૦ અને બિનમતપાત્ર રકમ રૂા. ૧,૧૭,૦૩,૮૮,૦૦૦ હતી.

**(ખ) પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકમાં કુલ **૮૪** માગણીઓનો સમાવેશ થયો હતો. તેમાંથી ૧૦ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. **(પત્રક ક્રમાંક :–૧૪)** પસંદ થયેલી આ માગણીઓ પર સોમવાર તાઃ ૭–૩–૨૦૧૧ તથા મંગળવાર તા. ૮–૩–૨૦૧૧ (પહેલી બેઠક) એમ કુલ–૨ દિવસ ચર્ચા કરવામાં આવી હતી અને તે વિના વિરોધે પસાર કરવામાં આવી હતી, જયારે બાકી રહેલી **૭૪** માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

**(ગ) કાપદરખાસ્તો :**

પૂરક માગણીઓ પર કુલ **૪૬** કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી. બધી જ દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી **૪૬** કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપદરખાસ્તોની સૂચનામાં સભ્યશ્રીઓનાં નામ જોડાતાં કુલ **૪૧** કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો, જે પૈકી **૨૫** કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

**(ઘ) ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક પર ચર્ચા :**

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૧ બુધવાર, તાઃ ૯–૩–૨૦૧૧ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. આ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૫)ની જોગવાઈ મુજબ સભ્યો ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ આપે છે અને ચર્ચામાં વધુ સભ્યો ભાગ લઈ શકે તે હેતુસર દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું તદનુસાર કુલ **૬** સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા, જે બધા જ મંજૂર રાખવામાં આવ્યા હતા. ચર્ચા બાદ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહે પસાર કર્યુ હતું.

**(૩) વધારાના ખર્ચના પત્રકોઃ–**

(ક) **રજૂઆત :**

સન ૧૯૯૩–૧૯૯૪, ૧૯૯૪–૧૯૯૫ અને ૧૯૯૫–૧૯૯૬ના વર્ષ માટેના વધારાના ખર્ચનાં પત્રકો શુક્રવાર તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં, જેમાં નીચે જણાવેલ રકમનો સમાવેશ આવ્યો હતો.

| ક્રમ | વર્ષ | મતપાત્ર રકમ | બિન મતપાત્ર રકમ | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૯૩–૧૯૯૪ | ૪,૮૮,૫૯,૧૫,૩૯૯ | ૮૬,૨૦,૩૭,૫૧૮ | ૫,૭૪,૭૯,૫૨,૯૧૭ |
| ૨ | ૧૯૯૪–૧૯૯૫ | ૩,૭૧,૬૪,૫૯,૮૩૬ | ૧,૧૦,૪૦,૭૪૮ | ૩,૭૨,૭૫,૦૦,૫૮૪ |
| ૩ | ૧૯૯૫–૧૯૯૬ | ૫,૬૩,૮૯,૧૩,૨૭૩ | ૨૬,૬૨,૮૩૪ | ૫,૬૪,૧૫,૭૬,૧૦૭ |

(ખ) **વધારાની માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

સન ૧૯૯૩–૧૯૯૪, ૧૯૯૪–૧૯૯૫ અને ૧૯૯૫–૧૯૯૬ના વર્ષના વધારાના ખર્ચના પત્રકોમાંની માગણીઓ મંગળવાર, તા.૮મી માર્ચ, ૨૦૧૧(બીજી બેઠક)ના રોજ પ્રથા પ્રમાણે કોઈ પણ પ્રકારની ચર્ચા વગર મત ઉપર મૂકી મંજૂર કરવામાં આવી હતી ત્યારબાદ મંગળવાર, તા ૨૯મી માર્ચ, ૨૦૧૧ના રોજ સન ૧૯૯૩–૧૯૯૪, ૧૯૯૪–૧૯૯૫ અને ૧૯૯૫–૧૯૯૬ના વર્ષના વધારાના ખર્ચની માગણીઓ માટે ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં અને તે પસાર કરવામાં આવ્યાં હતાં.

## ૧૨. વૈધાનિક પ્રસ્તાવો (નિયમ–૧૦૦)

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસે બંધારણના અનુચ્છેદ ૨૫૨(૨) અન્વયેનો વૈધાનિક પ્રસ્તાવ તા.૩૦–૩–૨૦૧૧ના રોજ સભાગૃહમાં રજૂ કર્યો હતો અને ચર્ચાને અંતે વૈધાનિક પ્રસ્તાવ સભાગૃહે પસાર કર્યો હતો. **(પત્રક ક્રમાંકઃ–૧૫)**

## ૧૩. ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧):–

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૧ હેઠળ જેની ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવની કુલ–**૧૭** સૂચનાઓ મળી હતી, જે પૈકી **૧૨** સૂચના દાખલ કરવામાં આવી હતી અને **૫** સૂચના નામંજૂર કરવામાં આવી હતી, તેમાંથી **૧** સૂચના ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૯૪(૪) મુજબ રદ થઈ હતી. દાખલ થયેલી બાકીની સૂચનાઓને કામકાજ સલાહકાર સમિતિએ સમય ફાળવ્યો ન હોવાથી સત્ર સમાપ્ત થતાં તે રદ થઈ હતી. **(પત્રક ક્રમાંકઃ–૧૬)**

## ૧૪. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨):–

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ–૧૦૨ સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામનું બેલટ તા.૨૩–૩–૨૦૧૧ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં પ્રથમ ક્રમે આવેલ સભ્યશ્રી અનિલકુમાર માળીએ **"તાલુકા સરકાર" ના અભિગમને ચરિતાર્થ કરવા અંગે** ના પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. સત્રના છેલ્લા દિવસે એટલે કે તા.૩૦–૩–૨૦૧૧ના રોજ સભ્યશ્રી સભાગૃહમાં ગેરહાજર રહેતાં આ પ્રસ્તાવ પર ચર્ચા હાથ ધરી શકાઈ ન હતી.

**૧૫. ધ્યાન દોરતી સૂચના (નિયમ–૧૧૬):–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા અંગેની કુલ– ૩૭ સૂચનાઓ મળી હતી. તેમાંથી ૧૨ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને ૨૫ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. દાખલ થયેલ ૧૨ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોડી એકત્રિત કરીને ૫ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી, જે પાંચેય સૂચનાઓ ઉપર સંબંધિત મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નિવેદન કર્યા હતાં. **(પત્રક ક્રમાંકઃ–૧૭)**

**૧૬. નિયમ–૪૪ હેઠળ જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનોઃ–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત પર જુદા જુદા વિષયને લગતાં બે નિવેદનો સંબંધિત મંત્રીશ્રીઓ ધ્વારા કરવામાં આવ્યાં હતાં. **(પત્રક ક્રમાંકઃ–૧૮)**

**૧૭. માનનીય મુખ્યમંત્રીશ્રીનો પ્રસ્તાવઃ–**

સત્રના છેલ્લા દિવસે એટલે કે તા.૩૦–૩–૧૧ના રોજ પ્રશ્નોતરી બાદ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ નીચે મુજબનો એક પ્રસ્તાવ ગૃહમાં રજૂ કર્યો હતો.

"મહાત્મા ગાંધી પરના જોસેફ લેલીવેલ્ડ લિખિત પુસ્તક "Great soul, Mahatma Gandhi and his struggle with India" માં મહાત્મા ગાંધીના જીવન વિશે કરેલ અત્યંત વિકૃત અને મનઘડંત આલેખનને વખોડી આ પુસ્તકના સમગ્ર ભારતમાં વેચાણ, વિતરણ અને પુનઃ પ્રકાશન પર પ્રતિબંધ મૂકવા કેન્દ્ર સરકારને અનુરોધ કરવામાં આવે" આ પ્રસ્તાવ સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો.

**૧૮. બિન–સરકારી વિધેયકો :–**

(૧) **દાખલ કરવામાં આવેલ બિન–સરકારી વિધેયકો** :–

સત્ર દરમિયાન કુલ ૮ બિન–સરકારી વિધેયક દાખલ કરવામાં આવ્યા હતા .

**(પત્રક ક્રમાંક :–૧૯)**

**દાખલ કરવામાં આવેલા બિન–સરકારી વિધેયકોનું વર્ગીકરણ**:–

(૧) ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતા વિધેયકો ......૦૧

(૨) નવા વિધેયકો ..... ૦૭

**બિન–સરકારી વિધેયકોનું વિષયવાર વર્ગીકરણ**:–

(૧) જાહેર સેવાને લગતાં વિધેયક .......૦૪

(૨) અન્ય વિધેયકો .......૦૪

(૨) **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો** :–

અગાઉના સત્ર દરમિયાન સમયના અભાવે હાથ ધરી શકાયાં ન હતાં તેવા કુલ ૧૧ બિન–સરકારી વિધેયકો તથા આઠમા સત્રમાં દાખલ કરવામાં આવેલા કુલ – ૮ બિન–સરકારી વિધેયકો મળીને કુલ– ૧૯ બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના હતાં, જે પૈકી તા.૩–૩–૨૦૧૧ , તા. ૧૭–૩–૨૦૧૧ અને તા. ૨૯–૩–૨૦૧૧ના રોજ બિન–સરકારી વિધેયકો સભાગૃહમાં ચર્ચા માટે હાથ ધરવા માટે દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યા હતા પરંતુ બિન–સરકારી વિધેયકોના પ્રભારી સભ્યશ્રીઓની સભાગૃહમાં અનુપસ્થિતિના કારણે ઉકત વિધેયકો ચર્ચા માટે હાથ ધરી શકાયાં ન હતાં. આમ સત્રાંતે કુલ– ૧૯ બિન સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના બાકી રહયાં હતાં. **(પત્રક ક્રમાંક :–૨૦)**

## ૧૯. સરકારી સંકલ્પો (નિયમ–૧૨૦):–

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૨૦ અન્વયે " રાજયના વાઈબ્રન્ટ સમીટમાં એમઓયુ કરનાર ઉદ્યોગોને આવકવેરા ખાતા ધ્વારા થતી કનડગત રોકવા અંગે" ઉદ્યોગ મંત્રી (રાજય કક્ષા) શ્રી સૌરભ પટેલ તરફથી સરકારી સંકલ્પની એક સૂચના મળી હતી, જે દાખલ કરવામાં આવી હતી. જેને કામકાજ સલાહકાર સમિતિએ ચર્ચા માટે સમય ફાળવ્યો ન હતો.

## ૨૦. બિન સરકારી સંકલ્પો (નિયમ –૧૧૭):–

બિન સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા.૧૦–૩–૨૦૧૧**(બીજી બેઠક)** અને તા.૨૪–૩–૨૦૧૧ એમ બે દિવસો ફાળવવામાં આવ્યા હતા.

તા.૧૦–૩–૨૦૧૧ **(બીજી બેઠક)**ના પ્રથમ વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ–૯૭ સૂચનાઓ મળી હતી. તેમાંથી બેલટમાં અગ્રતા મેળવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી, જે ત્રણેય દાખલ કરવામાં આવી હતી. પૂર્વ અધ્યક્ષશ્રી કુંદનલાલ ધોળકીયાના અવસાન અંગેનો શોકદર્શક ઠરાવ પસાર કર્યા બાદ સભાગૃહની બેઠક મુલતવી રહેતાં, આ સંકલ્પો ચર્ચા માટે હાથ ધરી શકાયા ન હતા.

તા.૨૪–૩–૨૦૧૧ના રોજના બીજા વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ–૧૦૯ સૂચનાઓ મળી હતી, તેમાંથી બેલટમાં અગ્રતા મેળવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના

આપી હતી, જે ત્રણેય દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલ સંકલ્પો પૈકી પ્રથમ અને બીજા સંકલ્પ ઉપર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. ચર્ચાને અંતે પ્રથમ સંકલ્પ સભ્યશ્રીએ પાછો ખેંચી લીધો હતો અને બીજો સંકલ્પ મત ઉપર મૂકાતાં તેનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો. **(પત્રક ક્રમાંકઃ–૨૧)**

**૨૧. વિશેષાધિકાર ભંગના પ્રશ્નો**

સત્ર દરમિયાન વિશેષાધિકારભંગનો પ્રશ્ન ઉપસ્થિત કરવાની પરવાનગી માંગતી કુલ નવ સૂચનાઓ મળી હતી, જેમાંથી એક સૂચના નામંજૂર કરવામાં આવી હતી જયારે આઠ સૂચનાઓ સત્રાંતે માન. અધ્યક્ષશ્રીની વિચારણા હેઠળ રહી છે.

**૨૨. સભાગૃહના અવમાનના કિસ્સાઃ–**

(૧) તા. ૧૮/૩/૨૦૧૧ના રોજ સભ્યશ્રી કનુભાઈ કલસરિયાએ પોતાની જગ્યા છોડી સભાગૃહની વેલમાં ધસી આવીને ગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ પાડતા, માન. અધ્યક્ષશ્રીએ તેમને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૫૧ નીચે સભાગૃહ છોડી જવાનો આદેશ કર્યો હતો અને તે આદેશ અન્વયે તેમને ઉકત દિવસ માટે સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા હતા.

(૨) તા. ૨૪/૩/૨૦૧૧ના રોજ ગૃહની બેઠકમાં માગણીઓ પરની ચર્ચા દરમિયાન લગભગ ૧૨–૦૦ વાગે પ્રેક્ષક દીર્ધામાંથી પ્રેક્ષક શ્રી બળવંતભાઈ ચંદુલાલ રાઠોડ ધ્વારા સભ્યશ્રીઓની બેઠક તરફ પત્રિકાઓ ફેંકવામાં આવી હતી. પત્રિકા ફેંકનાર પ્રેક્ષકને તરત જ ફરજ પરના સલામતી સ્ટાફ ધ્વારા પકડી લેવામાં આવેલ અને સભાગૃહે પસાર કરેલ પ્રસ્તાવ અન્વયે તેને તે દિવસની સભાગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી સાર્જન્ટ એટ આર્મ્સની કસ્ટડીમાં રાખવામાં આવ્યો હતો.

**૨૩. પોઈન્ટ ઓફ ઓર્ડર :–**

સત્ર દરમ્યાન કુલ ૨૬ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યા હતા. તેમાંથી ૧૬ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતા, ૫ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા અને ૫ પોઈન્ટ ઓફ ઓર્ડર અનિર્ણિત રાખવામાં આવેલ હતા. એટલે કે ૬૧.૫૪ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય, ૧૯.૨૩ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા અને ૧૯.૨૩ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર અનિર્ણિત રાખવામાં આવ્યા હતા.

**૨૪. યાદગાર બનાવો :–**

**માનનીય અધ્યક્ષશ્રીની સર્વાનુમતે વરણી** :–

એક જ વિધાનસભામાં બે વાર અધ્યક્ષશ્રીની ચૂંટણી થવાના બનાવનું પુનરાવર્તન :–

બારમી ગુજરાત વિધાનસભાનુ આઠમું સત્ર તા.૨૪ મી ફેબ્રુઆરી, ૨૦૧૧ ના રોજ કાર્યકારી અધ્યક્ષશ્રી પ્રો.મંગળદાસ પટેલ ના અધ્યક્ષ સ્થાને મળ્યુ હતું.

જેમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે " આ સભાગૃહના સભ્ય શ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવાને આ સભાગૃહના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે "

માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શકિતસિંહ હ. ગોહિલે પ્રસ્તાવને અનુમોદન આપ્યું હતું અને પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતાં તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો.

આમ શ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવાની અધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી થઈ હતી.

આમ સાતમી, આઠમી અને નવમી ગુજરાત વિધાનસભામાં ઘટેલ ઘટના પુનરાવર્તન પામીને બારમી ગુજરાત વિધાનસભામાં પણ બે વાર અધ્યક્ષની ચૂંટણી થવાનો પ્રસંગ બન્યો હતો. બારમી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી અશોકભાઈ ભટ્ટનું તા.૨૯/૯/૨૦૧૦ ના રોજ અવસાન થતાં તા. ૨૪ મી ફેબ્રુઆરી, ૨૦૧૧ ના રોજ નવા અધ્યક્ષશ્રી તરીકે શ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવાને સર્વાનુમતે અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં સૌથી યુવાન વયે અધ્યક્ષ પદ મેળવવાનું ગૌરવ તેઓએ પ્રાપ્ત કર્યુ છે.

**<u>જાપાનમાં આવેલ વિનાશક ભૂકંપ તથા સુનામીના કારણે થયેલ ભારે જાનહાનિ અને તબાહી સંબંધમાં માનનીય અધ્યક્ષશ્રી દવારા શોકદર્શક ઉલ્લેખ.</u>**

તા.૧૫ મી માર્ચ, ૨૦૧૧ ના રોજ મળેલ ગુજરાત વિધાનસભાની બેઠકમાં માનનીય અધ્યક્ષશ્રીએ તાજેતરમાં જાપાનમાં આવેલ વિનાશક ભૂકંપ તથા સુનામીના કારણે થયેલ ભારે જાનહાનિ અને તબાહી સંબંધમાં શોકદર્શક ઉલ્લેખ કરી, જાપાનની ભયાવહ હોનારતમાં ભોગ બનેલાં નાગરિકો પ્રત્યે સદભાવના વ્યકત કરીને જાપાનના મૃત્યુ પામેલા દિવંગત નાગરિકોના આત્માને શાશ્વત શાંતિ મળે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી હતી અને ગૃહના સૌ સભ્યોને પોતાના સ્થાન પર ઉભા રહીને બે મિનીટ મૌન પાળવા વિનંતી કરી હતી.

ત્યારબાદ ગૃહના સભ્યશ્રીઓએ ઉભા થઈને સદગતોના માનમાં બે મિનિટ મૌન પાળ્યું હતું.

ત્યાર બાદ માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની આ લાગણી જાપાનના ભારત ખાતેના વાણિજય દૂતને મોકલી આપવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

**<u>સભાગૃહની બેઠક દરમિયાન પ્રેક્ષક દીર્ઘામાંથી પત્રિકાઓ નાંખી સૂત્રોચ્ચાર કરવાનો બનાવ.</u>**

તા.૨૪મી માર્ચ, ૨૦૧૧ નારોજ મળેલા સભાગૃહમાં સભ્યશ્રી રમણભાઈ પાટકર પ્રવચન કરી રહયા હતા તે દરમિયાન પ્રેક્ષક દીર્ઘામાંથી એક વ્યકિત દવારા સભાગૃહમાં પત્રિકાઓ નાંખી સૂત્રોચ્ચાર કરવામાં આવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આદેશ આપતાં સલામતી દળના સભ્યો દવારા આ વ્યકિતને સભાગૃહમાંથી દૂર કરવામાં આવી હતી.

ત્યાર બાદ માનનીય મુખ્ય દંડકશ્રી પંકજકુમાર દેસાઈએ સભ્યશ્રીના પ્રવચન દરમિયાન જે વ્યકિતએ સભાગૃહની નજર સમક્ષ પ્રેક્ષક દીર્ધામાંથી સભાગૃહમાં  પત્રિકાઓ નાંખી સૂત્રોચ્ચાર કરી ગૃહનું અવમાન કરેલ છે તે વ્યકિતને  સભાગૃહની બેઠકની કાર્યવાહી પૂરી થાય ત્યાં સુધી અટકાયતમાં રાખવાનો પ્રસ્તાવ રજૂ કરતાં કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ઈકબાલભાઈ પટેલે ઉકત પ્રસ્તાવનું સમર્થન કર્યું હતું.  ત્યાર બાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

આમ ગૃહમાં પત્રિકાઓ ફેંકી સુત્રોચ્ચાર કરનાર વ્યકિતને એક દિવસ અટકાયતમાં રાખવાની સજા કરવામાં આવી હતી.

આ અગાઉ તા.૫મી સપ્ટેમ્બર,૧૯૯૧ ના રોજ મંત્રીમંડળમાં  અવિશ્વાસ વ્યકત કરતાં પ્રસ્તાવ પરની ચર્ચા ચાલી રહી હતી ત્યારે મહિલા પ્રેક્ષક દીર્ધામાંથી કેટલીક મહિલાઓએ " સિસ્વાને ન્યાય આપો " એવા સૂત્રો પોકારીને સભાગૃહમાં બંગડીઓ ફેંકી હતી.  ત્યારે પણ તે મહિલાઓને એક દિવસની  સજા કરવા સભાગૃહે નિર્ણય કર્યો હતો. તા.૨૯/૮/૨૦૦૧ ના રોજ પણ પ્રેક્ષક દીર્ધામાં બેઠેલી કેટલીક વ્યકિતઓ દવારા સૂત્રોચ્ચાર કરી સભાગૃહમાં પત્રિકાઓ ફેંકી પ્રદર્શન કરવામાં આવતા તેમને પણ એક દિવસની સજા કરવામાં આવી હતી.

**માનનીય અધ્યક્ષશ્રીના ભારતીય ટીમને અભિનંદન**

તા.૨૫ મી માર્ચ, ૨૦૧૧ ના રોજ મળેલા ગૃહમાં માનનીય અધ્યક્ષશ્રીએ સૌ સભ્યશ્રીઓ વતી ઓસ્ટ્રેલિયા સામે સેમી ફાઈનલમાં  ભારતીય ટીમે મેળવેલ વિજય બદલ અભિનંદન પાઠવ્યા હતાં તેમજ  વિશ્વકપની ફાઈનલમાં મેચમાં પણ ભારતીય ટીમ વિજયી બને તે માટે શુભકામનાઓ  પાઠવી હતી.

**૨૫. નાણાકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાતઃ–**

માનનીય અધ્યક્ષશ્રીએ **તા.૧૫–૦૩–૨૦૧૧**ના રોજ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર સભ્યોની ચૂંટણી કરવા માટે ચૂંટણી કાર્યક્રમની સભાગૃહમાં જાહેરાત કરી હતી.

**૨૬. સમિતિની બેઠકોઃ–**

| અ.નં | સમિતિનું નામ | બેઠકોની તારીખ |
| --- | --- | --- |

| | | |
|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | ૨૨/૨/૨૦૧૧ અને ૨૩/૩/૨૦૧૧ |
| ૨ | બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | ૨૮/૨/૨૦૧૧ ,૮/૩/૨૦૧૧, ૧૫/૩/૨૦૧૧, ૨૨/૩/૨૦૧૧ અને ૨૫/૩/૨૦૧૧ |
| ૩ | સભ્યોના ભથ્થા અંગેના નિયમો માટેની સમિતિ | ૨૮/૩/૨૦૧૧ |
| ૪ | સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિ | ૭/૩/૨૦૧૧ |
| ૫ | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | ૮/૩/૨૦૧૧ |
| ૬ | જાહેર હિસાબ સમિતિ | ૨૫/ ૩/ ૨૦૧૧ |
| ૭ | જાહેર સાહસો માટેની સમિતિ | ૧૪/૩/૨૦૧૧ અને ૨૫/૩/૨૦૧૧ |
| ૮ | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ૧૬/૩/૨૦૧૧ |
| ૯ | અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ૨૪/ ૩/ ૨૦૧૧ |
| ૧૦ | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ | ૩/૩/૨૦૧૧ |
| ૧૧ | પંચાયતી રાજ સમિતિ | ૨૨/૩/૨૦૧૧ |

**૨૭. સમિતિઓના અહેવાલો:–**

## ૨૮. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચનાઓ સિવાય):–

| અ.નં. | વિગત | મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|

| અ.નં. | સમિતિનું નામ | અહેવાલ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | ચૌદમો | ૨૪–૨–૨૦૧૧ | ૨૪–૨–૨૦૧૧ |
| | | પંદરમો | ૨૪–૩–૨૦૧૧ | ૨૪–૩–૨૦૧૧ |
| ૨ | બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | તેરમો | ૧–૩–૨૦૧૧ | ૧–૩–૨૦૧૧ |
| | | ચૌદમો | ૯–૩–૨૦૧૧ | ૯–૩–૨૦૧૧ |
| | | પંદરમો | ૧૬–૩–૨૦૧૧ | ૧૬–૩–૨૦૧૧ |
| | | સોળમો | ૨૩–૩–૨૦૧૧ | ૨૩–૩–૨૦૧૧ |
| | | સત્તરમો | ૨૮–૩–૨૦૧૧ | ૨૮–૩–૨૦૧૧ |
| ૩ | સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિ | ત્રીજો | ૧૪/૩/૨૦૧૧ | – |
| ૪ | જાહેર હિસાબ સમિતિ | ચોથો | ૨૮/ ૩/૨૦૧૧ | – |
| ૫ | જાહેર સાહસો માટેની સમિતિ | બારમો | ૧૮–૩–૨૦૧૧ | – |
| | | તેરમો | ૧૮–૩–૨૦૧૧ | – |
| | | ચૌદમો | ૨૯–૩–૨૦૧૧ | – |
| ૬ | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | છઠ્ઠો | ૧૪/૩/૨૦૧૧ | ૧૪/૩/૨૦૧૧ |
| ૭ | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ | ચોથો | ૧૭–૩–૨૦૧૧ | – |
| ૮ | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | આઠમો | ૨૩–૩–૨૦૧૧ | – |
| ૯ | અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ત્રીજો | ૨૯–૩–૨૦૧૧ | – |
| | | ચોથો | ૨૯–૩–૨૦૧૧ | – |
| ૧૦ | પંચાયતી રાજ સમિતિ | ત્રીજો | ૨૮–૩–૨૦૧૧ | – |

| | | |
|---|---|---|
| (૧) | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૯–૨૦૧૦નો ઓડિટ અહેવાલ (વાણિજિયક) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૧ |
| (૨) | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૯–૨૦૧૦નો રાજયની નાણાંકીય પરિસ્થિતિ પરનો અહેવાલ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૧ |
| (૩) | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૯–૨૦૧૦નો ઓડિટ અહેવાલ (મુલ્કી) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૧ |
| (૪) | ગુજરાત સરકારના સન ૨૦૦૯–૨૦૧૦ના નાણાંકીય હિસાબો ભાગ–૧ અને ભાગ–૨ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૧ |
| (૫) | ગુજરાત સરકારના સન ૨૦૦૯–૨૦૧૦ના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૧ |

**૨૯. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો :–**

ભારતના બંધારણ અને પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અન્વયે સરકારી કંપની, બોર્ડ / કોર્પોરેશનના કુલ–૮૧ અહેવાલો અને ૬૨ સરકારી અધિસૂચનાઓ સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં. **(પત્રક ક્રમાંક :–૨૨)**

**૩૦. વિધાનસભામાં પક્ષવાર પરિસ્થિતિ:–**

બારમી ગુજરાત વિધાનસભાના સભ્યોની તા. ૩૦/૦૩/૨૦૧૧ની સ્થિતિએ પક્ષવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

| **અ.નં.** | **પક્ષનુ નામ** | **સભ્ય સંખ્યા** |
|---|---|---|
| ૧. | ભારતીય જનતા પક્ષ | ૧૨૨ |
| ૨. | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫૪ |
| ૩. | રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી | ૦૩ |
| ૪. | જનતાદળ (યુનાઈટેડ) | ૦૧ |
| ૫. | અપક્ષ | ૦૨ |
| | કુલ | ૧૮૨ |

**૩૧. ખરેખર થયેલ કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી :–**

સત્ર દરમિયાન ખરેખર કામકાજ થયા પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી. **(પત્રક ક્રમાંક:–૨૩)**માં આપવામાં આવી છે.

**૩૨. રોજેરોજના કામકાજનો સારાંશ:–**

સત્ર દરમિયાન વિધાનસભાએ કરેલા રોજેરોજના કામકાજનો સારાંશ **(પત્રક ક્રમાંક:–૨૪)** માં દર્શાવેલ છે.

## ૩૩. વિધાનસભાની ચર્ચામાં જુદા જુદા સભ્યોનો ફાળોઃ–

સત્ર દરમિયાન સભ્યશ્રીઓએ જુદા જુદા કામકાજની ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તે અંગેની વિગતો **(પત્રક ક્રમાંકઃ–૨૫)** માં દર્શાવવામાં આવી છે.

## ૩૪. શોક દર્શક ઉલ્લેખ :–

સત્ર દરમિયાન કુલ ૭ (સાત) મહાનુભાવોના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. **(પત્રક ક્રમાંક :–૨૬)**

## ૩૫. સભાત્યાગઃ–

**(૧) તા.૪–૩–૨૦૧૧**

તા.૪–૩–૨૦૧૧ના રોજ રાજયપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમ્યાન મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ સુપ્રિમ કોર્ટના કેટલાંક જજમેન્ટો ટાંકી કેટલાક ઉલ્લેખો કરતાં માન.વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે ગૃહમાં હાજર ન હોય તેનો ઉલ્લેખ થઈ શકે નહીં તેમજ કોર્ટના જજમેન્ટ વાંચવાના ન હોય તેવું જણાવી શબ્દો ગૃહના રેકોર્ડમાંથી દૂર કરવા માગણી કરતાં, માન.અધ્યક્ષશ્રીએ ભારતના કોઈપણ ભાગમાં ક્ષેત્રાધિકાર ધરાવતા ન્યાયાધીશ કે ન્યાયાલય ઉપર આક્ષેપો કરી શકાય નહી, તેમજ આવા ઉચ્ચારણો ટાળવા મંત્રીશ્રીને જણાવ્યું.

આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૨) તા.૭–૩–૨૦૧૧**

તા.૭–૩–૨૦૧૧ના રોજ પૂરક માગણીઓ પરની ચર્ચા દરમ્યાન, રાજયકક્ષાના નાણામંત્રીશ્રી સૌરભ પટેલના પ્રવચન બાદ વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલની પ્રશ્ન પૂછવા દેવા માટેની રજૂઆત બાબતે માનનીય અધ્યક્ષશ્રીએ ચર્ચાના અંતે નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાના જવાબ પછી આપ પ્રશ્ન પૂછી શકશો તેવું જણાવ્યું.

આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૩) તા.૯–૩–૨૦૧૧**

તા.૯–૩–૨૦૧૧ના રોજ પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૫ પરના સભ્યશ્રી અમરસિંહ વસાવાના, "આદિવાસીઓને જંગલની જમીનો" આપવા બાબતના તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૯૩૩૫ ના વન મંત્રીશ્રી મંગુભાઈ પટેલના જવાબથી વિરોધપક્ષના નેતાશ્રીને અસંતોષ થતાં, માનનીય અધ્યક્ષશ્રીએ મંત્રીશ્રીનો જવાબ પહેલાં સાંભળી લેવા જણાવ્યું.

આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૪) તા.૧૦–૩–૨૦૧૧**

તા.૧૦–૩–૨૦૧૧ (બીજી બેઠક)ના રોજ પ્રશ્નોત્તરી દરમ્યાન, "આત્મવિલોપન" બાબતના ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક–૯૩ પરના મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના જવાબથી માન.વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલને અસંતોષ થતાં, આત્મવિલોપન કરનાર સ્વ. જબ્બરદાન ગઢવીના પરિવારજનોને વળતર આપવા અંગેની જાહેરાત સરકાર તરફથી થાય તેવી રજૂઆતનો અસ્વીકાર થતાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૫) તા.૧૮–૩–૨૦૧૧**

તા.૧૮–૩–૨૦૧૧ના રોજ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ નિરમાના અસરગ્રસ્ત ખેડૂતો બાબતે મહિલાઓ તથા બાળકો ઉપર લાઠી ચાર્જનો ઉલ્લેખ કરી ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો, માન.અધ્યક્ષશ્રીએ અસ્વિકાર કરતા, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૬) તા.૧૮–૩–૨૦૧૧**

તા.૧૮–૩–૨૦૧૧ના રોજ સમગ્ર વિરોધપક્ષના સભ્યશ્રીઓ દવારા સભાગૃહની કાર્યવાહીમાં વારંવાર વિક્ષેપ પાડવા તેમજ કામગીરી થંભાવી દેવા બાબતે, તેમને ઠપકો આપવા માન.સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દામાં માન.વિરોધપક્ષના નેતાશ્રીએ સભ્ય ડો. કનુભાઈ કળસરિયાના નામનો ઉલ્લેખ થયેલ હોઈ તેઓ કંઈ કહેવા માંગતા હોય તો તેમને બોલવા દેવા જોઈએ તેવા મતલબનું મંતવ્ય વ્યકત કર્યુ. માન.વિરોધપક્ષના નેતાશ્રીએ વ્યકત કરેલ મંતવ્ય સામે વિરોધ થતાં, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૭) તા.૨૨–૩–૨૦૧૧**

તા.૨૨–૩–૨૦૧૧ની પહેલી બેઠકમાં માગણીઓ પરની ચર્ચાના જવાબમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ ડો.બાબાસાહેબ આંબેડકરના પુસ્તકનો ઉલ્લેખ કરી, કોંગ્રેસ પક્ષ બાબતે કેટલાંક ઉલલેખો કરતાં, સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓ તેમની જગ્યાએથી ઉભા થઈ અધ્યક્ષશ્રીની સામે સતત સ્ત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૮) તા.૨૨–૩–૨૦૧૧**

તા.૨૨–૩–૨૦૧૧ના રોજ બીજી બેઠક દરમ્યાન માગણીઓ પરની ચર્ચાના અંતે માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રીના જવાબ બાદ એક સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયા બાદ અન્ય સભ્યશ્રીઓએ ઉભા થઈ વધુ પૂરક પ્રશ્નો પૂછવા

દેવાની રજૂઆત કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ તેમની રજૂઆત ગ્રાહય ન રાખતાં, સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

**(૯) તા.૨૪–૩–૨૦૧૧**

તા.૨૪–૩–૨૦૧૧ના રોજ વન અને પર્યાવરણ મંત્રીશ્રી માગણીઓ પરની ચર્ચાનો જવાબ આપવા ઉભા થયા તે સમયે સભ્યશ્રી અમરસિંહ વસાવાએ 'ડિસેંગ યુનિટ' બંધ કરવા પ્રશ્ન પૂછયો. માનનીય અધ્યક્ષશ્રીએ મંત્રીશ્રીનો જવાબ પૂરો થયા બાદ તેમને પ્રશ્ન પૂછવાની તક આપવામાં આવશે તેવું જણાવ્યું,

આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૧૦) તા.૨૮–૩–૧૧**

તા.૨૮–૩–૧૧ના રોજ નિયમ–૪૪ અન્વયે જાહેર અગત્યની બાબત પર શહેરી વિકાસ મંત્રીશ્રી નિવેદન વાંચવા ઉભા થયા તે સમયે સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે 'ઝીરો અવર્સ'નો મુદ્દો ઉપસ્થિત કરવા પ્રયત્ન કરતાં માન.અધ્યક્ષશ્રીએ મંત્રીશ્રીની સંમતિ ન હોવાથી મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી આપી નહીં અને શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે નિવેદન વાંચવાનું શરૂ કર્યું.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૧૧) તા.૨૯–૩–૧૧**

તા.૨૯–૩–૧૧ના રોજ ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકની ચર્ચાના જવાબમાં શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે કરેલ કેટલાંક ઉચ્ચારણો બાબતે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ, નારાજગી વ્યકત કરી તેમના સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

**૩૬. વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલ પ્રેક્ષકો :–**

| | વિગત | પ્રેક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અધ્યક્ષ ગેલેરી | ૧૦૮૭૭ |
| ૨ | અતિથિ વિશેષ ગેલેરી | ૨૨૫૬ |
| ૩ | પ્રેક્ષક ગેલેરી | ૩૧૫૮૫ |
| | **કુલ–** | **૪૪૭૧૮** |

**પત્રક ક્રમાંકઃ–૧**

**(જુઓ ફકરા ક્રમાંકઃ–૧)**

સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી

| **ક્રમ** | **કામકાજનો વિષય** | **કલાક** | **મિનિટ** | **ટકાવારી** |
|---|---|---|---|---|
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** |
| ૧. | પ્રશ્નોત્તરી | ૨૧ | ૮ | ૧૮.૭૪ |
| ૨. | વિધેયકો | | | |
| | (અ) સરકારી વિધેયકો | ૨૧ | ૫૭ | ૧૯.૪૭ |
| | (બ) બિન સરકારી વિધેયકો | ૦ | ૧૨ | ૦.૧૮ |
| ૩. | અંદાજપત્ર પર ચર્ચા | ૪૯ | ૧૦ | ૪૩.૫૯ |
| ૪. | પ્રસ્તાવો | | | |
| | (અ) સભા–મોકૂફીના પ્રસ્તાવો | – | – | – |
| | (બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો | – | – | – |
| | (ક) બીજા પ્રસ્તાવો– **સરકારી,** બિન સરકારી તેમજ બીજા પ્રસ્તાવો સહિત | ૦ | ૨૩ | ૦.૩૪ |
| ૫. | રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા | ૭ | ૧૦ | ૬.૩૫ |
| ૬. | બિન સરકારી સંકલ્પો | ૧ | ૪૮ | ૧.૬૦ |
| ૭. | વૈદ્યાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | – | – | – |
| ૮. | વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા | ૦ | ૨૪ | ૦.૩૫ |
| ૯. | અન્ય બાબતો | ૧૦ | ૩૫ | ૯.૩૮ |
| | | | | |
| કુલ ...... | | ૧૧૨ | ૪૭ | ૧૦૦ |

**પત્રક ક્રમાંકઃ–૨**

**(જુઓ ફકરા ક્રમાંકઃ–૨)**

સભાગૃહની બેઠકોની તારીખ અને સમય

| કામકાજના દિવસો : ૨૪ | | | સભાગૃહની બેઠકો : ૩૦ | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમાંક | વાર | તારીખ | બેઠકનો સમયગાળો | | રિશેષ/ મુલતવી | બેઠકનો ખરેખર સમય |
| | | | બેઠક શરૂ થવાનો સમય | બેઠક પૂરી થવાનો સમય | | |
| ૧ | ગુરૂવાર | ૨૪–૨–૧૧ (પહેલી બેઠક) | ૧૨.૩૦ | ૧.૦૪ | – | ૦.૩૪ |
| ૨. | | ૨૪–૨–૧૧ (બીજી બેઠક) | ૧.૩૪ | ૩.૩૪ | – | ૨.૦૦ |
| ૩. | શુક્રવાર | ૨૫–૨–૧૧ | ૮.૩૦ | ૧૦.૩૬ | – | ૨.૦૬ |
| ૪. | સોમવાર | ૨૮–૨–૧૧ | ૧૨.૦૦ | ૬.૫૪ | ૦.૪૪ | ૬.૧૦ |
| ૫. | મંગળવાર | ૧–૩–૧૧ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧૨.૪૧ | ૦.૩૦ | ૩.૪૧ |
| ૬. | " | ૧–૩–૧૧ (બીજી બેઠક) | ૨.૩૦ | ૬.૫૭ | ૦.૩૦ | ૩.૫૭ |
| ૭. | ગુરૂવાર | ૩–૩–૧૧ | ૧૨.૦૦ | ૩.૧૮ | ૦.૪૫ | ૨.૩૩ |
| ૮. | શુક્રવાર | ૪–૩–૧૧ | ૮.૩૦ | ૧.૧૩ | ૦.૩૦ | ૪.૧૩ |
| ૯. | સોમવાર | ૭–૩–૧૧ | ૧૨.૦૦ | ૫.૦૧ | ૦.૪૫ | ૪.૧૬ |
| ૧૦. | મંગળવાર | ૮–૩–૧૧ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧૧.૨૮ | ૦.૩૦ | ૨.૨૮ |
| ૧૧. | " | ૮–૩–૧૧ (બીજી બેઠક) | ૨.૩૦ | ૫.૩૬ | **૧.૩૫ મુ.** | ૧.૩૧ |
| ૧૨. | બુધવાર | ૯–૩–૧૧ | ૧૨.૦૦ | ૫.૧૫ | ૦.૪૫ | ૪.૩૦ |
| ૧૩ | ગુરૂવાર | ૧૦–૩–૧૧ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧.૪૦ | ૦.૩૦ | ૪.૪૦ |
| ૧૪ | " | ૧૦–૩–૧૧ (બીજી બેઠક) | ૨.૩૦ | ૪.૧૬ | – | ૧.૪૬ |
| ૧૫ | શુક્રવાર | ૧૧–૩–૧૧ | ૮.૩૦ | ૧.૦૧ | ૦.૩૦ | ૪.૦૧ |
| ૧૬ | સોમવાર | ૧૪–૩–૧૧ | ૧૨.૦૦ | ૫.૧૨ | ૦.૪૫ | ૪.૨૭ |
| ૧૭ | મંગળવાર | ૧૫–૩–૧૧ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧.૦૦ | ૦.૩૦ | ૪.૦૦ |
| ૧૮ | " | ૧૫–૩–૧૧ (બીજી બેઠક) | ૨.૩૦ | ૬.૫૮ | ૦.૩૦ | ૩.૫૮ |
| ૧૯ | બુધવાર | ૧૬–૩–૧૧ | ૧૨.૦૦ | ૫.૦૦ | ૦.૪૫ | ૪.૧૫ |
| ૨૦ | ગુરૂવાર | ૧૭–૩–૧૧ | ૧૨.૦૦ | ૩.૧૬ | ૦.૪૫ | ૨.૩૧ |
| ૨૧ | શુક્રવાર | ૧૮–૩–૧૧ | ૮.૩૦ | ૧.૧૩ | ૦.૩૦ | ૪.૧૩ |
| ૨૨ | સોમવાર | ૨૧–૩–૧૧ | ૧૨.૦૦ | ૫.૧૧ | ૦.૪૫ | ૪.૨૬ |
| ૨૩ | મંગળવાર | ૨૨–૩–૧૧ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧.૦૨ | ૦.૩૦ | ૪.૦૨ |
| ૨૪ | " | ૨૨–૩–૧૧ (બીજી બેઠક) | ૨.૩૦ | ૬.૫૭ | ૦.૩૦ | ૩.૫૭ |
| ૨૫ | બુધવાર | ૨૩–૩–૧૧ | ૧૨.૦૦ | ૫.૧૩ | ૦.૪૫/ **૦.૫૨ મુ.** | ૩.૩૬ |
| ૨૬ | ગુરૂવાર | ૨૪–૩–૧૧ | ૧૨.૦૦ | ૬.૦૮ | ૦.૪૫ | ૫.૨૩ |
| ૨૭ | શુક્રવાર | ૨૫–૩–૧૧ | ૮.૩૦ | ૧૧.૫૮ | ૦.૩૦ | ૨.૫૮ |
| ૨૮ | સોમવાર | ૨૮–૩–૧૧ | ૧૨.૦૦ | ૬.૩૧ | ૦.૪૫ | ૫.૪૬ |
| ૨૯ | મંગળવાર | ૨૯–૩–૧૧ | ૧૨.૦૦ | ૬.૧૨ | ૦.૪૫ | ૫.૨૭ |
| ૩૦ | બુધવાર | ૩૦–૩–૧૧ | ૮.૩૦ | ૨.૪૬ | ૦.૩૦ / **૦.૨૪ મુ.** | ૫.૨૨ |
| | | | **કુલ ......** | ....... | ...... | **૧૧૨.૪૭** |

પત્રક ક્રમાંક :–૩

(જુઓ ફકરા ક્રમાંક :–૩)

સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી

(માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી , મુખ્યદંડકશ્રી ,નાયબ મુખ્ય દંડક શ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રી સિવાય)

| અ.નુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી જયંતિલાલ પરસોત્તમ ભાનુશાલી | ૨૬ | ૪ | ૩૦ | |
| ૨ | શ્રી ધનજીભાઈ ગોવિંદભાઈ સેંઘાણી | ૨૭ | ૩ | ૩૦ | |
| ૩ | શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર (મંત્રીશ્રી) | – | – | – | |
| ૪ | શ્રી રમેશ વચ્છરાજ મહેશ્વરી | ૨૭ | ૩ | ૩૦ | |
| ૫ | ડૉ. નીમાબેન ભાવેશભાઈ આચાર્ય | ૨૭ | ૩ | ૩૦ | |
| ૬ | શ્રી બાબુભાઈ મેઘજી ગડા (શાહ) | ૨૯ | ૧ | ૩૦ | |
| ૭ | શ્રી શંભુપ્રસાદ બળદેવદાસજી ટુંડિયા | ૧૮ | ૧૨ | ૩૦ | |
| ૮ | શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી | ૨૯ | ૧ | ૩૦ | |
| ૯ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦ | શ્રી ભરતભાઈ વશરામભાઈ ખોરાણી | ૨૨ | ૮ | ૩૦ | |
| ૧૧ | શ્રી દેવજીભાઈ ગોવિંદભાઈ ફતેપરા | ૨૮ | ૨ | ૩૦ | |
| ૧૨ | શ્રી હરિલાલ મોહનલાલ પટેલ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૧૩ | શ્રી કાન્તિલાલ શીવલાલ અમૃતિયા | ૨૮ | ૨ | ૩૦ | |
| ૧૪ | શ્રી મોહનભાઈ કલ્યાણજીભાઈ કુંડારિયા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૫ | શ્રી મહંમદ જાવીદ અબ્દુલમુતલીબ પીરઝાદા | ૩૦ | – | ૩૦ | |
| ૧૬ | શ્રી ભરતભાઈ ખોડાભાઈ બોઘરા | ૨૮ | ૨ | ૩૦ | |
| ૧૭ | શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ | ૨૨ | ૮ | ૩૦ | |
| ૧૮ | શ્રી વજુભાઈ વાળા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૯ | શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ બાબરીયા | ૩૦ | – | ૩૦ | |
| ૨૦ | શ્રી ચંદુભાઈ બચુભાઈ વઘાસીયા | ૧૬ | ૧૪ | ૩૦ | |
| ૨૧ | શ્રીમતી જસુબેન સવજીભાઈ કોરાટ | ૩૦ | – | ૩૦ | |
| ૨૨ | શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા | ૧૬ | ૧૪ | ૩૦ | |
| ૨૩ | શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ માંકડિયા | ૨૫ | ૫ | ૩૦ | |
| ૨૪ | શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ | ૩૦ | – | ૩૦ | |
| ૨૫ | પ્રો. વસુબેન ત્રિવેદી (મંત્રીશ્રી) | – | – | – | |
| ૨૬ | શ્રી લાલજીભાઈ પ્રેમજીભાઈ સોલંકી | ૨૮ | ૨ | ૩૦ | |
| ૨૭ | શ્રી આર. સી. ફળદુ | ૨૬ | ૪ | ૩૦ | |
| ૨૮ | શ્રી બ્રિજરાજસિંહ હેમંતસિંહ જાડેજા | ૨૧ | ૯ | ૩૦ | |
| ૨૯ | શ્રી મુળુભાઈ હરદાસભાઈ આયરબેરા | ૨૬ | ૪ | ૩૦ | |
| ૩૦ | શ્રી મેઘજી ડાયા કણઝારીયા | ૨૯ | ૧ | ૩૦ | |
| ૩૧ | શ્રી પબુભા વિરમભા માણેક | ૪ | ૨૬ | ૩૦ | |
| ૩૨ | શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા | ૨૫ | ૫ | ૩૦ | |
| ૩૩ | શ્રી કરશનભાઈ દુલાભાઈ ઓડેદરા | ૨૩ | ૭ | ૩૦ | |
| ૩૪ | શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા | ૨૯ | ૧ | ૩૦ | |
| ૩૫ | શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ ચાવડા | ૨૩ | ૭ | ૩૦ | |
| ૩૬ | શ્રીમતી વંદનાબેન મનસુખભાઈ મકવાણા | ૩૦ | – | ૩૦ | |
| ૩૭ | શ્રી ભગવાનભાઈ ધાનાભાઈ બારડ | ૧૭ | ૧૩ | ૩૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૮ | શ્રી રાજસીભાઈ વીરાભાઈ જોટવા | ૩૦ | – | ૩૦ | |
| ૩૯ | શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ | ૧૮ | ૧૨ | ૩૦ | |
| ૪૦ | શ્રી કનુભાઈ મેપાભાઈ ભાલાળા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૪૧ | શ્રી લવજીભાઈ ઠાકરશીભાઈ રાજાણી (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૪૨ | શ્રી મહેન્દ્રભાઈ લીલાધરભાઈ મશરૂ | ૨૧ | ૯ | ૩૦ | |
| ૪૩ | શ્રી બાવકુભાઈ નાથાભાઈ ઉંધાડ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૪૪ | શ્રી હનુભાઈ ધોરાજીયા | ૨૧ | ૯ | ૩૦ | |
| ૪૫ | શ્રી દિલીપ સંઘાણી (મંત્રીશ્રી) | – | – | – | |
| ૪૬ | શ્રી મનસુખભાઈ પાંચાભાઈ ભુવા | ૨૬ | ૪ | ૩૦ | |
| ૪૭ | શ્રી ધીરસિંહભાઈ કરશનભાઈ બારડ | ૨૭ | ૩ | ૩૦ | |
| ૪૮ | શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી | ૧૩ | ૧૭ | ૩૦ | |
| ૪૯ | શ્રી સૌરભ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૫૦ | શ્રી આત્મારામ મકનભાઈ પરમાર | ૨૫ | ૫ | ૩૦ | |
| ૫૧ | શ્રી મહેન્દ્રસિંહ પરાક્રમસિંહ સરવૈયા | ૨૪ | ૬ | ૩૦ | |
| ૫૨ | શ્રી કેશુભાઈ હીરજીભાઈ નાકરાણી | ૨૫ | ૫ | ૩૦ | |
| ૫૩ | શ્રી કાળુભાઈ વીરાણી | ૨૫ | ૫ | ૩૦ | |
| ૫૪ | ડૉ. કનુભાઈ વાલાભાઈ કલસરીયા | ૨ | ૨૮ | ૩૦ | |
| ૫૫ | શ્રીમતી ભાવનાબેન રાઘવજીભાઈ મકવાણા | ૨૬ | ૪ | ૩૦ | |
| ૫૬ | શ્રી પરસોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી (મંત્રીશ્રી) | – | – | – | |
| ૫૭ | શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ દવે | ૩૦ | – | ૩૦ | |
| ૫૮ | શ્રી શકિતસિંહ હરિચંદ્રસિંહ ગોહિલ ( વિરોધપક્ષના નેતાશ્રી) | – | – | – | |
| ૫૯ | શ્રી રણછોડભાઈ કરશનભાઈ મેર | ૨૫ | ૫ | ૩૦ | |
| ૬૦ | શ્રી કાનજીભાઈ રાયાભાઈ તળપદા | ૧૨ | ૧૮ | ૩૦ | |
| ૬૧ | શ્રી કાંતિલાલ રામાભાઈ લકુમ | ૩૦ | – | ૩૦ | |
| ૬૨ | શ્રી પ્રાગજીભાઈ નારણભાઈ પટેલ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૬૩ | શ્રી કમાભાઈ ગગજીભાઈ રાઠોડ | ૨૮ | ૨ | ૩૦ | |
| ૬૪ | શ્રી અમિત શાહ | – | ૩૦ | ૩૦ | |
| ૬૫ | શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ | ૨૫ | ૫ | ૩૦ | |
| ૬૬ | શ્રી કલ્યાણસિંહ દેહરસિંહ ચૌહાણ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૬૭ | શ્રીમતી ગીતાબેન યોગેશભાઈ પટેલ | ૨૬ | ૪ | ૩૦ | |
| ૬૮ | શ્રી રાકેશ જશવંતલાલ શાહ | ૨૬ | ૪ | ૩૦ | |
| ૬૯ | શ્રી ભરતકુમાર ચીમનલાલ બારોટ | ૨૧ | ૯ | ૩૦ | |
| ૭૦ | શ્રી ગ્યાસુદીન હબીબુદીન શેખ | ૨૭ | ૩ | ૩૦ | |
| ૭૧ | શ્રી મોહંમદ ફારુક હુસેનમીયાં શેખ | ૨૮ | ૨ | ૩૦ | |
| ૭૨ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૭૩ | શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ કાકડિયા | ૨૮ | ૨ | ૩૦ | |
| ૭૪ | શ્રી શૈલેષ મનહરભાઈ પરમાર | ૩૦ | – | ૩૦ | |
| ૭૫ | શ્રી ભૂષણ અશોકભાઈ ભટ્ટ | ૩૦ | – | ૩૦ | |
| ૭૬ | શ્રી સાબીરભાઈ અબ્દુલકરીમ ખેડાવાલા, | ૧૯ | ૧૧ | ૩૦ | |
| ૭૭ | શ્રી નરેન્દ્ર મોદી (મુખ્યમંત્રીશ્રી) | – | – | – | |
| ૭૮ | ડૉ. માયાબેન સુરેન્દ્રકુમાર કોડનાની | ૨૬ | ૪ | ૩૦ | |
| ૭૯ | શ્રી શંભુજી ચેલાજી ઠાકોર | ૩૦ | – | ૩૦ | |
| ૮૦ | શ્રી સુરેશકુમાર ચતુરદાસ પટેલ | ૩૦ | – | ૩૦ | |
| ૮૧ | શ્રી નીતિનકુમાર રતીલાલ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૨ | શ્રીમતી જશોદાબેન ચતુરભાઈ પરમાર | ૨૯ | ૧ | ૩૦ | |
| ૮૩ | શ્રી અનિલકુમાર ત્રિભોવનદાસ પટેલ, | ૩૦ | – | ૩૦ | |
| ૮૪ | પ્રો. મંગળદાસ માધવદાસ પટેલ | ૩૦ | – | ૩૦ | |
| ૮૫ | શ્રી કાંતિભાઈ રામાભાઈ પટેલ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૮૬ | શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૮૭ | શ્રી ભરતસિંહજી શંકરજી ડાભી | ૨૯ | ૧ | ૩૦ | |
| ૮૮ | શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ | ૨૮ | ૨ | ૩૦ | |
| ૮૯ | શ્રી જયનારાયણ વ્યાસ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૦ | શ્રી જોધાજી ગલાબજી ઠાકોર | ૨૯ | ૧ | ૩૦ | |
| ૯૧ | શ્રીમતી આનંદીબેન મફતભાઈ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૨ | શ્રી રજનીકાંત સોમાભાઈ પટેલ | ૩૦ | – | ૩૦ | |
| ૯૩ | શ્રી ભાવસિંહભાઈ ડાહયાભાઈ રાઠોડ | ૨૧ | ૯ | ૩૦ | |
| ૯૪ | શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી | ૨૬ | ૪ | ૩૦ | |
| ૯૫ | શ્રી પરબતભાઈ સવાભાઈ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૬ | શ્રી અનીલકુમાર અમૃતલાલ માળી | ૨૪ | ૬ | ૩૦ | |
| ૯૭ | શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ | ૧૩ | ૧૭ | ૩૦ | |
| ૯૮ | શ્રી લીલાધરભાઈ ખોડાજી વાઘેલા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૯ | શ્રી મફતલાલ મોતીરામ પુરોહિત | ૨૮ | ૨ | ૩૦ | |
| ૧૦૦ | શ્રી ગોવિંદભાઈ માધવલાલ પ્રજાપતિ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૧૦૧ | શ્રી ફકીરભાઈ રઘાભાઈ વાઘેલા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૨ | શ્રી વસંતકુમાર પરથીભાઈ ભટોળ | ૨૫ | ૫ | ૩૦ | |
| ૧૦૩ | શ્રી અશ્વિન કોટવાલ | ૨૫ | ૫ | ૩૦ | |
| ૧૦૪ | શ્રી રમણલાલ ઈશ્વરલાલ વોરા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૫ | ડૉ.અનિલ જોષીયારા | ૩૦ | – | ૩૦ | |
| ૧૦૬ | શ્રી પ્રફુલભાઈ ખોડાભાઈ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૭. | શ્રી જયસિંહજી માનસિંહજી ચૌહાણ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૮ | શ્રી દિલીપસિંહજી વખતસિંહજી પરમાર | ૨૯ | ૧ | ૩૦ | |
| ૧૦૯ | શ્રી ઉદેસિંહ પુંજાજી ઝાલા | ૨૯ | ૧ | ૩૦ | |
| ૧૧૦ | શ્રી મહેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલા | ૨૭ | ૩ | ૩૦ | |
| ૧૧૧ | શ્રી પરંજયાદિત્યસિંહજી કૃષ્ણકુમારસિંહજી પરમાર | ૨૫ | ૫ | ૩૦ | |
| ૧૧૨ | શ્રી દીતાભાઈ ભીમાભાઈ મછાર | ૨૭ | ૩ | ૩૦ | |
| ૧૧૩ | શ્રી બચુભાઈ નાથાભાઈ કિશોરી | ૩૦ | – | ૩૦ | |
| ૧૧૪ | શ્રી વજેસિંગભાઈ પારસિંગભાઈ પણદા | ૨૮ | ૨ | ૩૦ | |
| ૧૧૫ | શ્રીમતી ચંદ્રીકાબેન છગનભાઈ બારીયા | ૩૦ | – | ૩૦ | |
| ૧૧૬ | શ્રી તુષારસિંહ કનકસિંહ મહારાઉલ | ૨૨ | ૮ | ૩૦ | |
| ૧૧૭ | શ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણ | ૨૦ | ૧૦ | ૩૦ | |
| ૧૧૮ | શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૧૯ | શ્રી અરવિંદસિંહ દામસિંહ રાઠોડ | ૩૦ | – | ૩૦ | |
| ૧૨૦ | શ્રી સી.કે.રાઉલજી | ૨૧ | ૯ | ૩૦ | |
| ૧૨૧ | શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ ભરવાડ | ૨૪ | ૬ | ૩૦ | |
| ૧૨૨ | શ્રી હીરાભાઈ હરીભાઈ પટેલ | ૩૦ | – | ૩૦ | |
| ૧૨૩ | શ્રી જશવંતસિંહ સુમનભાઈ ભાભોર (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૨૪ | શ્રી માનસિંહ કોહયાભાઈ ચૌહાણ | ૩૦ | – | ૩૦ | |
| ૧૨૫ | શ્રી મણીભાઈ દેવજીભાઈ પટેલ | ૩૦ | – | ૩૦ | |
| ૧૨૬ | શ્રી રામસિંહ પ્રભાતસિંહ પરમાર | ૩૦ | – | ૩૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨૭ | શ્રી લાલસિંહ ઉદેસિંહ વડોદીયા | ૩૦ | – | ૩૦ | |
| ૧૨૮ | શ્રી કનુભાઈ ભૂલાભાઈ ડાભી | ૩૦ | – | ૩૦ | |
| ૧૨૯ | શ્રી સુંદરસિંહ ભલાભાઈ ચૌહાણ (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૧૩૦ | શ્રી નટવરસિંહ ફૂલસિંહ ઠાકોર | ૨૯ | ૧ | ૩૦ | |
| ૧૩૧ | શ્રી પંકજકુમાર વિનુભાઈ દેસાઈ (મુખ્ય દંડકશ્રી) | – | – | – | |
| ૧૩૨ | શ્રી શંકરભાઈ દેસાઈભાઈ વાઘેલા | ૩૦ | – | ૩૦ | |
| ૧૩૩ | શ્રીમતી જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૧૩૪ | શ્રી જયંતભાઈ રમણભાઈ પટેલ | ૨૧ | ૯ | ૩૦ | |
| ૧૩૫ | શ્રી નિરંજન પટેલ | ૩૦ | – | ૩૦ | |
| ૧૩૬ | શ્રી અંબાલાલ આશાભાઈ રોહિત (નાયબ મુ.દંડકશ્રી) | – | – | – | |
| ૧૩૭ | શ્રી દેવુસિંહ જેસીંગભાઈ ચૌહાણ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૧૩૮ | શ્રી અમિતકુમાર અજિતકુમાર ચાવડા | ૩૦ | – | ૩૦ | |
| ૧૩૯ | શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ પરમાર | ૨૭ | ૩ | ૩૦ | |
| ૧૪૦ | શ્રી શિરીષકુમાર મધુસુદન શુકલ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૧૪૧ | શ્રી ગુલસિંગભાઈ રંગલાભાઈ રાઠવા | ૩૦ | – | ૩૦ | |
| ૧૪૨ | શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા | ૨૯ | ૧ | ૩૦ | |
| ૧૪૩ | શ્રી ધીરુભાઈ ચુનીલાલ ભીલ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૧૪૪ | શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી | ૨૯ | ૧ | ૩૦ | |
| ૧૪૫ | શ્રી સિધ્ધાર્થ ચીમનભાઈ પટેલ | ૨૬ | ૪ | ૩૦ | |
| ૧૪૬ | શ્રી ખુમાનસિંહ રાયસિંહ ચૌહાણ | ૨૧ | ૯ | ૩૦ | |
| ૧૪૭ | શ્રી ભુપેન્દ્રભાઈ ગટુલાલ લાખાવાળા | ૩૦ | – | ૩૦ | |
| ૧૪૮ | શ્રી જીતેન્દ્ર સુખડીયા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૪૯ | શ્રી યોગેશ પટેલ (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૧૫૦ | શ્રી મધુભાઈ બાબુભાઈ શ્રીવાસ્તવ | ૮ | ૨૨ | ૩૦ | |
| ૧૫૧ | શ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહિલ | ૨૨ | ૮ | ૩૦ | |
| ૧૫૨ | શ્રી દિનેશભાઈ બી.પટેલ | ૧૨ | ૧૮ | ૩૦ | |
| ૧૫૩ | શ્રી ચંદુભાઈ મોતીભાઈ ડાભી | ૩૦ | – | ૩૦ | |
| ૧૫૪ | શ્રી કિરણકુમાર લક્ષ્મણભાઈ મકવાણા | ૨૮ | ૨ | ૩૦ | |
| ૧૫૫ | શ્રી ઈકબાલ પટેલ | ૨૭ | ૩ | ૩૦ | |
| ૧૫૬ | શ્રી દુષ્યંતભાઈ રજનીકાંત પટેલ | ૨૬ | ૪ | ૩૦ | |
| ૧૫૭ | શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૫૮ | શ્રી છોટુભાઈ અમરસિંહભાઈ વસાવા | ૪ | ૨૬ | ૩૦ | |
| ૧૫૯ | શ્રી અમરસિંહ રામસિંહ વસાવા | ૨૮ | ૨ | ૩૦ | |
| ૧૬૦ | શ્રી હર્ષદભાઈ ચુનીલાલ વસાવા (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૧૬૧ | શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ વસાવા | ૨૮ | ૨ | ૩૦ | |
| ૧૬૨ | શ્રી ગણપતસિંહ વેસ્તાભાઈ વસાવા (અધ્યક્ષશ્રી) | – | – | – | |
| ૧૬૩ | શ્રી પ્રભુભાઈ નાગરભાઈ વસાવા | ૨૩ | ૭ | ૩૦ | |
| ૧૬૪ | શ્રી પુનાભાઈ ઢેડાભાઈ ગામીત | ૩૦ | – | ૩૦ | |
| ૧૬૫ | શ્રી ઈશ્વરભાઈ નરસિંહભાઈ વહીયા | ૨૯ | ૧ | ૩૦ | |
| ૧૬૬ | શ્રી કુંવરજીભાઈ નરસિંહભાઈ હળપતિ | ૨૭ | ૩ | ૩૦ | |
| ૧૬૭ | શ્રીમતી ભારતીબેન અમૃતભાઈ રાઠોડ | ૨૮ | ૨ | ૩૦ | |
| ૧૬૮ | શ્રી કિરીટભાઈ ગંગારામભાઈ પટેલ | ૨૫ | ૫ | ૩૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬૯ | શ્રી નાનુભાઈ ભગવાનભાઈ વાનાણી | – | ૩૦ | ૩૦ | |
| ૧૭૦ | શ્રી રણજીતભાઈ મંગુભાઈ ગિલીટવાલા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૭૧ | શ્રી કિશોર વાંકાવાલા | ૨૯ | ૧ | ૩૦ | |
| ૧૭૨ | શ્રી નરોત્તમભાઈ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૭૩ | શ્રી આર.સી. પટેલ | ૨૩ | ૭ | ૩૦ | |
| ૧૭૪ | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૭૫ | શ્રી લક્ષ્મણભાઈ પરસોત્તમભાઈ પટેલ | ૨૮ | ૨ | ૩૦ | |
| ૧૭૬ | શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલ | ૨૮ | ૨ | ૩૦ | |
| ૧૭૭ | શ્રી વિજયભાઈ રમેશભાઈ પટેલ | ૨૪ | ૬ | ૩૦ | |
| ૧૭૮ | શ્રી દોલતરાય નાથુભાઈ દેસાઈ | ૨૭ | ૩ | ૩૦ | |
| ૧૭૯ | શ્રી છનાભાઈ કોળુભાઈ ચૌધરી | ૨૪ | ૬ | ૩૦ | |
| ૧૮૦ | શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી | ૨૨ | ૮ | ૩૦ | |
| ૧૮૧ | શ્રીમતી ઉષાબેન ગીરીશકુમાર પટેલ (દંડકશ્રી) | – | – | – | |
| ૧૮૨ | શ્રી રમણલાલ નાનુભાઈ પાટકર | ૨૮ | ૨ | ૩૦ | |
| | કુલ | ૩૭૦૧ | ૬૭૯ | ૪૩૮૦ | |

**પત્રક ક્રમાંક :–૪**

(જુઓ ફકરા ક્રમાંક :–૩)

**સભ્યશ્રીઓની તારીખવાર હાજરી**

**(માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી, મુખ્ય દંડકશ્રી ,નાયબ મુખ્ય દંડકશ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રી સિવાય)**

| ક્રમ | બેઠકની તારીખ | હાજરી | ગેરહાજરી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨૪/૨/૨૦૧૧ (પ્રથમ બેઠક) | ૧૩૦ | ૧૬ | ૧૪૬ |
| ૨ | ૨૪/૨/૨૦૧૧ (બીજી બેઠક) | ૯૪ | ૫૨ | ૧૪૬ |
| ૩ | ૨૫/૨/૨૦૧૧ | ૧૨૭ | ૧૯ | ૧૪૬ |
| ૪ | ૨૮/૨/૨૦૧૧ | ૧૩૧ | ૧૫ | ૧૪૬ |
| ૫ | ૧/૩/૨૦૧૧ (પ્રથમ બેઠક) | ૧૨૫ | ૨૧ | ૧૪૬ |
| ૬ | ૧/૩/૨૦૧૧ (બીજી બેઠક) | ૧૧૫ | ૩૧ | ૧૪૬ |
| ૭ | ૩/૩/૨૦૧૧ | ૧૨૮ | ૧૮ | ૧૪૬ |
| ૮ | ૪/૩/૨૦૧૧ | ૧૨૫ | ૨૧ | ૧૪૬ |
| ૯ | ૭/૩/૨૦૧૧ | ૧૨૨ | ૨૪ | ૧૪૬ |
| ૧૦ | ૮/૩/૨૦૧૧ (પ્રથમ બેઠક) | ૧૨૫ | ૨૧ | ૧૪૬ |
| ૧૧ | ૮/૩/૨૦૧૧ (બીજી બેઠક) | ૧૨૨ | ૨૪ | ૧૪૬ |
| ૧૨ | ૯/૩/૨૦૧૧ | ૧૩૧ | ૧૫ | ૧૪૬ |
| ૧૩ | ૧૦/૩/૨૦૧૧ (પ્રથમ બેઠક) | ૧૨૭ | ૧૯ | ૧૪૬ |
| ૧૪ | ૧૦/૩/૨૦૧૧ (બીજી બેઠક) | ૧૧૫ | ૩૧ | ૧૪૬ |
| ૧૫ | ૧૧/૩/૨૦૧૧ | ૧૧૮ | ૨૮ | ૧૪૬ |
| ૧૬ | ૧૪/૩/૨૦૧૧ | ૧૩૧ | ૧૫ | ૧૪૬ |
| ૧૭ | ૧૫/૩/૨૦૧૧ (પ્રથમ બેઠક) | ૧૩૧ | ૧૫ | ૧૪૬ |
| ૧૮ | ૧૫/૩/૨૦૧૧ (બીજી બેઠક) | ૧૨૫ | ૨૧ | ૧૪૬ |
| ૧૯ | ૧૬/૩/૨૦૧૧ | ૧૩૨ | ૧૪ | ૧૪૬ |
| ૨૦ | ૧૭/૩/૨૦૧૧ | ૧૨૪ | ૨૨ | ૧૪૬ |
| ૨૧ | ૧૮/૩/૨૦૧૧ | ૧૧૮ | ૨૮ | ૧૪૬ |
| ૨૨ | ૨૧/૩/૨૦૧૧ | ૧૧૫ | ૩૧ | ૧૪૬ |
| ૨૩ | ૨૨/૩/૨૦૧૧ (પ્રથમ બેઠક) | ૧૨૪ | ૨૨ | ૧૪૬ |
| ૨૪ | ૨૨/૩/૨૦૧૧ (બીજી બેઠક) | ૧૧૬ | ૩૦ | ૧૪૬ |
| ૨૫ | ૨૩/૩/૨૦૧૧ | ૧૩૧ | ૧૫ | ૧૪૬ |
| ૨૬ | ૨૪/૩/૨૦૧૧ | ૧૨૧ | ૨૫ | ૧૪૬ |
| ૨૭ | ૨૫/૩/૨૦૧૧ | ૧૨૨ | ૨૪ | ૧૪૬ |
| ૨૮ | ૨૮/૩/૨૦૧૧ | ૧૨૫ | ૨૧ | ૧૪૬ |
| ૨૯ | ૨૯/૩/૨૦૧૧ | ૧૨૬ | ૨૦ | ૧૪૬ |
| ૩૦ | ૩૦/૩/૨૦૧૧ | ૧૨૫ | ૨૧ | ૧૪૬ |
| | કુલ | ૩૭૦૧ | ૬૭૯ | ૪૩૮૦ |

## પત્રક ક્રમાંકઃ–૫
## (જુઓ ફકરા ક્રમાંકઃ–૬)
## ટૂંકી મુદતના,તારાંકિત,અતારાંકિત અને અરધા કલાકની ચર્ચાની સૂચનાઓનો નિકાલ (આંકડામાં)

| પ્રશ્નોનો પ્રકાર | મળેલ સૂચના | દાખલ કર્યા | દાખલ ન કર્યા | ટૂંકી મુદતમાંથી તારાંકિત પ્રશ્ન | ટૂંકી મુદતમાંથી અતારાંકિત પ્રશ્ન | તારાંકિત માંથી અતારાંકિત તરીકે દાખલ | સભ્યશ્રીએ પ્રશ્ન પાછા ખેંચીલીધા/ મુદત બહારની સૂચના | અગાઉના સત્ર દરમિયાન જવાબ ન આવવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલ અતારાંકિત પ્રશ્નો | ગૃહમાં જવાબ આપ્યા | તારાંકિત પ્રશ્નોના અતારાંકિત તરીકે ગૃહમાં જવાબ આપ્યા | ટૂંકી મુદતે જવાબ આપવા મંત્રીશ્રી અસંમત થતાં રદ થયા | સત્ર વહેલું સમાપ્ત થતાં પ્રશ્નો રદ થયા | સમયના અભાવે પ્રશ્નો ચર્ચાયા નહી | નિયમ–૮૭(ક) અન્વયે ગૃહના મેજ ઉપર મુકાયા | સભ્યશ્રી મંત્રીશ્રી /સંસદ સભ્યશ્રી બનતાં/અવસાન થતાં પ્રશ્નો રદ થયા | સત્ર સમાપ્તિના દિવસે જવાબ ન મળવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલા અતારાંકિત પ્રશ્નો. | મંત્રીશ્રી ની વિનંતીથી રદ કરેલા પ્રશ્નો. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ટૂંકી મુદતના પ્રશ્નો | ૨ | ૧ | ૧ | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - |
| તારાંકિત પ્રશ્નો | ૫૭૦૮ | ૩૯૦૯ | ૧૭૨૩ | - | - | ૩૦ | ૩ | - | ૧૯૦ | - | - | - | - | - | ૨ | - | ૪૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૫૫૩ | ૫૧૮ | ૩૫ | - | - | ૩૦ | ૧ | ૧૪૫ | ૪૫૦ | - | - | - | - | ૪૪ | - | ૧૩૧ | ૭ |
| અરધા કલાકની ચર્ચાની પ્રશ્નો | ૪ | - | ૪ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |

**પત્રક ક્રમાંકઃ–૬**

**(જુઓ ફકરા ક્રમાંક :–૬)**

**ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)**

| ૩૪ | ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૮–૩–૨૦૧૧ |

| | | |
|---|---|---|
| ૩૫ અને ૩૬ | ગુજરાત આદિજાતી વિકાસ કોર્પોરેશનના સન ૨૦૦૮–૨૦૦૯ અને સન ૨૦૦૯–૨૦૧૦ના વાર્ષિક અહેવાલો તથા સન ૨૦૦૮–૨૦૦૯ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૮–૩–૨૦૧૧ |
| ૩૭ | ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૮–૩–૨૦૧૧ |
| ૩૮ | ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૮–૩–૨૦૧૧ |
| ૩૯ | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૮–૩–૨૦૧૧ |
| ૪૦ | ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ બોર્ડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ અને હિસાબો | ૧૮–૩–૨૦૧૧ |
| ૪૧ | ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૮–૩–૨૦૧૧ |
| ૪૨ | ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૫–૩–૨૦૧૧ |
| ૪૩ | ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૫–૩–૨૦૧૧ |
| ૪૪ | ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૫–૩–૨૦૧૧ |
| ૪૫ | ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૫–૩–૨૦૧૧ |
| ૪૬ | ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૦૯–૨૦૧૦ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ | ૨૫–૩–૨૦૧૧ |
| ૪૭ | ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૫–૩–૨૦૧૧ |
| ૪૮ | સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાનાં નિવેદનો, વાર્ષિક હિસાબો તેમજ આ | ૨૫–૩–૨૦૧૧ |

| | | |
|---|---|---|
| | અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | |
| ૪૯ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૫–૩–૨૦૧૧ |
| ૫૦ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૫–૩–૨૦૧૧ |
| ૫૧ | વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૫–૩–૨૦૧૧ |
| ૫૨ | ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૫–૩–૨૦૧૧ |
| ૫૩ | ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૫–૩–૨૦૧૧ |
| ૫૪ | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૫–૩–૨૦૧૧ |
| ૫૫ | આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૫–૩–૨૦૧૧ |
| ૫૬ | ગુજરાત રાજય નાણાકીય નિગમના સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ | ૨૫–૩–૨૦૧૧ |
| ૫૭ | ગુજરાત રાજય ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૧૦–૨૦૧૧ના સુધારેલ અંદાજો અને સન ૨૦૧૧–૨૦૧૨નું અંદાજપત્ર | ૨૫–૩–૨૦૧૧ |
| ૫૮ અને ૫૯ | ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો | ૨૫–૩–૨૦૧૧ |
| ૬૦ | ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૫–૩–૨૦૧૧ |
| ૬૧ | ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ અને હિસાબો | ૨૫–૩–૨૦૧૧ |
| ૬૨ | ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ અને આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓ માટેની સ્પષ્ટીકરણાત્મક યાદી | ૨૮–૩–૨૦૧૧ |

| | | |
|---|---|---|
| ૬૩ | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮ – ૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૮–૩–૨૦૧૧ |
| ૬૪ | ગુજરાત મેરીટાઈમ બોર્ડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૮–૩–૨૦૧૧ |
| ૬૫ થી ૭૪ | ગુજરાત રાજ્ય કાપડ નિગમના તા.૬–૨–૧૯૯૭ થી ૫–૨–૨૦૦૬ દરમ્યાનના નવ વર્ષના આવક–જાવકના વાર્ષિક પત્રકો (હિસાબ) અને તેની સબસીડીઅરી કંપનીઓ ગુજરાત ટેક્ષફેબ લી., ગુજરાત ફાઈનટેક્ષ લી. અને ગુજરાત સીલ્ટેક્ષ લી. ના તા. ૨૧–૧૦–૧૯૯૭ થી ૨૦–૧૦–૨૦૦૬ દરમ્યાનના નવ વર્ષના એકત્રિત વાર્ષિક પત્રકો (હિસાબો) તથા આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો | ૨૮–૩–૨૦૧૧ |
| ૭૫ | ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૦૯ –૨૦૧૦નો વાર્ષિક અહેવાલ | ૨૮–૩–૨૦૧૧ |
| ૭૬ | સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૯–૩–૨૦૧૧ |
| ૭૭ | ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૯–૩–૨૦૧૧ |
| ૭૮ | ગુજરાત નાણાકીય નિગમનો સન ૨૦૦૯–૨૦૧૦ના વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ | ૨૯–૩–૨૦૧૧ |
| ૭૯ | ગુજરાત રાજ્ય બીજા નાણા પંચનો જૂન–૨૦૦૬નો અહેવાલ તથા આ અહેવાલની ભલામણો પર રાજ્ય સરકારે લીધેલ/લેવા ધારેલ પગલાંનો અહેવાલ, તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૩૦–૩–૨૦૧૧ |
| ૮૦ | ગુજરાત ઈન્ફર્મેટિક્સ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૩૦–૩–૨૦૧૧ |
| ૮૧ | ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૩૦–૩–૨૦૧૧ |

# પત્રક ક્રમાંક :–૨૩
## (જુઓ ફકરા ક્રમાંક :–૩૧)
## ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી
## ફેબ્રુઆરી–૨૦૧૧

| | |
|---|---|
| ગુરુવાર, ૨૪મી | **પ્રથમ બેઠક**<br>**અધ્યક્ષશ્રીની ચૂંટણી**<br>**બીજી બેઠક**<br>(૧) **રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવની રજુઆત**<br>સભ્યશ્રી રજનીકાન્તભાઈ પટેલે નામદાર રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને કરેલા સંબોધન બદલ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો.<br>(૨) **શોકદર્શક ઉલ્લેખો**<br>ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ સ્વ.શ્રી અશોકભાઈ ભટ્ટ, પૂર્વ મંત્રી સ્વ.શ્રી દિનેશભાઈ શાહ, તથા પૂર્વ સભ્ય સ્વ.શ્રી મૂળશંકર સુથાર, સ્વ.શ્રી ભગુભાઈ પટેલ, સ્વ.શ્રી રણછોડભાઈ સોલંકી અને સ્વ.શ્રી પરબતભાઈ સોધમના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો. |
| શુક્રવાર, તા.૨૫મી | (૧) સન ૧૯૯૩–૯૪, ૧૯૯૪–૯૫ અને ૧૯૯૫–૯૬ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકોની રજૂઆત<br>(૨) સન ૨૦૧૦–૨૦૧૧ ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત<br>(૩) સન ૨૦૧૧–૨૦૧૨ ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત |
| શનિવાર, તા.૨૬મી | **રજા** |
| રવિવાર, તા.૨૭મી | **રજા** |
| સોમવાર, તા.૨૮મી | **સરકારી વિધેયકો**<br>(૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૧નું મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક<br>(૨) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૮– સન ૨૦૧૧નું મુંબઈ ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક<br>(૩) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૭– સન ૨૦૧૧નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક<br>(૪) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૨૩– સન ૨૦૦૯નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક–પુનઃ વિચારણા<br>(૫) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૩– સન ૨૦૧૧નું ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) વિધેયક |
| | **માર્ચ–૨૦૧૧** |
| મંગળવાર, તા.૧લી | **પ્રથમ બેઠક** |

| | |
|---|---|
| | (૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૬– સન ૨૦૧૧નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક<br>(૨) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૪– સન ૨૦૧૧નું ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયક<br>(૩) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૧નું મુંબઈનું (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું ( રદ કરવા બાબત) વિધેયક<br>(૪) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૫– સન ૨૦૧૧નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક<br>**બીજી બેઠક**<br>રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા (પહેલો દિવસ) |
| બુધવાર, તા.૨જી | **જાહેર રજા ( મહાશિવરાત્રી)** |
| ગુરુવાર, તા.૩ જી | (૧) રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા (બીજો દિવસ) |
| | (૨) ૨– બિન સરકારી વિધેયકો દાખલ કરવામાં આવ્યા ( પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના વિધેયકો પ્રભારી સભ્યશ્રીઓની અનુપસ્થિતિ ને કારણે હાથ ધરી શકાયા નહીં |
| શુક્રવાર, તા.૪ થી | રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) |
| શનિવાર, તા. ૫ મી | **બેઠક ન હતી** |
| રવિવાર, તા.૬ ઠ્ઠી | **રજા** |
| સોમવાર, તા.૭મી | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) |
| મંગળવાર, તા.૮ મી | **પહેલી બેઠક**<br>પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)<br>**બીજી બેઠક**<br>વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન |
| બુધવાર, તા.૯મી | (૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૧નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક<br>(૨) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) |
| ગુરુવાર , તા. ૧૦મી | **પહેલી બેઠક**<br>અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)<br>**બીજી બેઠક**<br>**(૧) શોકદર્શક ઉલ્લેખ** |

| | |
|---|---|
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ. શ્રી કુંદનલાલ જશવંતરાય ધોળકીયાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ. |
| શુક્રવાર, તા. ૧૧મી | અંદાજપત્ર પર  સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) |
| શનિવાર, તા.૧૨મી | **રજા** |
| રવિવાર, તા.૧૩મી | **રજા** |
| સોમવાર, તા.૧૪મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ ) |
| મંગળવાર, તા.૧૫મી | **પ્રથમ બેઠક**<br>માગણઓ પર ચર્ચા અને મતદાન (  બીજો દિવસ )<br><br>**બીજી બેઠક**<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ ) |
| બુધવાર, તા.૧૬મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ચોથો દિવસ) |
| ગુરુવાર, તા.૧૭મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (  પાંચમો દિવસ ) |
| શુક્રવાર, તા.૧૮મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ ) |
| શનિવાર, તા.૧૯મી | બેઠક નથી |
| રવિવાર, તા.૨૦મી | રજા |
| સોમવાર, તા. ૨૧મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) |
| મંગળવાર, તા. ૨૨મી | **પહેલી બેઠક**<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)<br>**બીજી બેઠક**<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન  (નવમો દિવસ) |
| બુધવાર, તા. ૨૩મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) |
| ગુરુવાર, તા.૨૪મી | (૧)    માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) |
| | (૨)    બિન–સરકારી કામકાજ |

| | |
|---|---|
| | (૧) ૬– બિન–સરકારી વિધેયકો દાખલ કરવામાં આવ્યા<br>(૨) બિન–સરકારી સંકલ્પો |
| શુક્રવાર, તા.૨૫મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો દિવસ અને છેલ્લો દિવસ) |
| શનિવાર, તા.૨૬મી | **<u>રજા</u>** |
| રવિવાર, તા.૨૭મી | **<u>રજા</u>** |
| સોમવાર, તા.૨૮મી | **<u>સરકારી વિધેયકો</u>**<br>(૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક<br>(૨) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૧નું ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ વિધેયક.<br>(૩) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૧નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક.<br>(૪) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૧નું ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત વિધેયક.<br>(૫) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૧નું સ્વર્ણિમ ગુજરાત રમતગમત યુનિવર્સિટી વિધેયક<br>(૬) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૫– સન ૨૦૧૧નું ગુજરાત શરીર રચના વિધેયક<br>(૭) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૧નું ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) વિધેયક |
| મંગળવાર,તા.૨૯મી | **(૧) <u>સરકારી વિધેયકો</u>**<br>(૮) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૩૨–સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ વિધેયક.<br>(૯) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક.<br>(૧૦) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (દ્વિતીય) વિધેયક.<br>(૧૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતીય) વિધેયક.<br>(૧૨) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૧નું ગુજરાત ગ્રીન સેસ વિધેયક.<br>(૧૩) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક –૨૬ – સન ૨૦૧૧નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક.<br>(૧૪) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૧નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક. |

| | |
|---|---|
| બુધવાર, તા.૩૦મી | **(૧) <u>સરકારી વિધેયકો</u>**<br>(૧૫) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૧નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક.<br>(૧૬) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૧નું મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક.<br>(૧૭) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૧નું ગુજરાત રાજ્ય ફીઝીયોથેરાપી કાઉન્સિલ વિધેયક.<br>(૧૮) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૧નું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (સુધારા) વિધેયક.<br>(૧૯) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૧૧નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (દ્વિતીય સુધારા) વિધેયક.<br>(૨૦) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૧નું ગુજરાત લોકાયુક્ત (સુધારા) વિધેયક.<br>(૨૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૧નું ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (સુધારા) વિધેયક.<br>(૨) માનવ અંગોના પ્રત્યારોપણ અધિનિયમ,૧૯૯૪માં સુધારા કરવાની સંસદને સત્તા આપતો નિયમ–૧૦૦ અન્વયેનો વૈધાનિક પ્રસ્તાવ |

**પત્રક ક્રમાંકઃ–૨૪**
**(જુઓ ફકરા ક્રમાંકઃ–૩૨)**
**રોજેરોજના કામકાજનો સારાંશ**
**ગુરૂવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૧**

નામદાર રાજયપાલ ડો. શ્રીમતી કમલાએ બપોરના ૧૨.૦૦ વાગ્યે વિધાનસભાગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.

નામદાર રાજયપાલશ્રીના સંબોધન બાદ પંદર મિનિટના વિરામ બાદ બપોરના ૧૨.૩૦ વાગ્યે ગૃહની બેઠક મળી

**પહેલી બેઠક**

( સભાગૃહની બેઠકની શરૂઆત "વંદેમાતરમ" સંગીતની ધૂન બજાવી કરવામાં આવી )

**કાર્યકારી અધ્યક્ષશ્રી પ્રો. મંગળદાસ પટેલ અધ્યક્ષસ્થાને**

**૧. અધ્યક્ષશ્રીની ચૂંટણી**

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહના સભ્ય શ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવાને આ સભાગૃહના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે."

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ હ. ગોહિલે પ્રસ્તાવને અનુમોદન આપ્યું.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો. શ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવાની અધ્યક્ષ તરીકે વરણી થઈ. અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ તેમજ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના નેતાશ્રી જયંતભાઈ પટેલ નવા વરાયેલા અધ્યક્ષશ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવાને અધ્યક્ષસ્થાને દોરી ગયા અને શ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવાએ અધ્યક્ષસ્થાન લીધું.

**શ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના નેતાશ્રી જયંતભાઈ પટેલ, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ તેમજ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન આપતા પ્રવચનો કર્યાં.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવાએ સભાગૃહનો આભાર માનતું પ્રવચન કર્યું.

**પહેલી બેઠક બપોરના ૧.૦૪ વાગ્યે પૂરી થઈ**

**બીજી બેઠક**

૧. સચિવશ્રીએ રાજયપાલશ્રીના સંબંધોનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

૨. સભ્યશ્રી રજનીકાંતભાઈ પટેલે, સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવેના અનુમોદનથી રાજયપાલશ્રીને સંદેશો પાઠવવા નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

૩. માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૪. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ચૌદમાં અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**૫. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ સ્વ.શ્રી અશોક ભટ્ટ, પૂર્વ મંત્રી સ્વ.શ્રી દિનેશભાઈ શાહ તથા પૂર્વ સભ્ય સ્વ. મૂળશંકર સુથાર, સ્વ.શ્રી ભગુભાઈ પટેલ, સ્વ.શ્રી રણછોડભાઈ સોલંકી અને સ્વ.શ્રી પરબતભાઈ સોધમના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ હ. ગોહિલ, સભ્યશ્રી બાબુભાઈ મે. શાહ, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી, માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ, સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, સભ્યશ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા, માનનીય નર્મદા વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, સભ્યો સર્વશ્રી પ્રો. મંગળદાસ મ. પટેલ, શ્રી શંકરભાઈ દે. વાઘેલા, શ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી રાકેશભાઈ શાહ, શ્રી ભુષણભાઈ ભટ્ટ તેમજ શ્રી આર.સી. ફળદુએ સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ આ શોકદર્શક ઉલ્લેખોમાં તેમનો સૂર પૂરાવ્યો અને સદગતોને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદગતોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૬. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ, "ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ.શ્રી અશોક ભટ્ટના અવસાનના માનમાં પ્રણાલિકા મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવામાં આવે" તેવો પ્રસ્તાવ રજૂ કર્યો.

કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ઈકબાલભાઈ પટેલે ઉકત પ્રસ્તાવને સમર્થન આપ્યું અને માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક સર્વ સંમતિથી મુલતવી રાખી.

## શુક્રવાર, તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. નીચેનો કાગળ સભાગૃહના મેજ ઉપર મૂકાયો.**

સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળ જનતા માટે વિદ્યુત ઉત્પાદન, પ્રવહન અને વિતરણ કરતા નિર્દિષ્ટ ઉદ્યોગોના તમામ રોજગારોને આવશ્યક સેવા જાહેર કરતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા.૮–૯–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંકઃ– જીએચયુ– ૨૦૧૦(૧૩૭)– જીયુવી– ૧૧૨૦૧૦– ૨૮૬૧–ક.

**૩.** સચિવશ્રીએ બારમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક ૧૪ સભાગૃહના મેજ ઉપર મૂકયું.

**૪.** માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૧૯૯૩–૯૪, ૧૯૯૪–૯૫ અને ૧૯૯૫–૯૬ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકો રજૂ કર્યા.

**૫.** માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૧૦–૧૧ના વર્ષ માટેનું ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

**૬. અંદાજપત્રની રજૂઆત**

માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૧૧–૧૨ના વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કર્યું.

## સોમવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૧

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલે નિયમ–૧૧૬ અન્વયે, "ગાંધીનગર શહેરમાં કમળાનો વ્યાપક ઉપદ્રવ ફેલાયેલ છે અને જિલ્લાની સરકારી હોસ્પિટલમાં કમળાના અનેક કેસો નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં અને જિલ્લામાં અનેક વ્યકિતઓએ કમળામાં જીવ ગુમાવ્યા છે, કમળાને કાબુમાં લેવા આરોગ્ય તંત્ર હજુ સુધી સક્રિય બન્યું નથી, તેથી કમળાનો રોગચાળો વધુ વ્યાપક બનતો જાય છે. દર્દીઓના મૃત્યુદર વધે તે પહેલાં તેને તાત્કાલિક ડામી દેવા પગલાં લેવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

**૩. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે, આજની પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૭ ઉપરના પ્રશ્નની ચર્ચામાં પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ કરેલા ટીકાત્મક ઉચ્ચારણો સંબંધમાં વિધાનસભાના નિયમોના નિયમ–૭૮(૪) તેમજ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સન ૧૯૬૦ થી ૧૯૮૪ પુસ્તકના પાના નં.૧૯૬ પરનો નિર્ણય ક્રમાંક–૨૯૭ ટાંકી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી રજૂઆત કરી કે, સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ટાટા મોટર્સને રૂા.૨૯,૦૦૦ કરોડનો ફાયદો કરાવી આપ્યો એ સંબંધે કરેલા ટીકાત્મક ઉચ્ચારણોના સમર્થનમાં સભ્યશ્રીએ પૂરાવા રજૂ કરવા જોઈએ.

પ્રસ્તુત મુદ્દામાં સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલા મુદ્દા સંબંધમાં સભ્યશ્રી અર્જુનભાઈ તેઓ સમક્ષ પુરાવા રજૂ કરે ત્યાર બાદ તેઓ પોતાનો નિર્ણય આપશે એમ જણાવ્યું.

**૪. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧– સન ૨૦૧૧નું મુંબઈ ભાડા, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૮– સન ૨૦૧૧નું મુંબઈ ખેતીની જમીનના ટૂકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રિકરણ કરવા બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૭– સન ૨૦૧૧નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૦૯નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૧નું ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) વિધેયક.

**મંગળવાર, તા.૧લી માર્ચ, ૨૦૧૧**

**પહેલી બેઠક**

**૧. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૧નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૧નું ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨– સન ૨૦૧૧નું મુંબઈ (કચ્છ ક્ષેત્રોમાંના) ઈનામો નાબૂદ કરવા બાબત (રદ કરવા બાબત) વિધેયક.

(૪) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૧નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક.

**બીજી બેઠક**

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨.** બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રી નારાયણભાઈ પટેલે સમિતિનો તેરમો અહેવાલ રજૂ કર્યો.

**૩.** બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

**૪. રાજયપાલશ્રીના સંબંધોન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી રજનીકાંતભાઈ પટેલે સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવેના અનુમોદનથી તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ ગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

ત્યારબાદ સભ્યો સર્વશ્રી ધીરસિંહ બારડ, શ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, શ્રી માનસિંહ ચૌહાણ, શ્રી પુનાભાઈ ગામીત, શ્રી નટવરસિંહ ઠાકોર, શ્રી હીરાભાઈ પટેલ, શ્રી પ્રભુભાઈ વસાવા, શ્રી નિરંજનભાઈ પટેલ, શ્રી પરેશભાઈ વસાવા, શ્રી જવાહરભાઈ ચાવડા, શ્રી અશ્વિનભાઈ કોટવાલ, શ્રી બાવકુભાઈ ઉંઘાડ, શ્રી છનાભાઈ ચૌધરી અને શ્રી લાલસિંહ ઉ. વડોદિયાએ ઉકત પ્રસ્તાવ પર તેમના સુધારા રજૂ કર્યા.

ત્યારબાદ પ્રસ્તાવ પરની ચર્ચામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત કુલ ૧૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

**૫. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તેમના પ્રવચનમાં ચીફ સેક્રેટરીને લખાયેલ પત્રનો સંદર્ભ આપી હાઈકોર્ટ સમક્ષ વિચારણાધીન બાબત સંબંધમાં ઉલ્લેખો કરતાં, માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આ સમગ્ર બાબત નામદાર હાઈકોર્ટમાં ન્યાયાધીન હોઈ, પત્રનો સંદર્ભ ટાંકી કરેલ ઉલ્લેખો રેકર્ડમાંથી દૂર કરવા બાબતમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, પત્રનો સંદર્ભ આપી કરેલ ઉલ્લેખો સબજયુડીસ થતા હશે તો તેને રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે એમ જણાવ્યું.

**<u>ગુરૂવાર, તા.૩જી માર્ચ, ૨૦૧૧</u>**

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી મહંમદ જાવેદ પીરઝાદાએ, આજની તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૧ ઉપરના પ્રશ્નની ચર્ચામાં પૂરક પ્રશ્ન પૂછતી વખતે 'તોડ' શબ્દ પ્રયોગ કર્યો હતો તેની સામે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિધાનસભાના નિયમોના નિયમ–૩૬(૧) ટાંકી વાંધો લઈ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ આ શબ્દ અસંસદીય હોઈ કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે, એમ જણાવ્યું.

**૩. રાજયપાલશ્રીના સંબંધોન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી રજનીકાંતભાઈ પટેલે સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવેના અનુમોદનથી તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ ગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

મંગળવાર, તા.૧લી માર્ચ, ૨૦૧૧ના રોજની બીજી બેઠકમાં ઉપર્યુકત પ્રસ્તાવ પર અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી.

ત્યારબાદ પ્રસ્તાવ પરની ચર્ચામાં માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી સહિત કુલ ૭ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

**૪. પોઈન્ટ ઓફ ઓર્ડર**

(૧) માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે, રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના પ્રવચન દરમ્યાન માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન આપતા શબ્દો ઉચ્ચારતાં, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી રજૂઆત કરી કે, પ્રસ્થાપિત પ્રણાલી અનુસાર પ્રવચન દરમ્યાન નામદાર રાજયપાલશ્રી કે માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન આપતા કે તેમના સંબંધમાં ઉલ્લેખો પણ થઈ શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ સૌ સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓને આવા શબ્દપ્રયોગો ન કરવા જણાવ્યું.

(૨) સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે તેમના પ્રવચનમાં અમીત જેઠવાની હત્યાનો ઉલ્લેખ કરતાં, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આ બાબત સબજયુડીસ હોઈ આવા ઉલ્લેખો થઈ શકે નહીં તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ અને માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, જે બાબત કોર્ટ સમક્ષ વિચારણા હેઠળ હોય તે બાબતનો ઉલ્લેખ ન થાય, જો સબયુડિસ મેટર સંબંધિત ઉલ્લખો હશે તો રેકર્ડ ચકાસી દૂર કરવામાં આવશે તેવું જણાવ્યું.

**૫. બિન–સરકારી વિધેયકો**

**(ક) દાખલ કરવાના બિન સરકારી વિધેયકો**

(૧) સભ્યશ્રી શૈલેષભાઈ પરમારે, સન ૨૦૧૧નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) સભ્યશ્રી દુષ્યંતભાઈ પટેલે, સન ૨૦૧૧નું ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

**(ખ) પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેનાં બિન–સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૦૮નું ગુજરાત કાળા જાદુ અને અનિષ્ટ અને અઘોરીના વ્યવસાયનું નિર્મૂલન કરવા બાબત વિધેયકના (પ્રભારી સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયા) સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

(૨) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૦નું ગુજરાત (રાજ્ય સેવક ધ્વારા) લોક–તિરસ્કાર નિવારણ વિધેયકના પ્રભારી સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

(૩) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૦નું ગુજરાત જાહેર દિવાલો ઉપર દોરીને બનાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરોની જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયકના પ્રભારી સભ્યશ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

(૪) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૦નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયકના પ્રભારી સભ્યશ્રી  રાકેશભાઈ શાહ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

**<u>શુક્રવાર, તા.૪થી માર્ચ, ૨૦૧૧</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે આજની તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૩ ઉપરના પ્રશ્નના પૂરક પ્રશ્નનો જવાબ પ્રાઈવેટ વેબસાઈટ ટાંકી આપ્યો હતો તે બાબતમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પ્રમાણે તો અખબાર કે મેગેઝીન આધારિત વાત થઈ શકતી નથી, પરંતુ જયારે આજે ઘણી બધી વેબસાઈટો અવેલેબલ છે ત્યારે વાત જુદી છે. પરંતુ માનનીય મંત્રીશ્રી કોઈ પ્રાઈવેટ વેબસાઈટને ટાંકી અવલોકન કે ઉલ્લેખો કરી જવાબ આપી શકે કે કેમ, તે બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ પોતાનું મંતવ્ય આપતાં જણાવ્યું કે, ૧૯૬૦માં જયારે નિયમો બન્યા ત્યારે વેબસાઈટો ન હતી, પરંતુ આજે જયારે વેબસાઈટો ઉપલબ્ધ છે ત્યારે તેની કોઈ મર્યાદાઓ હોવી જોઈએ અને આના માટે બન્ને પક્ષના સભ્યશ્રીઓની સમિતિ બનાવી તેને માટે ગાઈડલાઈન્સ નકકી કરવી જોઈએ. માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે પણ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીના મંતવ્ય સાથે સંમત થઈ પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, વિધાનસભાના નિયમો જોઈ વિચારણા કર્યા બાદ નિર્ણય આપશે, તેમ જણાવ્યું.

**૩. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.**

(૧) ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ

(૨) ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૦૮–૨૦૦૯ના વાર્ષિક હિસાબો અને વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં  નિવેદનો

(૩) ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૦૪–૨૦૦૫ થી સન ૨૦૦૮–૨૦૦૯ના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલો અને સરકારી હુકમો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદનો

(૪) બંદરો અને વાહનવ્યવહાર વિભાગની

(અ) સન ૧૯૮૮ના ગુજરાત મોટર વાહન અધિનિયમ અન્વયેની તા. ૨૭–૮–૨૦૧૦ ની અધિસૂચના ક્રમાંક :–પીટી– ૨૦૧૦– ૪૯– એમવીડી– ૧૦૨૦૧૦–૨૧૦–ખ

(બ) સન ૧૯૫૮ની મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ અન્વયેની,

(૧) તા.૨૪–૨–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંકઃ– પીટી– ૨૦૧૦– ૮– એમટીએ – ૧૧૨૦૧૦– ૧૬૫– ખ

(૨) તા.૨૭–૪–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંકઃ– પીટી– ૨૦૧૦– ૨૨– એમવીડી– ૨૦૧૦– ૨– ખ

(૩) તા.૨૯–૪–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંકઃ– પીટી– ૨૦૧૦– ૨૪– એમટીએ– ૧૨૨૦૦૯–૨૬૨૬–ખ

(૪) તા.૨૦–૫–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંકઃ– પીટી– ૨૦૧૦– ૪૦– એમવીડી– ૧૦૨૦૧૦– ૩૫૬– ખ

(૫) કૃષિ અને સહકાર વિભાગની સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયેની તા.૬–૧૦–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંકઃ– જીએચકેએચ– ૭૦– ૨૦૧૦– સીડીઈ– ૧૦– ૨૦૦૭–૨૦૯૨–ક (પાર્ટ–૧)

(૬) શિક્ષણ વિભાગની સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ અન્વયેની

(૧) તા. ૧૯–૪–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– જીએચએન– ૭–

પીવીએસ– ૧૦૨૦૧૦– ૮૨૩ – એસ

(૨) તા. ૨૦–૪–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૮– ૨૦૧૦–

પીવીએસ– ૧૦૨૦૦૮– ૬૩૧ – એસ

(૩) તા. ૨૦–૪–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૯– ૨૦૧૦–

પીવીએસ–૧૦૨૦૦૮–૬૩૨– એસ

(૪) તા. ૭–૫–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૧૪– ૨૦૧૦–

એમબીએ– ૧૦૨૦૧૦– ૧૨૦૯– એસ

(૫) તા. ૭–૫–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૧૫– ૨૦૧૦– એમસીએ– ૧૦૨૦૧૦– ૧૨૦૯– એસ

(૬) તા. ૧૯–૫–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૧૮– ૨૦૧૦– પીવીએસ– ૧૦૨૦૦૯– ૩૮૯૩– એસ

(૭) તા. ૧૧–૧–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૦૧– ૨૦૧૦– એમબીએ– ૧૦૨૦૦૮– ૬૩૩– એસ

(૮) તા. ૧૨–૭–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ–એસએચ–૨૧– પીવીએસ– ૧૦૨૦૧૦–૬૩૪ – એસ

(૯) તા. ૧૭–૭–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૨૩– ૨૦૧૦–

પીવીએસ– ૧૦૨૦૧૦– ૫૫૩– એસ

(૧૦) તા. ૪–૮–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૨૫– ૨૦૧૦– પીવીએસ– ૧૦૨૦૦૮– ૧૬૪૧– એસ

(૧૧) તા. ૩૦–૮–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૨૬– પીવીએસ– ૧૦૨૦૦૯– ઈએમ. ૫૨– એસ

(૧૨) તા. ૩૦–૮–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૨૭– પીવીએસ– ૧૦૨૦૦૯– ઈએમ. ૫૨– એસ

(૧૩) તા. ૩૦–૮–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૨૮– પીવીએસ– ૧૦૨૦૦૯– ઈએમ.૫૨– એસ

(૧૪) તા. ૩૦–૮–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૨૯– પીવીએસ– ૧૦૨૦૦૯– ઈએમ.૫૨– એસ

(૧૫) તા. ૩૦–૮–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૩૦– પીવીએસ– ૧૦૨૦૦૯– ઈએમ.૫૨– એસ

(૧૬) તા. ૩૦–૮–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૩૧– પીવીએસ– ૧૦૨૦૦૯– ઈએમ.૫૨– એસ

(૧૭) તા. ૩૦–૮–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૩૨– પીવીએસ– ૧૦૨૦૦૯– ઈએમ.૫૨– એસ

(૧૮) તા. ૧૩–૯–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૩૩– ૨૦૧૦– પીવીએસ– ૧૦૨૦૦૮– ૧૨૫૧– એસ

(૧૯) તા. ૧–૧૦–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૩૪– પીવીએસ– ૧૦૨૦૧૦– ઈએમ.૫૨– એસ

(૨૦) તા. ૧–૧૦–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૩૫– પીવીએસ– ૧૦૨૦૧૦– ઈએમ.૫૨– એસ

(૨૧) તા. ૧–૧૦–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચ– એસએચ– ૩૬– પીવીએસ– ૧૦૨૦૧૦– ઈએમ.૫૨– એસ

## ૪. રાજયપાલશ્રીના સંબંધોન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી રજનીકાંતભાઈ પટેલે સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવેના અનુમોદનથી તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ ગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

ગુરૂવાર, તા.૩જી માર્ચ, ૨૦૧૧ના રોજની બેઠકમાં ઉપર્યુકત પ્રસ્તાવ પર અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી અને ચર્ચામાં માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી સહિત કુલ ૧૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

## ૫. પોઈન્ટ ઓફ ઓર્ડર

(૧) માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચાભાં ભાગ લેતી વખતે તેમના પ્રવચનમાં સુપ્રીમ કોર્ટના જજમેન્ટનો ઉલ્લેખ કરી કેન્દ્ર સરકાર સામે ટીકાત્મક ઉચ્ચારણો કરતાં, માનનીય

વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તેની સામે વાંધો લઈ જે વ્યકિત આ ગૃહમાં હાજર ન હોય તેનો ઉલ્લેખ ન કરી શકાય તેમજ જજમેન્ટ પણ ટાંકી ન શકાય એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ–૩૪(૧૧) ટાંકી જણાવ્યું કે, ભારતના કોઈપણ ભાગમાં ક્ષેત્રાધિકાર ધરાવતા કોઈપણ ન્યાયાલય ઉપર આક્ષેપો કરી શકાતા નથી તેમજ પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણયો અનુસાર જે વ્યકિત આ ગૃહમાં હાજર ન હોય તેના સંદર્ભમાં ટીકાત્મક ઉલ્લેખો કરી શકાય નહીં, તેથી માનનીય મંત્રીશ્રીને આવાં ઉચ્ચારણો ટાળી તેમનું પ્રવચન ચાલુ રાખવા જણાવ્યું.

આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા **સભાત્યાગ** કરી ગયા.

(૨) વિરોધપક્ષના સભ્યશ્રીઓના સભાત્યાગ બાદ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ અધ્યક્ષશ્રીના નિર્ણય સામે કોઈ ચર્ચા કે દેખાવો ન થઈ શકે, આમ છતાં વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા છે તે વાજબી નથી, એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ–૩૪(૧૧) સંબંધમાં વધુ સ્પષ્ટતા કરી જણાવ્યું કે, ચૂકાદાઓનો ઉલ્લેખ કરી શકાય, ચૂકાદાની ટીકા કરી શકાતી નથી તેમજ તેમના નિર્ણય સામે દેખાવો કરીને સભાત્યાગ કરી શકાય નહીં.

**૬. રાજયપાલશ્રીના સંબંધોન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)**

સભ્યશ્રી રજનીકાંતભાઈ પટેલે ચર્ચાનો જવાબ આપ્યો અને ત્યારબાદ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના સુધારા ક્રમાંક–૧ થી ૧૧ તથા ૧૩ થી ૧૬ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**<u>સોમવાર, તા.૭મી માર્ચ, ૨૦૧૧</u>**

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. માનનીય મંત્રીશ્રીની સ્પષ્ટતા**

માનનીય નર્મદા અને જળસંપત્તિ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે, માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તા.૪–૩–૨૦૧૧ના રોજ તેમના સંદર્ભમાં કરેલ ઉલ્લેખ અંગે ખુલાસાત્મક સ્પષ્ટતાઓ કરી. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ પણ માનનીય મંત્રીશ્રી સાથે સંમત થયા અને સભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલના વિસ્તારમાં તેઓશ્રીએ સૂચવેલ તળાવ બનાવવાની મંજૂરી વિભાગ ધ્વારા મળે એ જ એમનો ઉદ્દેશ હતો એમ જણાવ્યું.

**૩. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા પૂરક માગણીઓ રજૂ કરવા ઉભા થયા તે તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે આજની જે પૂરક માગણીઓ રજૂ થઈ રહી છે, તે પૈકી પૂરક માગણી ક્રમાંક–૧૩ને નવી સેવા તરીકે દર્શાવવામાં આવી છે અને તેના સંદર્ભમાં જરૂરી સ્પષ્ટીકરણ નોંધ કે અન્ય કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી તે બાબતમાં 'જાહેર ખર્ચ પર વિધાનસભાનો અંકુશ' પુસ્તકના પાના નં.૪૮ ટાંકી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરીને રજૂઆત કરી કે, નવી સેવાઓ પર પૂરક માગણી રજૂ કરવામાં આવે ત્યારે સભ્યશ્રીઓના અભ્યાસ માટે તેની સંપૂર્ણ વિગતો મળવી જોઈએ. માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ ભવિષ્યમાં આ બાબતે કાળજી રાખવામાં આવશે અને કોઈપણ વિભાગની નવી સેવાઓ માટે ડીટેઈલ ઉદ્દેશ સહિત માહિતી આપવામાં આવશે એમ જણાવ્યું.

**૪. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

શરૂઆતમાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટેની સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજયપાલશ્રીની સિફારીશ વાંચી સંભળાવી.

વિજળી શકિત પરિયોજનાને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૧૩, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૪૩, શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૫૭, જીલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક

માગણી ક્રમાંક–૭૮ તેમજ અનુસૂચિત જન જાતિઓના કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૯૩ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ રજૂ કરી.

પૂરક માગણી ક્રમાંક–૪૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૨, ૩ અને ૫, પૂરક માગણી ક્રમાંક– ૫૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૬, ૭ અને ૯, પૂરક માગણી ક્રમાંક–૭૮ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧૦ થી ૧૪ તથા પૂરક માગણી ક્રમાંક–૯૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓની ચર્ચા શરૂ થવાના તબકકે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને માનનીય રાજયકક્ષાના નાણા મંત્રીશ્રી સહિત ૧૦ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

માનનીય રાજયકક્ષાના નાણા મંત્રીશ્રી સૌરભ પટેલના પ્રવચન બાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ પૂરક પ્રશ્ન પૂછવા ઉભા થતાં શાસકપક્ષના સભ્યશ્રીઓ તરફથી તેનો સખત વિરોધ થતાં, માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાના જવાબ બાદ પ્રશ્ન પૂછવા જણાવ્યું.

## ૫. સૂત્રોચ્ચાર અને સભાત્યાગ

માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણય બાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પ્રશ્ન પૂછવાનો સતત આગ્રહ રાખતાં, તેમની સાથે વિરોધપક્ષના સભ્યશ્રીઓ પણ જોડાયા અને સૂત્રોચ્ચાર શરૂ કર્યો. ત્યારબાદ વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ સહિતના સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સતત સૂત્રોચ્ચાર કરતા કરતા **સભાત્યાગ** કરી ગયા.

## ૬. પોઈન્ટ ઓફ ઓર્ડર

વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓના સભાત્યાગ બાદ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ વિરોધપક્ષે માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયની સામે સભાત્યાગ કર્યો હોઈ તેમને ઠપકો આપવો જોઈએ એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

## ૭. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)

ત્યારબાદ વધુ ૮ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ આપ્યો.

કાપ દરખાસ્તો ક્રમાંક– ૨, ૩, ૫ થી ૭, ૯ થી ૧૪ અને ૧૭ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણીઓ ક્રમાંક– ૧૩, ૪૩, ૫૭, ૭૮ અને ૯૩ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## મંગળવાર, તા.૮મી માર્ચ, ૨૦૧૧

## પહેલી બેઠક

બેઠકની શરૂઆતમાં માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આજે **'વિશ્વ મહિલા દિન'** નિમિત્તે સૌ મહિલાઓને શુભેચ્છાઓ પાઠવી અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે સૂર પૂરાવી 'વિશ્વ મહિલા દિન' નિમિત્તે પોતાના પક્ષ વતી સૌ મહિલાઓને શુભકામનાઓ પાઠવી.

## ૧. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

સહકારને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક– ૫, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક– ૯, અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૨૩, તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૩૯ તેમજ સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૭૦ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ રજૂ કરી.

પૂરક માગણી ક્રમાંક–૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧ થી ૩ અને ૫, પૂરક માગણી ક્રમાંક–૯ ઉપરની કાપ દરખાસ્તો કંમાંક– ૬ થી ૯ અને ૧૨, પૂરક માગણી ક્રમાંક–૨૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૪, પૂરક માગણી ક્રમાંક– ૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ અને પૂરક માગણી ક્રમાંક–૭૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૨૧ અને ૨૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૪(૩) અન્વયે પૂરક માગણીઓની ચર્ચા સંબંધિત પૂરક માગણીઓ પૂરતી મર્યાદિત રાખવા તથા નિયમ–૨૩૪(૪) અન્વયે ગિલોટીન અંગેની પણ જાહેરાત કરી.

ત્યારબાદ પૂરક માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ. ચર્ચામાં કુલ ૧૮ સભ્યશ્રીઓએ ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ આપ્યો.

ઉપર્યુક્ત પૂરક માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક–૧ થી ૩, ૫ થી ૯, ૧૨, ૧૪, ૨૦, ૨૧ અને ૨૨ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૫, ૯, ૨૩, ૩૯ અને ૭૦ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૨. ગિલોટીન થયેલી માગણીઓ**

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ, સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષની પૂરક માગણી ક્રમાંક– ૧ થી ૪, ૮, ૧૦, ૧૪ થી ૧૯, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૩૦, ૩૧, ૩૩ થી ૩૫, ૩૮, ૪૦ થી ૪૨, ૪૪ થી ૫૫, ૬૦ થી ૬૪, ૬૬, ૬૭, ૬૯, ૭૧ થી ૭૭, ૭૯, ૮૦, ૮૨ થી ૯૨, ૯૫ થી ૯૮, ૧૦૨, ૧૦૩, ૧૦૫ અને ૧૦૬ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ રાજય વિધાન મંડળને લગતી પૂરક માગણી ક્રમાંક–૩૬ રજૂ કરી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**<u>બીજી બેઠક</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે**

આજની તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતા ક્રમ–૪ ઉપરના પ્રશ્નની ચર્ચા ચાલી રહી હતી તે દરમ્યાન પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ અસંસદીય અને અરૂચિકર ઉચ્ચારણો કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આવા ઉચ્ચારણો અહેવાલમાંથી દૂર કર્યા. દરમિયાન શાસકપક્ષના તમામ સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર ઉભા થઈ સભ્યશ્રીએ આવા ઉચ્ચારણો બદલ દિલગીરી વ્યકત કરવી જોઈએ તેવી સતત માગણી ચાલુ રાખતાં, તેની સામે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પણ સતત સૂત્રોચ્ચાર શરૂ કર્યો. માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર વિનંતી કરવા છતાં સામસામા સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં, સભાગૃહમાં શોરબકોર અને ઘોંઘાટનું વાતાવરણ ચાલુ રહેતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં, માનનીય અધ્યક્ષશ્રીએ બપોરના ૩.૦૨ કલાકે સભાગૃહની બેઠક ૩.૩૦ વાગ્યા સુધી મુલતવી રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળી**

**૩. પોઈન્ટ ઓફ ઓર્ડર અને સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ, આજની પ્રશ્નોત્તરી દરમિયાન પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ કરેલ અસંસદીય અને અરૂચિકર ઉચ્ચારણોથી ગુજરાતની પ્રજાનું અપમાન કરેલ છે, એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા, માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા તેમજ માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે મંતવ્યો વ્યકત કર્યા.

સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ઉકત મુદ્દા પર પોતાનું મંતવ્ય વ્યકત કરવા ઉભા થતાંની સાથે જ શાસક પક્ષના સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર ઉભા થઈ, 'મોઢવાડિયા માફી માગે' તેવા સતત સૂત્રોચ્ચાર અને શોરબકોરનું વાતાવરણ સર્જતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર વિનંતી કરવા છતાં સૂત્રોચ્ચાર તેમજ શોરબકોર સતત ચાલુ રહેતાં, સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં, માનનીય અધ્યક્ષશ્રીએ બપોરના ૩.૫૩ કલાકે સભાગૃહની બેઠક વિરામ સુધી મુલતવી રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સાંજના ૫.૦૦ વાગ્યે ફરી મળી**

બેઠક શરૂ થતાં જ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા સંબંધમાં મંતવ્ય વ્યકત કરતાં જણાવ્યું કે, તેઓશ્રીએ કહેલ કહેવત થકી ગુજરાતની પ્રજાનું અપમાન કરવાનો તેમનો ઈરાદો ન હતો.

માનનીય અધ્યક્ષશ્રીએ બન્ને પક્ષોને સાંભળ્યા પછી આ મુદ્દાનો નિર્ણય જાહેર કરીશ એમ જણાવ્યું.

**૪. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી ભગવાનભાઈ બારડે, "ગીરના જંગલોમાંથી આવતા હિંસક પ્રાણીઓ ધ્વારા માનવ અને પશુઓ પર હિંસક હુમલા કરી મોતને ઘાટ ઉતારવાના બનાવો વધી રહયા છે, તાજેતરમાં તાલાળા તાલુકાના ભોજદે (ગીર)ની વાડીમાં માતાના પડખામાંથી દીપડાએ માસુમ બાળક ઉઠાવી ફાડી નાંખી મારી નાંખેલ છે, જેથી આમજનતામાં ભય અને ગભરાટની લાગણી ફેલાયેલ છે તે નિવારવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

**૫. વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન**

માનનીય અધ્યક્ષશ્રીએ વધારાના ખર્ચ માટેની માગણીઓ પર ચર્ચા અને મતદાન સંબંધમાં ગૃહને માર્ગદર્શન આપતી જાહેરાત કરી અને માનનીય નાણા મંત્રીશ્રીને વધારાના ખર્ચ માટેની માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ કરવા જણાવ્યું.

શરૂઆતમાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૧૯૯૩–૯૪, ૧૯૯૪–૯૫, ૧૯૯૫–૯૬ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતાં તેના અનુચ્છેદ ૨૦૫ અન્વયે નામદાર રાજયપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ નાણા મંત્રીશ્રીએ સન ૧૯૯૩–૯૪ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક–૪, ૬, ૯, ૧૩, ૧૮, ૩૧, ૩૯, ૪૩, ૪૪, ૪૫, ૪૭, ૫૨, ૬૫, ૬૬, ૭૧, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૬, ૯૭, ૯૮ અને ૧૦૦ રજૂ કરી અને ત્યારબાદ આ માગણીઓ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ નાણા મંત્રીશ્રીએ સન ૧૯૯૪–૯૫ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક– ૪, ૬, ૧૦, ૧૩, ૧૫, ૧૯, ૨૧, ૨૪, ૨૬, ૩૦, ૩૯, ૪૨, ૪૩, ૪૫, ૪૬, ૪૯, ૫૦, ૫૨, ૫૩, ૫૭, ૬૩, ૬૫, ૬૭, ૬૮, ૭૩, ૭૭, ૭૮, ૭૯, ૮૨, ૮૩, ૮૪, ૮૬, ૮૭, ૯૨, ૯૫ અને ૯૮ રજૂ કરી અને ત્યારબાદ આ માગણીઓ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ નાણા મંત્રીશ્રીએ સન ૧૯૯૫–૯૬ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક– ૧, ૩, ૪, ૫, ૮, ૯, ૧૦, ૧૨, ૨૦, ૨૨, ૨૪, ૩૭, ૩૮, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૭, ૪૮, ૪૯, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૬, ૭૨, ૭૩, ૭૮, ૮૦, ૮૧, ૮૩ થી ૯૧, ૧૦૧ અને ૧૦૨ રજૂ કરી અને ત્યારબાદ આ માગણીઓ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૬. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

માનનીય અધ્યક્ષશ્રીએ અસંસદીય અને અરૂચિકર ઉચ્ચારણો અંગેનો નિર્ણય આપતાં જણાવ્યું કે, પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સીધો પૂરક પ્રશ્ન પૂછવાને બદલે વક્રોકિતયુકત પૂર્વભૂમિકા બાંધીને નિયમ–૭૮(૪)નો ભંગ કરીને અપમાનજનક અને અસંસદીય ઉચ્ચારણો કર્યા હતા, જે તેઓશ્રીએ તત્તસમયે દૂર કર્યા હતા. વધુમાં તેઓશ્રીએ જણાવ્યું કે, સભ્યશ્રીએ આમ કરીને ગૃહના નિયમો, પ્રણાલિઓ તથા અધ્યક્ષસ્થાનેથી કરેલ વિનંતીના અનાદર બદલ ખેદ કે દિલગીરી વ્યકત કરી ગૃહના માન–સન્માન અને પરંપરાનું જતન કર્યું હોત તો ઉચિત થાત.

**<u>બુધવાર, તા.૯મી માર્ચ, ૨૦૧૧</u>**

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. સભાત્યાગ**

પ્રશ્ન અગ્રતાક્રમ–૫ના પૂરક પ્રશ્નના માનનીય મંત્રીશ્રીના જવાબથી સંતોષ ન થતાં, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા હતા.

**૩. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, છેલ્લા કેટલાક દિવસોથી પ્રશ્નોત્તરી કાળ દરમિયાન પૂરક પ્રશ્નો પૂછતી વખતે સભ્યશ્રીઓ ધ્વારા અભિનંદન, આવકાર, વિશેષણો કે વક્રોકિત કે ટીકાઓનો ઉલ્લેખ થાય છે તે બાબતમાં અવલોકન કરતાં જણાવ્યું કે, પ્રશ્નોત્તરીનો કાળ સૌ સભ્યશ્રીઓ માટે અત્યંત અગત્યનો સમય હોઈ, પ્રજાના પ્રશ્નોનો પ્રતિઘોષ પાડનાર બની રહે એટલા માટે પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન અભિનંદન, આવકાર, વિશેષણો કે વક્રોકિત કે ટીકામાં સમય ન વેડફાય તે માટે સૌ સભ્યશ્રીઓને આવા શબ્દપ્રયોગોથી દૂર રહેવા અને ટૂંકમાં સીધો પ્રશ્ન પૂછવા તેમજ પૂર્વ અધ્યક્ષશ્રીએ તા.૨૫–૨–૨૦૧૦ના રોજ આ બાબતે આપેલ માર્ગદર્શન ગંભીરતાથી ધ્યાનમાં લેવા જણાવ્યું.

## ૪. પોઈન્ટ ઓફ ઓર્ડર

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ, આજની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–પના પૂરક પ્રશ્નનો માનનીય વન મંત્રીશ્રી જવાબ આપી રહયા હતા તે દરમ્યાન વિરોધપક્ષના સભ્યશ્રીઓએ માનનીય અધ્યક્ષશ્રીની વારંવાર વિનંતીઓ છતાં સતત સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કર્યો, જે સમગ્ર સભાગૃહના અને અધ્યક્ષશ્રીના અવમાન સમાન છે, તેથી તેમની પાસે દિલગીરી વ્યકત કરાવવી જોઈએ કે ઠપકો આપવો જોઈએ એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા તેમજ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલે મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખી જણાવ્યું કે, અધ્યક્ષશ્રીના નિર્ણયનો અનાદર કરવાથી સભાગૃહનું અવમાન થાય છે. અધ્યક્ષના નિર્ણયના વિરોધમાં સભાત્યાગ કરી શકાય નહીં. ભવિષ્યમાં આ બાબતમાં સૌ સભ્યશ્રીઓને કાળજી રાખવા જણાવ્યું.

**૫.** બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે સમિતિનો ચૌદમો અહેવાલ રજૂ કર્યો.

**૬.** બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

## ૭. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયક

સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૩– સન ૨૦૧૧નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક.

## ૮. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ ગૃહમાં રજૂ થયેલ સન ૨૦૧૦–૨૦૧૧ના અંદાજપત્રની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલાં માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની ચર્ચાના અવકાશ અંગે માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી તથા કાયદા મંત્રીશ્રી સહિત ૧૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

## ૯. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

માનનીય અધ્યક્ષશ્રીએ આજરોજ વિરામ સમયમાં વિધાનસભાના ચોથા માળે આવેલ સમિતિ ખંડ–૧માં રાખવામાં આવેલ ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભામાં સૌ સભ્યશ્રીઓને ઉપસ્થિત રહેવા અંગેની જાહેરાત કરી.

## ગુરૂવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૧૧

### પહેલી બેઠક

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી તેમજ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ, અખિલ ભારતીય પ્રમુખ અધિકારીઓની પરિષદના સંચાલન માટેની ઉચ્ચકક્ષાની 'સ્ટેન્ડીંગ કમિટી'માં સભ્ય તરીકે માનનીય અધ્યક્ષશ્રીની નિમણૂક થવા બદલ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી. ત્યારબાદ માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણભાઈ વોરાએ, ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને રાજય સરકાર તેમજ સૌ સભ્યશ્રીઓ વતી શુભકામનાઓ પાઠવી અને સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પણ તેમાં સૂર પૂરાવી શુભેચ્છાઓ પાઠવી.

## ૧. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

બુધવાર, તા.૯મી માર્ચ, ૨૦૧૧ના રોજ અંદાજપત્ર પર અધૂરી રહેલ સામાન્ય ચર્ચા આગળ ચાલી અને માનનીય રાજયકક્ષાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ વિભાગના તથા માનનીય આરોગ્ય મંત્રીશ્રી સહિત ૨૬ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

## બીજી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. સભાત્યાગ**

ટૂંકી મુદતના પ્રશ્નની ચર્ચા દરમ્યાન, સ્વ.જબરદાન ગઢવીના પરિવારજનોને સરકાર તરફથી વળતરની આજે જ જાહેરાત થવી જોઈએ, તેવા પૂરક પ્રશ્નના માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના જવાબથી અસંતોષ વ્યકત કરતા વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા **સભાત્યાગ** કરી ગયા.

**૩. શોકદર્શક ઉલ્લેખ**

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ.શ્રી કુંદનલાલ જશવંતરાય ધોળકીયાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી, સભ્યો સર્વ શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, પ્રો.મંગળદાસ પટેલ અને શ્રી બાબુભાઈ મે. શાહે સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ આ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવી સદગતને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદગતના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૪. બેઠક મુલતવી રાખવા અંગે**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ.શ્રી કુંદનલાલ ધોળકીયાના અવસાનના માનમાં પ્રણાલિકા મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ઈકબાલભાઈ પટેલે પ્રસ્તાવને સમર્થન આપ્યું અને માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક સર્વ સંમતિથી મુલતવી રાખી.

## શુક્રવાર, તા.૧૧મી માર્ચ, ૨૦૧૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ, આજની તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૭ ઉપરના પ્રશ્નની ચર્ચામાં પ્રશ્નનું સ્વરૂપ ઉલટ તપાસ કે વક્રોકિતયુકત ન હોવું જોઈએ એમ જણાવી આ બાબતમાં વિધાનસભાના નિયમોના નિયમ ૭૮ અને ૮૯ ટાંકી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ અને માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે મંતવ્યો વ્યકત કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ, આ મુદ્દો ગંભીર હોઈ, પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણયો જોયા બાદ પછીથી નિર્ણય આપશે એમ જણાવ્યું.

૩. **નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.**

(૧) અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૨) ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડના સન ૨૦૦૯–૨૦૧૦ના વાર્ષિક હિસાબો, અને સન ૨૦૧૧–૨૦૧૨નું અંદાજપત્ર તેમજ સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષનું સુધારેલું અંદાજપત્ર

(૪) ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૫) ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૬) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૭) ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૮) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૦૫–૨૦૦૬ થી ૨૦૦૮–૨૦૦૯ના વાર્ષિક ઓડિટ અહેવાલો, તેના ઉપર લેવાયેલ પગલાંના નિવેદનો, વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો

(૯) નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન, વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૧૦) આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન, વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૧૧) સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનો સન ૨૦૦૬–૨૦૦૭ નો વાર્ષિક ઓડિટ અહેવાલ અને સન ૨૦૦૯–૨૦૧૦ નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૦૬–૨૦૦૭ના વાર્ષિક ઓડિટ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૧૨) ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૧૩) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ તથા અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૧૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની સન ૧૯૪૯ના મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ અન્વયેની તા.૧૧–૧૦–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– કેવી– ૨૦૧૦નો ૧૩૪– એએમએન– ૨૦૨૦૦૦– ૩૧૩૩– પી.

(૧૫) ગૃહ વિભાગની સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયેની તા.૩–૧૧–૨૦૧૦ ની અધિસૂચના ક્રમાંક– જીજી– ૫૬– ૨૦૧૦– એમએલ એસ– ૨૦૦૭– ૧૬૧૪– ઈ.૧

**૪. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

ગુરૂવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૧૧ના રોજ પહેલી બેઠકમાં અંદાજપત્ર પર અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી અને માનનીય રાજયકક્ષાના નાણા મંત્રીશ્રી સહિત ૧૭ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ આપ્યો.

## <u>સોમવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૧૧</u>

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૭મી માર્ચ, ૨૦૧૧ના રોજ પૂરક માગણીઓ પરની ચર્ચા દરમ્યાન રાઈટ ટુ કવેશ્ચન પૂછવા બાબતમાં તેઓશ્રીએ આપેલ નિર્ણય બાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓએ કરેલ સભાત્યાગ બાબતમાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુલતવી રાખેલ નિર્ણય આપતાં જણાવ્યું કે, તેઓશ્રીએ આ બાબતમાં વિધાનસભાના નિયમો, પ્રણાલીઓ અને પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણયોનો (૧૯૬૯ થી ૧૯૮૪)ના નિર્ણય ક્રમાંક ૫૭૨ તેમજ કોલ અને શકધરના પાર્લામેન્ટરી પ્રેકટીસ એન્ડ પ્રોસિઝર પુસ્તકનો અભ્યાસ કર્યો છે. વિરોધપક્ષના સભ્યો ધ્વારા તેમના નિર્ણય વિરૂધ્ધ કરવામાં આવેલ સભાત્યાગથી સભાગૃહ અને અધ્યક્ષશ્રીનું અવમાન થાય છે. ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ના થાય તેના માટે કાળજી રાખવી.

### ૩. પોઈન્ટ ઓફ ઓર્ડર

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, આજની તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૪ના પ્રશ્નની ચર્ચા દરમ્યાન માનનીય રાજયકક્ષાના ઉર્જા મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નોના આપેલ જવાબો ખૂબ લાંબા હતા તે બાબતમાં અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો (૧૯૬૦–૧૯૮૪)ના પાના નંબર–૨૧૪નો નિર્ણય ક્રમાંક–૩૨૬ ટાંકી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા, માનનીય રાજયકક્ષાના ઉર્જા મંત્રીશ્રી સૌરભ પટેલ, સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો (૧૯૮૫–૨૦૦૦)ના પાના નં.૨૬૬નો નિર્ણય ક્રમાંક–૩૯૦ તેમજ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ વિધાનસભાના નિયમોના નિયમ ૮૯ અને અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના પાના નં.૫૯ની ૧૭મી લાઈન ટાંકી પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ બન્ને પક્ષોને સાંભળ્યા છે, તેઓશ્રી તેમનું રૂલિંગ પછી આપશે એમ જણાવ્યું.

૪. (૧) સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિના પ્રમુખશ્રી વલ્લભભાઈ કાકડિયાએ સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

(૨) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી ફતેસિંહ ચૌહાણે સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કર્યો.

૫. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી ફતેસિંહ ચૌહાણે પ્રસ્તાવ રજૂ કયો કે, "આ સભાગૃહ, સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

### ૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શરૂઆતમાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષ માટેના અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજયપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૩૧, સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૩૫ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ તથા માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૪, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૮૯ માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસે રજૂ કરી.

માગણી ક્રમાંક ૩૧ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૫ અને ૭ થી ૧૦, માગણી ક્રમાંક ૩૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૧ થી ૧૬, માગણી ક્રમાંક ૫૪ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૮, ૨૦ અને ૨૧ અને માગણી ક્રમાંક ૮૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૨ થી ૩૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

### ૭. પોઈન્ટ ઓફ ઓર્ડર

માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે તેમના પ્રવચનમાં મતદાર યાદીઓ સંબંધે રાજય ચૂંટણીપંચ વિરૂધ્ધ કરેલ ઉલ્લેખો સંબંધમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

### ૮. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય

વિરામ પહેલાં, સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે તેમના પ્રવચનમાં રાજય ચૂંટણીપંચ વિરૂધ્ધમાં કરેલ ઉલ્લેખો સંબંધમાં માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, પૂર્વ અધ્યક્ષશ્રીએ આપેલા નિર્ણયના હાર્દ સાથે સંમત થઈ બને ત્યાં સુધી બંધારણીય સ્વાયત્ત સંસ્થાઓના સંદર્ભમાં ટીકાત્મક ઉલ્લેખોથી દૂર રહીએ.

### ૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)(ક્રમશઃ)

ત્યારબાદ વધુ ૭ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

સામાન્ય વહીવટ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ તેમજ માહિતી અને પ્રસારણ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની ચર્ચાનો જવાબ માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે આપ્યો.

ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૫, ૭ થી ૧૬, ૧૮ અને ૨૦ થી ૩૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૩૧, ૩૫, ૫૪ અને ૮૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**મંગળવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૧૧**

**પહેલી બેઠક**

**૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

કર વસૂલાત ખર્ચ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)ને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૨, વિજળી શકિત પરિયોજનાને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૩, ઉદ્યોગને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૯, ખાણ અને ખનિજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૦ તેમજ કલાઈમેટ ચેઈન્જ વિભાગને લગતી સેવા અંગેની કલાઈમેટ ચેઈન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦૭ માનનીય રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તેમજ ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક ૧૨ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૩, અને ૫ થી ૮, માગણી ક્રમાંક ૧૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૩ થી ૧૫ અને ૧૮ થી ૨૦, માગણી ક્રમાંક ૪૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૧, ૨૩, ૨૫ અને ૨૭, માગણી ક્રમાંક ૫૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૯, ૩૦ અને ૩૨, તથા માગણી ક્રમાંક ૧૦૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૩૩ અને ૩૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત ૮ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**૨. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૧૧–૩–૨૦૧૧ તેમજ તા.૧૪–૩–૨૦૧૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરી દરમ્યાન માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી તરફથી ઉઠાવવામાં આવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરના નિર્ણય આપતાં જણાવ્યું કે, પ્રશ્નોત્તરી કાળનો ઉપયોગ સાચા અર્થમાં લોક સમસ્યાને વાચા આપવા કરી શકાય તે માટે સૌ સભ્યશ્રીઓને આપણા નિયમો, પ્રણાલીઓ અને પૂરોગામી અધ્યક્ષશ્રીઓના નિર્ણયો અનુસરીને પૂરક પ્રશ્નો દલીલો, અનુમાનો, વિશેષણો, ટીકાત્મક કે ઉલટ તપાસ પ્રકારના શબ્દપ્રયોગો વગર અને ટૂંકમાં પૂછવા તેમજ મંત્રીશ્રીઓએ પણ તેના જવાબો ટૂંકમાં આપવા ભવિષ્યમાં કાળજી રાખવા જણાવ્યું.

**૩. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, ઉર્જા વિભાગની માગણીઓનું શુધ્ધિપત્રક આજે સવારે જ મળેલ છે જે માગણીઓ રજૂ થયાના ત્રણ દિવસ અગાઉ મળી જવું જોઈએ. એ બાબતમાં જાહેર ખર્ચ પર વિધાનસભાનો અંકુશ પુસ્તકના પાના નં.૩૮ તેમજ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના પાના નં.૧૫ અને ૧૬ ટાંકી શુધ્ધિપત્રકો રજૂ કરવામાં થયેલ વિલંબ બદલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ તપાસ કરીને પછીથી નિર્ણય જાહેર કરવામાં આવશે એમ જણાવ્યું.

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માગણીઓ પરની ચર્ચામાં વધુ ૮ સભ્યશ્રીઓએ ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૮, ૧૩ થી ૧૫, ૧૮ થી ૨૧, ૨૩, ૨૫, ૨૭, ૨૯, ૩૦, અને ૩૨ થી ૩૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૧૨, ૧૩, ૪૯, ૫૦ અને ૧૦૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**બીજી બેઠક**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

## ૨. **શોકદર્શક ઉલ્લેખો**

માનનીય અધ્યક્ષશ્રીએ, તાજેતરમાં જાપાનમાં આવેલ વિનાશક ભૂકંપ તથા સુનામીના કારણે થયેલ ભારે જાનહાનિ અને તબાહી સંબંધમાં શોકદર્શક ઉલ્લેખ કરી, જાપાનની ભયાવહ હોનારતમાં ભોગ બનેલા નાગરિકો પ્રત્યે સદભાવના વ્યકત કરી અને મૃત્યુ પામેલા જાપાનના દિવંગત નાગરિકોના આત્માને શાશ્વત શાંતિ મળે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને સદગતોના માનમાં બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની આ લાગણી જાપાનના ભારત ખાતેના વાણિજય દૂતને મોકલી આપવામાં આવશે એવી જાહેરાત કરી.

## ૩. **નીચેનો કાગળ સભાગૃહના મેજ ઉપર મૂકાયો**

સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ હેઠળ જનતા માટે વિદ્યુત ઉત્પાદન, પ્રવહન અને વિતરણ કરતા નિર્દિષ્ટ ઉદ્યોગોના તમામ રોજગારને આવશ્યક સેવા જાહેર કરતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા.૧–૩–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ– જીએચયુ– ૨૦૧૧(૨૭)– જીયુવી– ૧૧૨૦૧૧– ૨૮૬૧– ક.

## ૪. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર પંદર–પંદર સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

## ૪. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૫, સિંચાઈ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૬, પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૭ તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦૦ માનનીય નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક ૬૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૧૨, માગણી કમાંક ૬૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૪ થી ૨૪, માગણી ક્રમાંક ૬૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૫, ૨૬, ૨૮ થી ૩૪ અને માગણી ક્રમાંક ૧૦૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૩૬ થી ૪૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને ૧૮ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલપસર અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આપ્યો.

નર્મદા વિકાસ વિભાગની માગણી ક્રમાંક ૬૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૧૨ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી. અને આ માગણી મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ બાકીની માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧૪ થી ૨૬, ૨૮ થી ૩૪ અને ૩૬ થી ૪૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામા આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૬૬, ૬૭, અને ૧૦૦ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## **બુધવાર, તા.૧૬મી માર્ચ, ૨૦૧૧**

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

## **૨. પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી શંકરભાઈ દે. વાઘેલાએ, આજની તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૮ ઉપરના પ્રશ્નની ચર્ચામાં, સભ્યશ્રી માનસિંહ ચૌહાણે મહેકમ અંગે પૂછેલ પૂરક પ્રશ્નનો જવાબ માનનીય પંચાયત મંત્રીશ્રીએ ટાળ્યો, જ્યારે આ જ પ્રકારનો પ્રશ્ન સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણે પૂછતાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો. આવો ભેદભાવ રાખવામાં આવે છે, તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ તેમજ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ મંતવ્યો વ્યકત કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ રેકર્ડ જોઈ પછી નિર્ણય આપશે એમ જણાવ્યું.

**૩.** બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે સમિતિનો પંદરમો અહેવાલ રજૂ કર્યો.

**૪.** બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પંદરમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**

શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૭, પરિવહનને લગતી સેવા અંગેની બંદરો અને વાહનવ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૪ માનનીય શ્રમ અને રોજગાર તેમજ વાહનવ્યવહાર મંત્રીશ્રી વજુભાઈ વાળાએ અને બંદરો અને વાહન વ્યવહારને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી કમાંક ૭૫ માનનીય બંદર વિભાગના મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે રજૂ કરી.

માગણી ક્રમાંક ૫૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૬, ૮ થી ૧૫, માગણી ક્રમાંક ૭૪ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૬ થી ૨૪, ૨૬, ૨૮ થી ૩૨ તેમજ માગણી ક્રમાંક ૭૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૩૩ થી ૪૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને ૧૨ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય શ્રમ અને રોજગાર તેમજ વાહનવ્યવહાર મંત્રીશ્રી વજુભાઈ વાળાએ અને માનનીય બંદર વિભાગના મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે આપ્યો.

ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૬, ૮ થી ૨૪, ૨૬, ૨૮ થી ૩૨ અને ૩૩ થી ૪૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૫૭, ૭૪ અને ૭૫ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## ગુરૂવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૧૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨.** **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે આજની તારાંકિત પ્રશ્નોત્તરીમાં અગ્રતાક્રમ–૮૬ અને ૧૫૮ ઉપરના પ્રશ્નો સભ્યશ્રી મનસુખભાઈ ભૂવાએ પૂછેલ એક સરખા છે, જે દાખલ કરી શકાય નહીં. આ બાબતે વિભાગ તથા મંત્રીશ્રી કક્ષાએ કાળજી લેવાવી જોઈએ એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ મંતવ્ય વ્યકત કરતાં જણાવ્યું કે, આ બાબત વિધાનસભા સચિવાલયને લગતી હોઈ તે ગૃહમાં ઉપસ્થિત કરી શકાય નહીં, તેની ચર્ચા અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં થઈ શકે. માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે વિધાનસભાના નિયમોનો નિયમ–૮૧ ટાંકી મંતવ્ય વ્યકત કર્યું કે કોઈપણ પ્રશ્ન કે તેનો કોઈ ભાગ દાખલ કરવો કે નહીં તે સંપૂર્ણપણે અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકારની બાબત છે અને આવી બાબત ગૃહમાં ઉપસ્થિત કરી શકાય નહીં.

માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે, તેઓશ્રીના ક્ષેત્રાધિકાર હેઠળની બાબતો ગૃહમાં ઉપસ્થિત કરી શકાતી નથી. નિયમોમાં પણ આ માટે સ્પષ્ટ જોગવાઈ છે, આમછતાં જયારે આ બાબત ગૃહમાં ઉપસ્થિત કરવામાં આવી છે ત્યારે સ્પષ્ટતા કરવાની કે, સભ્યશ્રી પ્રશ્ન પૂછતા હોય ત્યારે એક જ પ્રકારના પ્રશ્નો હોય તો એક પ્રશ્ન દાખલ થાય છે અને એક નામંજૂર થાય છે એ વાત તેઓ સ્વીકારે છે. વધુમાં ભવિષ્યમાં તેઓશ્રીના ક્ષેત્રાધિકાર હેઠળની બાબતો ગૃહમાં ઉપસ્થિત ન કરવા વિરોધપક્ષના નેતાશ્રીને જણાવ્યું.

**૩.** સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના પ્રમુખ ડો. નીમાબેન બી. આચાર્યએ સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો.

૪. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૩૮, તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૩૯, પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૦ અને પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૧ માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને પ્રવાસન મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે રજૂ કરી.

માગણી ક્રમાંક ૩૮ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૩, ૫, માગણી ક્રમાંક ૩૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૬, ૮ થી ૧૮, ૨૦ થી ૨૨, માગણી ક્રમાંક ૪૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૩ થી ૨૮ અને માગણી ક્રમાંક ૫૧ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૯ થી ૩૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને ૩ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ પ્રવાસન મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે આપ્યો.

ઉપર્યુક્ત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૩, ૫, ૬, ૮ થી ૧૮, અને ૨૦ થી ૩૮ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક ૩૮, ૩૯, ૪૦ અને ૫૧ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૫. **બિન–સરકારી વિધેયકો**

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક–૭– સન ૨૦૦૮નું ગુજરાત અશ્લિલ જાહેર ખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયકના પ્રભારી સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવે સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

(૨) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક–૮– સન ૨૦૦૮નું ગુજરાત ભુંડ સંરક્ષણ અને વસ્તી નિયંત્રણ વિધેયકના પ્રભારી સભ્યશ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

(૩) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧૯– સન ૨૦૧૦નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

(૪) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧૨– સન ૨૦૧૦નું ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયકના પ્રભારી સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

**<u>શુક્રવાર, તા.૧૮મી માર્ચ, ૨૦૧૧</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તથા પહેલી, બીજી અને ત્રીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. **માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો**

(૧) માનનીય અધ્યક્ષશ્રીએ, તા.૧૫–૩–૨૦૧૧ના રોજ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ધ્વારા કામગીરી અંદાજપત્ર પ્રકાશન નંબર–૩૮ પરનું શુધ્ધિપત્રક માગણી રજૂ થઈ તે જ દિવસે મળવા સંબંધમાં, ઉપસ્થિત કરાયેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપતાં જણાવ્યું કે, આ સંબંધમાં તેઓશ્રીએ તપાસ કરાવી છે અને વિભાગ ધ્વારા તા.૧૦–૩–૨૦૧૧ના રોજ વિધાનસભા સચિવાલયને શુધ્ધિપત્રકની નકલો પૂરી પાડવામાં આવી હતી, જે તા.૧૧–૩–૨૦૧૧ના રોજ સભ્યશ્રીઓના ટપાલ ખાનામાં મૂકી પત્રક ભાગ–૨ ધ્વારા સર્વ સભ્યશ્રીઓને જાણ કરવામાં આવી હતી. શુધ્ધિપત્રકની નકલો ટપાલ ખાનામાં નિયમોનુસાર મૂકી હોવાથી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો અસ્વીકાર કર્યો.

(૨) માનનીય અધ્યક્ષશ્રીએ, ગઈ કાલ તા.૧૭–૩–૨૦૧૧ના રોજ પ્રશ્નોત્તરી બાદ પ્રશ્નોત્તરી યાદીના અગ્રતાક્રમ–૮૬ અને ૧૫૮ ઉપરના પ્રશ્ન બાબતે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે ઉપસ્થિત કરેલ મુદ્દામાં તત્સમયે આપેલ નિર્ણયમાં વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે, વિધાનસભાના પ્રશ્નો દાખલ કરવા અંગેના નિયમોના નિયમ–૮૧ની જોગવાઈ મુજબ કોઈપણ પ્રશ્ન કે તેનો ભાગ દાખલ કરવો કે નહીં તે તેમજ કોઈપણ પ્રશ્ન, પ્રસ્તાવ કે વિધેયકને લગતી સૂચના દાખલ કરવી કે નહીં તે બાબત સંપૂર્ણપણે અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકારની બાબત છે. આ બાબતે કોઈ મુદ્દો ગૃહમાં ઉપસ્થિત કરી શકાતો નથી તેવી પ્રસ્થાપિત પ્રેકટીસ છે અને તે સંબંધમાં પૂરોગામી અધ્યક્ષશ્રીઓના અનેક નિર્ણયો પણ છે. આ બાબતે કોઈ

ક્ષતિ હોય તો તેઓશ્રીની ચેમ્બરમાં જઈને ધ્યાન દોરવું જોઈતું હતું. આવું ઔચિત્ય પણ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ દાખવ્યું નથી જે કોઈપણ રીતે યોગ્ય નથી. ભવિષ્યમાં અધ્યક્ષના ક્ષેત્રાધિકાર હેઠળની બાબતો ગૃહમાં ઉપસ્થિત નહીં કરવા કાળજી રાખવા વિનંતી કરી.

**૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી બચુભાઈ કિશોરીએ નિયમ ૧૧૬ અન્વયે, "તાજેતરમાં દાહોદ જિલ્લાના ગરબાડા–દાહોદ અને ઝાલોદ તાલુકાઓમાં લૂંટારાઓનો આતંક વધી રહયો છે. આવા લૂંટારાઓ રાતના સમયે આવી, મારામારી કરી લૂંટ ચલાવી નાસી છૂટતાં હોવાને કારણે આમજનતામાં ભયની લાગણી ફેલાઈ છે. અપૂરતા બંદોબસ્તને કારણે આવા ચોર લૂંટારાઓને મોકળું મેદાન મળવાથી પ્રજામાં ફેલાયેલ ભયની લાગણી દૂર કરવા અને લૂંટારાઓને નશ્યત કરવા રાજય સરકારે લીધેલાં પગલાં" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રફૂલભાઈ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

**૪ જાહેર અગત્યની બાબત પર નિવેદન (નિયમ–૪૪)**

માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે, આદિવાસી નાગરિકોમાં જ જોવા મળતા રોગ સીકલસેલ એનિમિયા નિયંત્રણ કાર્યક્રમ હેઠળ ગુજરાત સીકલસેલ એનિમિયા નિયંત્રણ સોસાયટીની રચના કરવા તેમજ આ રોગને નાથવા સંબંધમાં નિવેદન કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

**૫. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ, માનનીય આરોગ્ય મંત્રીશ્રી નિયમ–૪૪ હેઠળનું નિવેદન ગૃહ સમક્ષ કરી રહયા હતા ત્યારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના કેટલાક સભ્યશ્રીઓએ મંત્રીશ્રીને નિવેદન કરતા અટકાવવાના પ્રયત્નો કર્યા હતા, તે બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પ્રશ્નોત્તરી કાળ સિવાય કોઈપણ સમયે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકાય છે તેમ જણાવી મંતવ્ય વ્યકત કર્યું. માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ તેમજ માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે પણ પોતાના મંતવ્યો વ્યકત કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય પછીથી જાહેર કરશે એમ જણાવ્યું.

**૬. નીચેના કાગળો વિધાનસભાના મેજ ઉપર મૂકાયા.**

(૧) ગુજરાત રાજય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૦૮–૨૦૦૯ના સુધારેલા અંદાજો અને સન ૨૦૦૯–૨૦૧૦ના અંદાજો તથા ૨૦૦૯–૨૦૧૦ના સુધારેલા અંદાજો અને ૨૦૧૦–૨૦૧૧ના અંદાજો તથા આ અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો

(૩) ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૦૭–૨૦૦૮ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપરમૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૪) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૬) ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૭) ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૮) ગુજરાત આદિજાતી વિકાસ કોર્પોરેશનના સન ૨૦૦૮–૨૦૦૯ અને સન ૨૦૦૯–૨૦૧૦ના વાર્ષિક અહેવાલો તથા સન ૨૦૦૮–૨૦૦૯ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૯) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણતેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૧૦) ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૧૧) ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૧૨) ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ અને હિસાબો

(૧૩) ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૧૪) ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની

(૧) તા.૫–૫–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–૧૦૨૦૧૦(૨૫)
–જીઆઈડી–૧૦૨૦૦૪–૧૪૯૬–ગ

(૨) તા.૧૬–૯–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–૨૦૧૦(૩૬)
–જીઆઈડી–૧૦૨૦૦૯–૯૫૮(પા.ફા.૪)–ગ

(૩) તા.૧૬–૯–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–૨૦૧૦(૪૦)
–જીઆઈડી–૧૦૨૦૦૯–૯૫૮(પા.ફા.૩)–ગ

(૧૫) ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ અન્વયેની
તા.૧૮–૯–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચયુ– ૧૦– ૩૯– એસઆઈઆર– ૧૧૨૦૦૯–
૧૦૧૪૯૨– આઈ

**૭.** જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ લાખાવાલાએ સમિતિનો બારમો અને તેરમો અહેવાલ રજૂ કર્યો.

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

શિક્ષણ વિભાગને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૮, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯ માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ તેમજ પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૩, જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૪ તેમજ ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૬ માનનીય રાજયકક્ષાના જેલ અને ગૃહ મંત્રીશ્રી પ્રફૂલભાઈ પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક ૮ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૩, ૫ થી ૧૩, ૧૫ થી ૧૭ અને ૧૯, માગણી ક્રમાંક ૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૦ થી ૨૬, માગણી ક્રમાંક ૪૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૯ થી ૩૬, ૪૦ અને ૪૧, માગણી ક્રમાંક ૪૪ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૪૨ અને ૪૪ અને માગણી ક્રમાંક ૪૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૪૫ અને ૪૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

**૯. પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ, આજે નિરમાના અસરગ્રસ્ત ખેડૂતો ધારાસભ્યશ્રી મારફત પત્ર લખી માનનીય અધ્યક્ષશ્રીને મળવા આવતા હતા તે દરમ્યાન તેમને રોકવામાં આવ્યા તેમજ મહિલાઓ તથા બાળકો ઉપર લાઠી ચાર્જ કરવામાં આવ્યો તેનાથી ગૃહનું અવમાન થયેલ છે, માટે જેમણે આ કૃત્યુ કર્યું છે એમની સામે પગલાં લેવાં જોઈએ એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ આ ગૃહની બહાર બનેલી ઘટના છે જેને ગૃહની કાર્યવાહી સાથે સંબંધ નથી તેમજ આવી ઘટના ગૃહની વ્યવસ્થાનો ભાગ બનતી નહીં હોવાથી તેઓ સભ્યશ્રીનો મુદ્દો માન્ય રાખતા નથી તેમ જણાવ્યું.

આ તબક્કે સભ્ય ડો.કનુભાઈ કળસરિયા પણ પોતાના સ્થાન ઉપર ઉભા થઈ કંઈક રજૂઆત કરવા લાગ્યા. વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પોતાના સ્થાન ઉપર ઉભા થઈ સતત સત્રોચ્ચાર શરૂ કર્યો.

**૧૦. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી અનિલભાઈ પટેલે ચર્ચામાં ભાગ લીધો.

વિરોધપક્ષના સભ્યશ્રીઓ ધ્વારા સતત સૂત્રોચ્ચાર ચાલુ રાહયો. આ તબક્કે સભ્ય ડો.કનુભાઈ કળસરિયા સૂત્રોચ્ચાર કરતા કરતા વેલમાં ઘસી આવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેઓશ્રીને નિયમ–૫૧ હેઠળ સભાગૃહમાંથી દૂર કરવા માટે સાર્જન્ટને આદેશ આપતાં, સલામતી દળના સભ્યો ધ્વારા સભ્યશ્રીને સભાગૃહમાંથી દૂર કરવામાં આવ્યા. તેની સાથે જ વિરોધપક્ષના નેતાશ્રી સહિત ગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા **સભાત્યાગ** કરી ગયા.

**૧૧. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ સભાગૃહની કાર્યવાહી, નિયમો અને પ્રણાલીઓથી ચાલે છે. કયા સભ્યશ્રીને બોલવા માટે તક આપવી એનો અબાધિકત અધિકાર અધ્યક્ષશ્રીને છે, ત્યારે આજે ભા.જ.પ.ના એક સભ્યશ્રીને બોલવાની તક આપો એવા પ્રકારના સૂત્રોચ્ચાર કરી વિરોધપક્ષના સભ્યશ્રીઓએ સભાગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કર્યો હોવાથી તેમને ઠપકો આપવો જોઈએ એ બાબતમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

**આ તબક્કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિતના વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાગૃહમાં પરત આવી ગયા.**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડરના પ્રસ્તુત મુદ્દામાં સભ્ય ડો.કનુભાઈ કળસરિયાના નામનો ઉલ્લેખ થયેલ હોઈ તેમને ખુલાસો કરવા દેવો જોઈએ એ મતલબનું મંતવ્ય વ્યકત કર્યું. વિરોધપક્ષના નેતાએ વ્યકત કરેલ મંતવ્ય સામે વિરોધ થતાં, વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સતત સૂત્રોચ્ચાર કરતા કરતા **સભાત્યાગ** કરી ગયા.

માનનીય અધ્યક્ષશ્રીએ, બન્ને પક્ષના સભ્યશ્રીઓને સાંભળ્યા છે, અને પ્રસ્તુત મુદ્દા પરનું રૂલિંગ તેઓ પછી આપશે એમ જણાવ્યું.

**૧૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી અનિલભાઈ પટેલે તેમનું અધૂરૂં રહેલ પ્રવચન પૂરૂં કર્યું.

ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરા અને માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રફૂલભાઈ પટેલે આપ્યો.

ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૩, ૫ થી ૧૩, ૧૫ થી ૧૭, ૧૯ થી ૨૬, ૨૯ થી ૩૬, ૪૦ થી ૪૨ અને ૪૪ થી ૪૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૮, ૯, ૪૩, ૪૪ અને ૪૬ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**<u>સોમવાર, તા.૨૧મી માર્ચ, ૨૦૧૧</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ–૧૧૬)**

સભ્ય ડો.નીમાબેન આચાર્યએ નિયમ–૧૧૬ અન્વયે, "તા.૧૬–૩–૨૦૧૧ના રોજ કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતેની રામબાગ હોસ્પિટલમાં બાળકોને મીઝલ્સ વેકસીન (ઓરીની રસી)ના ઈન્જેકશનો આપવાથી ચાર બાળકોનાં મૃત્યુ થતાં સ્થાનિક લોકોમાં ફેલાયેલ ગભરાટ, ચિંતા અને રોષની લાગણી દૂર કરવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાર (સાતમો દિવસ)**

મહેસૂલ વિભાગને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૬, જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૮, કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૯, રહેણાંકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૮૫, માર્ગો અને પુલોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૮૬, ગુજરાત પાટનગર બાંધકામ યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૮૭ માનનીય મહેસૂલ અને માર્ગ મકાન મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે તેમજ મહિલા અને બાળ વિકાસને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦૫ માનનીય રાજયકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રી પ્રો. શ્રીમતી વસુબેન ત્રિવેદીએ રજૂ કરી.

માગણી ક્રમાંક ૭૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૪, ૬ થી ૯, ૧૧ અને ૧૨, માગણી ક્રમાંક ૭૮ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૪ થી ૧૬, માગણી ક્રમાંક ૭૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૮ થી ૨૦, માગણી ક્રમાંક ૮૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૩ અને ૨૪, માગણી ક્રમાંક ૮૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૫, ૨૭ થી ૨૯, માગણી ક્રમાંક ૮૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૩૧, ૩૩ અને ૩૪ તથા માગણી ક્રમાંક ૧૦૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૩૬ થી ૪૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને ૧૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રી પ્રો. શ્રીમતી વસુબેન ત્રિવેદીએ તેમજ મહેસૂલ, માર્ગ અને મકાન મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આપ્યો.

ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૪, ૬ થી ૯, ૧૧ અને ૧૨, ૧૪ થી ૧૬, ૧૮ થી ૨૦, ૨૩ થી ૨૫, ૨૭ થી ૨૯, ૩૧, ૩૩, ૩૪ અને ૩૬ થી ૪૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૭૬, ૭૮, ૭૯, ૮૫, ૮૬, ૮૭ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## મંગળવાર, તા.૨૨મી માર્ચ, ૨૦૧૧

## પહેલી બેઠક

### ૧. અધ્યક્ષશ્રીનો નિર્ણય

(૧) તા.૧૬–૩–૨૦૧૧ના રોજ પ્રશ્નોત્તરી દરમ્યાન અગ્રતાક્રમ–૮ના પ્રશ્નની ચર્ચામાં સભ્યશ્રી માનસિંહ ચૌહાણ ધ્વારા પૂછાયેલ પૂરક પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રીએ આ પૂરક પ્રશ્ન મૂળ પ્રશ્નની ક્ષેત્રમર્યાદામાં આવતો ન હોવાથી ઉત્તર આપવાની ના પાડી હતી. જયારે સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણ ધ્વારા પૂછાયેલ પૂરક પ્રશ્નનો જવાબ આપ્યો હતો. તે બાબતમાં સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુલતવી રાખેલ નિર્ણય આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, સમગ્ર રીતે જોતાં મંત્રીશ્રીએ મૂળ પ્રશ્નની ક્ષેત્રમર્યાદાને થોડી વિસ્તૃત કરીને પંચાયત સહાયકોની સંખ્યા જવાબમાં જણાવી તે યોગ્ય ન હતું, પરંતુ તેનાથી અગાઉ સભ્યશ્રી માનસિંહ ચૌહાણે મૂળ પ્રશ્નની ક્ષેત્રમર્યાદા બહાર પૂછેલ પૂરક પ્રશ્ન સંબંધે માનનીય મંત્રીશ્રીએ અલગ નોટીસ આપવાની જે વાત કરી હતી તે યોગ્ય હતી, અને સભ્યશ્રીના પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો અસ્વીકાર કર્યો.

(૨) તા.૧૮–૩–૨૦૧૧ના રોજ વિરોધપક્ષના સભ્યો સૂત્રોચ્ચાર કરતા કરતા વોકઆઉટ કરી ગયા બાદ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ, વિધાનસભાની પ્રણાલિકાઓ અને નિયમો પ્રમાણે સભાગૃહમાં કયા સભ્યશ્રીને બોલવાની તક આપવી તેના અબાધિત અધિકારો અધ્યક્ષશ્રીને મળેલા છે તેમજ કયા પક્ષના સભ્ય કયા મુદ્દા પર બોલશે તે માટે સમય ફાળવવા તે સંબંધિત નામોની યાદી પક્ષના દંડકશ્રી ધ્વારા અધ્યક્ષને આપવામાં આવે છે. આમછતાં વિરોધપક્ષના કેટલાંક સભ્યશ્રીઓ, સભ્યશ્રીને બોલવા દો એવા સૂત્રોચ્ચાર સાથે સભાગૃહની કાર્યવાહી થંભાવી દે અને ગૃહમાં વિક્ષેપ ઉભા કરે એના માટે ઠપકો આપવો જોઈએ એ બાબતમાં ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુલતવી રાખેલ નિર્ણય આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, વિધાનસભાના નિયમોના નિયમ–૨૮ સ્પષ્ટ છે તેમાં દર્શાવ્યા મુજબ કયા સભ્યને કયારે સભાગૃહમાં બોલવા દેવા તે તેઓશ્રીના ક્ષેત્રાધિકારની બાબત છે. આથી માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખી, વિરોધપક્ષના સભ્યશ્રીઓને આ બાબતે ભવિષ્યમાં કાળજી લેવા જણાવ્યું.

### ૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૨, અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજનાને લગતી સેવા અંગેની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૫, યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૮ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ રજૂ કરી.

માગણી ક્રમાંક ૯૨ ઉપરની કાપ દરખાસ્તો કમાંક ૧, ૫, ૬, ૯ થી ૧૩, માગણી ક્રમાંક ૯૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૫, ૧૭ અને ૧૮ તથા માગણી ક્રમાંક ૯૮ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૦ થી ૨૪, ૨૬, ૨૮ અને ૩૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને ૧૮ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા અને રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ ચર્ચાનો જવાબ આપવાનો શરૂ કર્યો. અને જવાબ દરમ્યાન તેમણે કોંગ્રેસને ઉદ્દેશીને કરેલાં ઉચ્ચારણો સામે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પોતપોતાના સ્થાન ઉપર ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર શરૂ કર્યા બાદ, સૂત્રોચ્ચાર કરતા કરતા **સભાત્યાગ** કરી ગયા.

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ તેમનો અધૂરો જવાબ પૂરો કર્યો.

ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૫, ૬, ૯ થી ૧૩, ૧૫, ૧૭, ૧૮, ૨૦ થી ૨૪, ૨૬, ૨૮ અને ૩૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૯૨, ૯૫ અને ૯૮ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## બીજી બેઠક

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

### ૨. પોઈન્ટ ઓફ ઓર્ડર

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ વિધાનસભાના નિયમોના નિયમ ૮૯ તેમજ સંસદીય પ્રણાલી અને કાર્યરીતિ પુસ્તકના પાના નં.૩૨૪ અને ૨૮૯ ટાંકી આજની તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૪ ઉપરના પ્રશ્નની ચર્ચામાં પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પ્રશ્નના ક્ષેત્રાધિકારથી બહાર જઈને ક્રિકેટની ટિકિટના કાળા બજાર થાય છે તેવા ઉચ્ચારણો કર્યા છે તે બદલ તેમને ઠપકો આપવો જોઈએ તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પુસ્તકના પાના નં.૨૪૯ ટાંકી મંતવ્ય વ્યકત કર્યું. માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ તેમજ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પણ પોતાનું મંતવ્ય વ્યકત કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ, બન્ને પક્ષના સભ્યશ્રીઓને સાંભળ્યા છે અને તેઓશ્રી નિર્ણય પછીથી આપશે એમ જણાવ્યું.

### ૩. નીચેનો કાગળ સભાગૃહના મેજ ઉપર મૂકાયો.

તા.૨૮–૨–૨૦૧૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી જેઠાભાઈ ભરવાડના, "પંચમહાલ જિલ્લામાં વેટની થયેલ આવક" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૮૧૨૦ (અગ્રતાક્રમ–૧૧)ના અનુસંધાને વધારાની માહિતી.

### ૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૨, અન્ને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૩ તેમજ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૯, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૧ માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ તેમજ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક ૨૨ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૭, ૯ થી ૧૨, માગણી ક્રમાંક ૨૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૩ થી ૧૭, માગણી ક્રમાંક ૬૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૮ થી ૨૫ તથા માગણી ક્રમાંક ૭૧ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૬ થી ૩૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને ૧૬ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

### ૫. અધ્યક્ષશ્રીનો નિર્ણય

માનનીય અધ્યક્ષશ્રીએ, પ્રશ્નોત્તરી બાદ સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો તત્સમયે મુતલવી રાખેલ નિર્ણય આપતાં જણાવ્યું કે, સભ્યશ્રી અર્જુનભાઈએ પૂછેલ પૂરક પ્રશ્ન મૂળ પ્રશ્નની ક્ષેત્રમર્યાદા બહારનો અને પ્રશ્નોના નિયમોની જોગવાઈઓના ઉલ્લંઘન સમાન

અને પ્રશ્નોત્તરી કાળમાં વિક્ષેપ પાડનાર હતો. આ બાબતે તેઓશ્રી આ ગૃહની કાર્યવાહી, નિયમો, પ્રણાલીઓ તથા પૂર્વ અધ્યક્ષોના નિર્ણયોથી વાકેફ હોવા છતાં મૂળ પ્રશ્નની ક્ષેત્રમર્યાદા બહાર પૂછેલ પૂરક પ્રશ્ન કોઈપણ રીતે યોગ્ય ન હતો. માનનીય મંત્રીશ્રીનો મુદ્દો ગ્રાહય રાખી, ભવિષ્યમાં આ બાબતે કાળજી રાખવા સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાને તાકીદ કરી.

## ૬. પોઈન્ટ ઓફ ઓર્ડર

(૧) માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, અધ્યક્ષશ્રી જયારે રૂલિંગ આપી રહયા હતા તે દરમ્યાન એક મંત્રીશ્રીએ સભાગૃહમાં આવી પોતાનું સ્થાન લીધું આ વાજબી નથી, અધ્યક્ષશ્રીના અવમાન સમાન છે. હકીકતમાં માનનીય અધ્યક્ષશ્રી ઉભા હોય ત્યારે સભ્યશ્રીઓ કે અધિકારી દીર્ઘામાં પણ અવરજવર થઈ શકતી નથી એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી વિરોધપક્ષના નેતાશ્રીના મુદ્દા સાથે સંમત થઈ ભવિષ્યમાં આ બાબતે કાળજી લેવામાં આવશે એમ જણાવી મંતવ્ય વ્યકત કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ સૌ સભ્યશ્રીઓને ભવિષ્યમાં આ બાબતે કાળજી રાખવા જણાવ્યું.

(૨) માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નિયમ–૫૭(૧) ટાંકી સભાગૃહમાં વર્તમાનપત્રો, મેગેઝીન કે કોઈપણ પુસ્તકો વાંચી શકાતાં નથી, આમછતાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ સભાગૃહમાં, 'આઉટલુક' મેગેઝીન વાંચી રહયા હતા તે બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં મંતવ્ય વ્યકત કરતાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ભવિષ્યમાં તેઓશ્રી કાળજી રાખશે, પરંતુ સામા પક્ષે માનનીય મંત્રીશ્રીઓ ફાઈલો જોવાથી દૂર રહે એમ જણાવ્યું. માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા તેમજ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ મંતવ્યો વ્યકત કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ આ મુદ્દે તેઓશ્રી અભ્યાસ કરીને પછીથી રૂલિંગ આપશે એમ જણાવ્યું.

## ૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) (ક્રમશઃ)

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો તેમજ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે આપ્યો.

ચર્ચાના જવાબ પરની પ્રશ્નોત્તરી દરમ્યાન એક સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયા બાદ અન્ય સભ્યશ્રી પ્રશ્ન પૂછવા ઉભા થતાં તેઓશ્રીને અટકાવી માનનીય અધ્યક્ષશ્રીએ માગણીઓ ઉપરની કાપ દરખાસ્તો મત ઉપર મૂકતાં, તેનાથી નારાજ થઈ સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓ પ્રશ્ન પૂછવા દેવા જોઈએ એવી રજૂઆત કરતા કરતા **સભાત્યાગ** કરી ગયા.

ત્યારબાદ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૭ અને ૯ થી ૩૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨૨, ૨૩, ૬૯ અને ૭૧ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## <u>બુધવાર, તા.૨૩મી માર્ચ, ૨૦૧૧</u>

આજની તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૧ના પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રી આપે તે પહેલાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ કંઈક રજૂઆત કરવા ઉભા થતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેઓશ્રીને પ્રશ્નોત્તરી બાદ મુદ્દો ઉપસ્થિત કરવા જણાવતાં સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પોતપોતાના સ્થાન ઉપર ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર કરવાનો શરૂ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ સૌ સભ્યશ્રીઓને પોતાનું સ્થાન લઈ શાંતિ જાળવવા તેમજ પ્રશ્નોત્તરી બાદ મુદ્દો ઉપસ્થિત કરી શકાય એમ વારંવાર વિનંતીઓ કરવા છતાં સૂત્રોચ્ચાર અને ઘોંઘાટની પ્રક્રિયા ચાલુ રહી. આ તબકકે શાસકપક્ષ તરફથી પણ સૂત્રોચ્ચાર શરૂ થયા. આમ સભાગૃહમાં સતત સૂત્રોચ્ચાર, ઘોંઘાટ અને ખલેલ પહોંચાડવાની પ્રક્રિયા ચાલુ રહેતા સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ બપોરના ૧૨.૦૮ વાગ્યે સભાગૃહની બેઠક ૧.૦૦ વાગ્યા સુધી મુલતવી રાખી.

## મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧.૦૦ વાગ્યે ફરી મળી

૧. સચિવશ્રીએ બારમી ગુજરાત વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે, તેવાં સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક–૪ અને ૧૩ સભાગૃહના મેજ ઉપર મૂકયાં.

૨. (૧) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી કાંતિલાલ લકુમે સમિતિનો આઠમો અહેવાલ રજૂ કર્યો.

(૨) બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે સમિતિનો સોળમો અહેવાલ રજૂ કર્યો.

૩. બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સોળમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)**

કૃષિને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨, નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી માટેની માગણી ક્રમાંક ૩, પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪, સહકારને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫, મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬ માનનીય કૃષિ અને સહકાર તેમજ મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ તેમજ ન્યાયતંત્રનો વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૦ માનનીય રાજયકક્ષાના કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ કરી.

માગણી ક્રમાંક ૨ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૧૦, માગણી ક્રમાંક ૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૧ થી ૧૩, માગણી ક્રમાંક ૪ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૪, ૧૬ અને ૧૭, માગણી ક્રમાંક ૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૮ થી ૨૨ અને ૨૪, માગણી ક્રમાંક ૬ ઉપરની કાપ દરખાસતો ક્રમાંક ૨૫ થી ૨૭ તથા માગણી ક્રમાંક ૬૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૮, ૩૦ થી ૩૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને કુલ ૧૮ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમજ માનનીય કૃષિ, સહકાર અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ આપ્યો.

ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૧૪, ૧૬ થી ૨૨, ૨૪ થી ૨૮ અને ૩૦ થી ૩૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨, ૩, ૪, ૫, ૬ અને ૬૦ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**<u>ગુરૂવાર, તા.૨૪મી માર્ચ, ૨૦૧૧</u>**

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨.** માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

**૩.** માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૬, પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૭, અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૩, આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૬, માનનીય વન અને પર્યાવરણ તેમજ આદિજાતિ વિકાસ મંત્રીશ્રી મંગુભાઈ પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક ૨૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૧૦, માગણી ક્રમાંક ૨૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૧ થી ૧૬ અને ૧૮, માગણી ક્રમાંક ૯૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૯ થી ૨૭ તથા માગણી ક્રમાંક ૯૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૮, ૩૦ અને ૩૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

સભ્યશ્રી રમણલાલ પાટકર પ્રવચન કરી રહયા હતા તે દરમ્યાન પ્રેક્ષક દીર્ઘામાંથી એક વ્યકિત ધ્વારા સભાગૃહમાં પત્રિકાઓ નાખી સૂત્રોચ્ચાર કરવામાં આવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આદેશ આપતા સલામતી દળના સભ્યો ધ્વારા આ વ્યકિતને સભાગૃહમાંથી દૂર કરવામાં આવ્યો.

## ૫. મુખ્ય દંડકશ્રીનો પ્રસ્તાવ

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજકુમાર દેસાઈએ સભ્યશ્રી રમણલાલ પાટકર પ્રવચન કરી રહયા હતા તે દરમ્યાન જે વ્યકિતએ સભાગૃહની નજર સમક્ષ પ્રેક્ષક દીર્ઘામાંથી સભાગૃહમાં પત્રિકાઓ નાખી સૂત્રોચ્ચાર કરી ગૃહનું અવમાન કરેલ છે તે બદલ આ વ્યકિતને આજની સભાગૃહની બેઠકની કાર્યવાહી પૂરી થાય ત્યાં સુધી અટકાયતમાં રાખવાનો પ્રસ્તાવ રજૂ કરતાં, કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ઈકબાલભાઈ પટેલે આ પ્રસ્તાવને સમર્થન કર્યું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

## ૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) (ક્રમશઃ)

ત્યારબાદ ૧૭ વધુ સભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ આપવા માનનીય વન અને પર્યાવરણ તેમજ આદિજાતિ વિકાસ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ આપવા ઉભા થયા તે તબકકે વિરોધપક્ષના કેટલાક સભ્યશ્રીઓએ પોતાના સ્થાન ઉપર ઉભા થઈ **ડીસેગ** બંધ કરો એવા સતત સૂત્રોચ્ચાર શરૂ કર્યા અને સતત સૂત્રોચ્ચાર કરતા કરતા વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ **સભાત્યાગ** કરી ગયા.

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી મંગુભાઈ પટેલે તેમનો અધૂરો રહેલો જવાબ પૂરો કર્યો.

ઉપરોકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૧૬, ૧૮ થી ૨૮, અને ૩૦ થી ૩૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨૬, ૨૭, ૯૩ અને ૯૬ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## ૮. બિન–સરકારી કામકાજ

### (૧) બિન સરકારી વિધેયકો

**દાખલ કરવાના વિધેયકો**

૧) સભ્ય શ્રીમતી વર્ષાબેન દોશીએ સન ૨૦૧૧નું ગુજરાત ઘરેલું કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૨) સભ્યશ્રી મફતભાઈ પુરોહિતે સન ૨૦૧૧નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૩) સભ્યશ્રી કમાભાઈ રાઠોડે સન ૨૦૧૧નું ગુજરાત રોઝડા સંરક્ષણ અને વસ્તી નિયંત્રણ વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૪) સભ્યશ્રી રાકેશભાઈ શાહે સન ૨૦૧૧નું ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૫) સભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલાએ સન ૨૦૧૧નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૬) સભ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ સન ૨૦૧૧નું ગુજરાત અમુક જાહેર સ્થળોમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

### (૨) બિન સરકારી સંકલ્પો

૧) સભ્યશ્રી આર.સી. પટેલે, "કેન્દ્ર અને રાજયો વચ્ચે સંવાદિતતાનું વાતાવરણ ઉભું કરવા કેન્દ્ર સરકારને અનુરોધ કરવા" અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને સંસદીય બાબતોના મંત્રીશ્રી સહિત કુલ ૬ સભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ સભ્યશ્રી આર.સી. પટેલે આપ્યો.

ત્યારબાદ સંકલ્પ સભાગૃહની અનુમતિથી પાછો ખેંચી લેવામાં આવ્યો.

૨) સભ્યશ્રી અમિતકુમાર ચાવડાએ, "ડાર્ક ઝોનમાં ખેતી માટે સિંચાઈના પાણી મળે તે માટે ખેડૂતોને તાકીદે વીજ કનેકશન આપવા ખાસ યોજના કરવા" અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી સહિત કુલ ૭ સભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ સભ્યશ્રી અમિતકુમાર ચાવડાએ આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

**શુક્રવાર, તા.૨૫મી માર્ચ, ૨૦૧૧**

**૧. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ સૌ સભ્યશ્રીઓ વતી ઓસ્ટ્રેલિયા સામે ભારતીય ટીમે મેળવેલ વિજય બદલ અભિનંદન પાઠવ્યા તેમજ વિશ્વકપની આગામી મેચોમાં ભારતીય ટીમ વિજયી બને તે માટે શુભકામનાઓ પાઠવી.

**૨.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્ય શ્રીમતી વંદનાબેન મકવાણાએ નિયમ–૧૧૬ અન્વયે, "તા.૨૧–૩–૨૦૧૧ના રોજ જૂનાગઢ જિલ્લાના તાલાલા તાલુકાના મોરૂકા ગીર ગામે સિંહે એક મહિલા પર હુમલો કરી તેનું મૃત્યુ નીપજાવતાં સ્થાનિક લોકોમાં ફેલાયેલ ભય, ચિંતા અને રોષની લાયણી દૂર કરવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વન મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

**૪. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય નાણા મંત્રીશ્રી સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળોની પેટા બાબત ૧ રજૂ કરવા ઉભા થયા ત્યારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, 'અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો' (૧૯૬૦–૧૯૮૪) પુસ્તકના પાના નં.૨૯નો નિર્ણય ક્રમાંક ૩૨ ટાંકી માનનીય નાણા મંત્રીશ્રી જે ઓડિટ અહેવાલો રજૂ કરી રહયા છે તે બજેટ રજૂ થઈ ગયાના એક અઠવાડિયામાં રજૂ કરી દેવા જોઈએ તેના બદલે માગણીઓ પરની ચર્ચાના છેલ્લા દિવસે રજૂ કરી રહયા છે તે બાબતમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ અને સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ મંતવ્યો વ્યકત કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ટાંકેલ પૂર્વ અધ્યક્ષનો નિર્ણય સી.એ.જી.ના ઓડિટ અહેવાલ રજૂ કરવા સંબંધનો છે, જયારે આજે રજૂ થતા અહેવાલો બોર્ડ, કોર્પોરેશનના અહેવાલો છે, જે પ્રથા પ્રમાણે દર શુક્રવારે મેજ ઉપર મૂકવામાં આવે છે તેમ જણાવી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો મુદ્દો નામંજૂર કર્યો.

**૫. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.**

(૧) ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને ભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૨) ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૪) ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૦૯–૨૦૧૦ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

(૬) ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૭) સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાનાં નિવેદનો, વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૮) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૯) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૧૦) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૧૧) ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૧૨) ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૧૩) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૧૪) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૧૫) ગુજરાત રાજય નાણાકીય નિગમના સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ

(૧૬) ગુજરાત રાજય ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૧૦–૨૦૧૧ના સુધારેલ અંદાજો અને સન ૨૦૧૧–૨૦૧૨નું અંદાજપત્ર

(૧૭) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો

(૧૮) ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૧૯) ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ અને હિસાબો

(૨૦) શ્રમ અને રોજગાર વિભાગની સન ૧૯૪૮ના મુંબઈ દુકાનો અને સંસ્થા અધિનિયમ અન્વયેની

(૧) તા.૬–૨–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચઆર– ૨૦૧૦– ૧૬– બીએસઈ– ૧૯– ૨૦૧૦– ૧૭૧૧૩– એમ(૩)

(૨) તા.૨૦–૫–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચઆર– ૨૦૧૦– ૪૬– બીએસઈ– ૧૯– ૨૦૦૯– ૫૯૨૫૦૬– એમ(૩)

(૩) તા.૪–૬–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચઆર– ૨૦૧૦– ૫૩– બીએસઈ– ૧૯– ૨૦૦૯– ૭૧૯૪૪૧– એમ(૩)

(૪) તા.૪–૬–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચઆર– ૨૦૧૦– ૫૪– બીએસઈ– ૧૯– ૨૦૦૮– ૫૦૨૦૯૪– એમ(૩)

(૫) તા.૨૩–૮–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચઆર– ૨૦૧૦– ૮૦– બીએસઈ– ૧૯– ૨૦૧૦– ૭૧૯૪૪૧– એમ(૩)

(૬) તા.૨૩–૮–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક–જીએચઆર–૨૦૧૦–૮૧–બીએસઈ–૧૯–૨૦૧૦–૩૬૭૫૦૧–એમ(૩)

(૭) તા.૧૪–૧૦–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચઆર– ૨૦૧૦– ૮૮– બીએસઈ– ૧૯–૨૦૧૦– ૧૯૮૭૨૩– એમ(૩)

(૮) તા.૨–૧૧–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચઆર– ૨૦૧૦– ૯૪– બીએસઈ– ૧૯–૨૦૧૦– ૧૯૮૬૯૮– એમ(૩)

(૯) તા.૧૧–૧–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક– જીએચઆર– ૨૦૧૧– ૦૯– બીએસઈ– ૧૯–૨૦૧૦– ૮૯૬૮૦૦– એમ(૩)

(૧૦) તા.૨૨–૪–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચઆર– ૨૦૧૦– ૩૬– બીએસઈ– ૧૯–૨૦૦૯– ૨૦૫૧૦– એમ(૩)

(૨૧) નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની,

(૧) તા.૨૪–૯–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– (જીએચએન–૩૯) વીએઆર–૨૦૧૦–(૨૮)– ઠ.

(૨) તા.૨૭–૧૨–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક–(જીએચએન–૪૬) વીએઆર–૨૦૧૦–(૨૯)–ઠ.

(૩) તા.૨૯–૧૨–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક–(જીએચએન–૪૭) વીએઆર–૨૦૧૦–(૩૦)–ઠ.

(૨૨) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની,

(૧) તા.૧૦–૫–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– કેપી–૨૦૧૦નો ૬– ઈએલસી – ૧૦૨૦૦૮–૪૭૫૬– ગ.

(૨) તા.૧૦–૫–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– કેપી– ૨૦૧૦નો ૭– ઈએલસી– ૧૦૨૦૧૦–૮૦૪–ગ.

(૩) તા.૨૬–૮–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક–કેપી– ૨૦૧૦નો ૧૬–ઈએલસી– ૨૦૦૯–૩૫૭–ગ.

(૪) તા.૨૧–૧૨–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– કેપી– ૨૦૧૦નો ૨૨– ઈએલસી– ૧૦૨૦૧૦–૯૮૪–ગ.

(૨૩) ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૫૭ના ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ અન્વયેની,

(૧) તા.૩–૩–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીયુ– ૨૦૧૦– ૧૧– એમસીઆર– ૧૦૨૦૧૦–૧૬૩–છ

(૨) તા.૨૬–૮–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીયુ– ૨૦૧૦(૩૭) એમસીઆર– ૧૦૯૭–એમએમ– ૧૫–છ

(૩) તા.૨૯–૧૦–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએ– જીયુજે– ૨૦૧૦(૪૬)– જીએમઆર–૧૦૨૦૧૦– ૧૪૨૫– છ

(૨૪) ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની તા.૧૪–૫–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચયુ– ૨૦૧૦ (૨૬)– જીઆઈડી– ૨૦૦૯–૨૧૨૮– જી,

(૨૫) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વયેનું તા.૫–૩–૨૦૧૦નું જાહેરનામું ક્રમાંક–૧/૨૦૧૦ અને ૨/૨૦૧૦

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)**

નાણા વિભાગને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૫, કર વસૂલાત ખર્ચ (નાણા વિભાગ)ને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૬, તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૭ અને પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૮ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ રજૂ કરી.

માગણી ક્રમાંક ૧૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૩, ૫ થી ૧૧, માગણી ક્રમાંક ૧૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૨ થી ૧૫, માગણી ક્રમાંક ૧૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૬ થી ૧૮ તથા માગણી ક્રમાંક ૧૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૮(૨) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી તથા માનનીય રાજયકક્ષાના નાણામંત્રીશ્રી સહિત કુલ ૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ આપ્યો.

ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૩ અને ૫ થી ૧૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૧૫ થી ૧૮ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૭. ગિલોટીન થયેલી માગણીઓ**

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષની માગણી ક્રમાંક ૧, ૭, ૧૦, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૪૧, ૪૨, ૪૫, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૭૦, ૭૨, ૭૩, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ રાજય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

## <u>સોમવાર, તા.૨૮મી માર્ચ, ૨૦૧૧</u>

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નિયમ–૪૪ હેઠળનું નિવેદન કરવા ઉભા થયા તે તબકકે સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે ઝીરો અવર્સમાં મુદ્દો ઉપસ્થિત કરવા પ્રયત્ન કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીએ મંત્રીશ્રીને જાણ કરી નથી કે તેઓશ્રીની મંજૂરી લીધી નથી એમ જણાવી તેમને મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી નહીં આપતાં વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પોતપોતાના સ્થાન પર ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર શરૂ કર્યો.

**૨.** માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે, "હોસ્પિટલ અને હોટલ બાંધકામના વિનિયમોમાં સુધારા કરવા" અંગે નિયમ–૪૪ હેઠળ નિવેદન વાંચવાનું શરૂ કર્યું.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા **સભાત્યાગ** કરી ગયા.

ત્યારબાદ માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીએ તેમનું અધૂરૂં રહેલ નિવેદન પૂરૂં કર્યું.

**૩. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા**

(૧) ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ અને આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓ માટેની સ્પષ્ટીકરણાત્મક યાદી

(૨) ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૩) ગુજરાત મેરીટાઈમ બોર્ડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૪) ગુજરાત રાજય કાપડ નિગમના તા.૬–૨–૧૯૯૭ થી ૫–૨–૨૦૦૬ દરમ્યાનના નવ વર્ષના આવક– જાવકના વાર્ષિક પત્રકો (હિસાબ) અને તેની સબસીડીઅરી કંપનીઓ ગુજરાત ટેક્ષફેબ લી., ગુજરાત ફાઈનટેક્ષ લી. અને ગુજરાત સીલ્ટેક્ષ લી.ના તા.૨૧–૧૦–૧૯૯૭ થી ૨૦–૧૦–૨૦૦૬ દરમ્યાનના નવ વર્ષના એકત્રિત વાર્ષિક પત્રકો (હિસાબો) તથા આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો

(૫) ગુજરાત રાજય માનવ અધિકાર આયોગનો સન ૨૦૦૯ –૨૦૧૦નો વાર્ષિક અહેવાલ

(૬) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની,

(૧) તા.૧૫–૭–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– કેપી– ૧૨– ૨૦૧૦– પીએસટી– ૧૦૨૦૧૦– ७૯७– ડી.

(૨) તા.૩–૮–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– કેપી–૧૪– ૨૦૧૦– પીઆરઆર– ૧૦૨૦૦૯– ૨૮૩૯– ભાગ–૧–ડ.

(૩) તા.૨૩–૮–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– કેપી– ૧૫ – ૨૦૧૦ –પીઆરઆર– ૧૧૯૪– ૩૨૪– ડી.

(૪) તા.૩૧–૮–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– કેપી– ૧७– ૨૦૧૦–પીઆરઆર– ૧૦૨૦૦૯– ૧૯७૬–ડી.

(७) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સન ૨૦૦૦ના ધ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) અધિનિયમ અન્વયેની તા.૧૪–૨–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક–જીએચ–એસએચ –૨–૨૦૧૧– જેજેએ–૧૦૨૦૦૮ –૧૬૪૦–છ

(૮) તા.૨૫/૨/૨૦૧૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી ભરતભાઈ બોઘરાના "ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણ બાબત" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૮૧७७ (અગ્રતા–૪) ના અનુસંધાને વધારાની માહિતી.

**૪.** (૧) જાહેર હિસાબ સમિતિના પ્રમુખશ્રી મોહનસિંહ રાઠવાએ સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો.

(૨) પંચાયતી રાજ સમિતિના પ્રમુખશ્રી દિલીપસિંહ પરમારે સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

(૩) બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે સમિતિનો સત્તરમો અહેવાલ રજૂ કર્યો.

**૫.** બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સત્તરમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**૬. નીચેના સરકારી વિધેયકો સભાગૃહે મંજૂર કર્યા અને પસાર કર્યા.**

(૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક,
(૨) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૧નું ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ વિધેયક,

(૩) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨७–સન ૨૦૧૧નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક,

(૪) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૧નું ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત વિધેયક,

(૫) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૧નું સ્વર્ણિમ ગુજરાત રમતગમત યુનિવર્સિટી વિધેયક,

(૬) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૧નું ગુજરાત શરીર રચના વિધેયક,

(७) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૧નું ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) વિધેયક.

**<u>મંગળવાર, તા.૨૯મી માર્ચ, ૨૦૧૧</u>**

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તથા ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

**૨. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા**

(૧) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત નાણાકીય નિગમનો સન ૨૦૦૯–૨૦૧૦ના વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ

**૩.** (૧) જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાલાએ સમિતિનો ચૌદમો અહેવાલ રજૂ કર્યો.

(૨) અનુસૂચિત જન જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી રમણલાલ પાટકરે સમિતિનો ત્રીજો અને ચોથો અહેવાલ રજૂ કર્યો.

**૪. નીચેના સરકારી વિધેયકો સભાગૃહુ મંજૂર કર્યા અને પસાર કર્યા.**

(૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૩૨–સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ વિધેયક,

(૨) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક,

(૩) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (દ્વિતીય) વિધેયક,

(૪) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતીય) વિધેયક.

(૫) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૧નું ગુજરાત ગ્રીન સેસ વિધેયક.

(૬) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૬ – સન ૨૦૧૧નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક.

(૭) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૧નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક.

વિધેયક ક્રમાંક–૨૪, ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીએ આપવાનો શરૂ કર્યો તે તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ **સભાત્યાગ** કરી ગયા.

**૫. બિન–સરકારી વિધેયકો**

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો.**

(૧) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૧૦નું ગુજરાત કારખાનાના કામદારોને (કામચલાઉ મુદત માટે) બેકારી ભથ્થું આપવા બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

(૨) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૦નું ગુજરાત રાજય તકેદારી આયોગ વિધેયકના પ્રભારી સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

(૩) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૦નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયકના પ્રભારી સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

(૪) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૦નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયકના પ્રભારી સભ્યશ્રી રાકેશભાઈ શાહ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

**બુધવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૧૧**

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૬ ઉપરના પ્રશ્નના પૂરક પ્રશ્નના જવાબથી અસંતોષ થતાં, સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પોતપોતાના સ્થાન ઉપર ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર ચાલુ કર્યો.

આ દરમ્યાન અગ્રતાક્રમ–૭ના પ્રશ્નનો મૌખિક જવાબ આપવામાં આવ્યો.

વિરોધપક્ષના સભ્યશ્રીઓ ધ્વારા સતત સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર વિનંતી કરી પ્રશ્નોત્તરી કાળનું મહત્વ સમજી સૌ સભ્યશ્રીઓને પોતાનું સ્થાન લેવા વિનંતી કરવા ઉપરાંત મંત્રીશ્રીએ કેવો જવાબ આપવો એ તેમના અધિકારની વાત છે, તેમને ફરજ પાડી શકાય નહીં. મંત્રીશ્રીના જવાબથી સંતોષ ન હોય તો નિયમ મુજબ કાર્યવાહી થઈ શકે એમ જણાવ્યું. આમછતાં વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી સતત સૂત્રોચ્ચાર, કોલાહલ અને ધાંધલ ધમાલ સભાગૃહમાં ચાલુ રહેતાં, સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ સવારના ૯.૦૬ કલાકે સભાગૃહની બેઠક ૯.૩૦ વાગ્યા સુધી મુલતવી રાખી.

પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી અને નવમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળી**

**૨. માનનીય મુખ્યમંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, "Great Soul, Mahatma Gandhi and his struggle with India"ના લેખક જોસેફ લેલીવેટે તેમના પુસ્તકમાં મહાત્મા ગાંધીના જીવન વિશે અત્યંત વિકૃત અને ધૃણાસ્પદ કરેલ આલેખન બદલ સૌ કોઈની લાગણી દુભાઈ છે તેમજ ગુજરાતમાં આ પુસ્તકના વેચાણ, વિતરણ, પ્રસાર કે પ્રકાશન ઉપર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, એમ જણાવી કેન્દ્ર સરકારને પુસ્તકમાં કરેલ વિકૃત આલેખનને વખોડવા તેમજ સમગ્ર દેશમાં આ પુસ્તકના વેચાણ, વિતરણ કે પુનઃપ્રકાશન પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવા અનુરોધ કરતો પ્રસ્તાવ રજૂ કરતાં, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ તેમજ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તેને સમર્થન કર્યું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો**

**૩. પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળોની બાબત ક્રમાંક–૧ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના ઓડિટ રિપોર્ટ સભાગૃહના મેજ ઉપર મૂકવા માટે માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા ઉભા થયા તે તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો (૧૯૬૦ થી ૧૯૮૪) પુસ્તકના પાના નં.૨૯ પરનો નિર્ણય ક્રમાંક ૩૨ ટાંકી સી.એ.જી.ના અહેવાલો બજેટ રજૂ થયાના એક અઠવાડિયામાં સભાગૃહમાં રજૂ કરવાના હોવા છતાં આજે સત્રના છેલ્લા દિવસે સી.એ.જી.ના અહેવાલ રજૂ થઈ રહયા છે તે સંબંધમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી તેમજ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ મંતવ્યો વ્યકત કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે, પૂર્વ અધ્યક્ષનો નિર્ણય સૂચન રૂપે હોવાથી સરકારને ફરજ પાડી શકાય નહીં. આમ છતાં ભવિષ્યમાં સરકાર આ બાબતે કાળજી રાખે તેવી અપેક્ષા વ્યકત કરી.

**૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા**

(૧) (ક) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૯–૨૦૧૦નો ઓડિટ અહેવાલ (વાણિજિયક) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૯–૨૦૧૦નો રાજયની નાણાકીય પરિસ્થિતિ પરનો અહેવાલ (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૯–૨૦૧૦નો ઓડિટ અહેવાલ (મુલ્કી) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ઘ) ગુજરાત સરકારના સન ૨૦૦૯–૨૦૧૦ના નાણાકીય હિસાબો ભાગ–૧ અને ભાગ–૨ (અંગ્રેજી તથા ગુજરાતી)

(ચ) ગુજરાત સરકારના સન ૨૦૦૯–૨૦૧૦ના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(૨) ગુજરાત રાજય બીજા નાણા પંચનો જૂન–૨૦૦૬નો અહેવાલ તથા આ અહેવાલની ભલામણો પર રાજય સરકારે લીધેલ/લેવા ધારેલ પગલાંનો અહેવાલ, તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૩) ગુજરાત ઈન્ફર્મેટિકસ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૫) તા. ૨૫–૨–૨૦૧૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી ચંદુભાઈ ડાભીના "નર્મદા કેનાલની નાની કેનાલો અને સબ માઈનોર કેનાલો" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૭૩૩૪ (અગ્રતા–૬)ના અનુસંધાને વધારાની માહિતી.

**૫. નીચેના સરકારી વિધેયકો સભાગૃહે મંજૂર કર્યા અને પસાર મંજૂર કર્યા.**

(૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૨– સન ૨૦૧૧નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૧નું મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક – ૩૦ –સન ૨૦૧૧નું ગુજરાત રાજ્ય ફીઝીયોથેરાપી કાઉન્સિલ વિધેયક.

(૪) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૧નું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૧૧નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (દ્વિતીય સુધારા) વિધેયક.

(૬) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૧નું ગુજરાત લોકાયુકત (સુધારા) વિધેયક.

(૭) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૧નું ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

**૬. પોઈન્ટ ઓફ ઓર્ડર**

વિધેયક ક્રમાંક–૧૨, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક પરની ચર્ચા દરમ્યાન, સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોતાના વકતવ્યમાં, વિધેયક પરના સુધારા સિવાયની બાબતોમાં ચર્ચા કરતાં, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો (૧૯૬૦–૧૯૮૪) પુસ્તકના પાના નં.૨૭૬નો નિર્ણય ક્રમાંક ૫૨૪ ટાંકી વિધેયકના સુધારા પરના સ્કોપની બહાર ચર્ચા ન કરવા બાબતમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ અને સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ મંતવ્યો વ્યકત કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ, આ સુધારા વિધેયક હોઈ તેના લિમિટેડ સ્કોપમાં ચર્ચા કરવા સભ્યશ્રીને વિનંતી કરી.

**૭. વૈધાનિક પ્રસ્તાવ (નિયમ–૧૦૦)**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે બંધારણના અનુચ્છેદ ૨૫૨(૨) અન્વયેનો, "માનવ અંગોના પ્રત્યારોપણ અધિનિયમ, ૧૯૯૪માં સુધારા કરવા સંસદને અનુરોધ કરતો" નિયમ–૧૦૦ હેઠળનો વૈધાનિક પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે ચર્ચામાં ભાગ લીધો.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**૮. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)**

" 'તાલુકા સરકાર'ના સુંદર આયોજન અને સંચાલન માટે બે થી ત્રણ તાલુકા વચ્ચે એક પ્રાંત રચી શકાય એવા રાજય સરકારના આયોજન બાબતે વિચારણા કરવા" સંબંધમાં નિયમ–૧૦૨ અન્વયેના છેલ્લા દિવસના પ્રસ્તાવના પ્રભારી સભ્યશ્રી અનિલકુમાર માળી સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

૯. સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**૧૦. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

ત્યારબાદ "વંદે માતરમ" રાષ્ટ્રગીતની ધૂન બજાવવામાં આવી.

બપોરના ૨.૪૬ વાગ્યે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રહી.

## પત્રક ક્રમાંકઃ–૨૫

## (જુઓ ફકરા ક્રમાંકઃ–૩૩)

સત્રમાં સભ્યશ્રીઓએ કેટલી વખત ચર્ચામાં ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક

| અ.નં. | સભ્યશ્રીનું નામ | વિધેયકો | | અંદાજ પત્ર પર ચર્ચા | પ્રસ્તાવો | | | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા | બિન સરકારી સંકલ્પો | વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | વિધાનસભા ની સમિતિઓના અહેવાલ અને બીજા અહેવાલ પર ચર્ચા | અન્ય બાબતો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી વિધેયકો પર ચર્ચા | બિન સરકારી વિધેયકો પર ચર્ચા | | સભા મોકુફી પ્રસ્તાવ પર ચર્ચા | મંત્રીમંડળ માં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવ પર ચર્ચા | બીજા પ્રસ્તાવો. **સરકારી** તેમજ બિન સરકારી સભ્યોના પ્રસ્તાવો પર ચર્ચા | | | | | | |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** | **૯** | **૧૦** | **૧૧** | **૧૨** | **૧૩** | **૧૪** |
| ૧ | ભાનુશાલી, શ્રી જયંતિલાલ પરસોત્તમ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૨ | સેંધાણી, શ્રી ધનજીભાઈ ગોવિંદભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૩ | આહિર, શ્રી વાસણભાઈ ગોપાલભાઈ, (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૪ | મહેશ્વરી, શ્રી રમેશ વચ્છરાજ | – | – | – | – | – | – | ૧ | – | – | – | – | ૧ |
| ૫ | આચાર્ય, ડો.નીમાબેન ભાવેશભાઈ | ૧ | – | ૧ | – | – | – | ૧ | ૧ | – | ૧ | ૧ | ૬ |
| ૬ | શાહ, શ્રી બાબુભાઈ મેઘજી | ૨૨ | – | ૫ | – | – | – | ૧ | – | – | – | ૩ | ૩૧ |
| ૭ | ટુંડિયા, શ્રી શંભુપ્રસાદ બળદેવદાસજી | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૮ | દોશી, શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ | – | – | ૪ | – | – | – | – | – | – | – | – | ૪ |
| ૯ | રાણા, શ્રી કિરીટસિંહ જીતુભા (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| **૧૦** | ખોરાણી, શ્રી ભરતભાઈ વશરામભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧ | ફતેપરા, શ્રી દેવજીભાઈ ગોવિંદભાઈ | ૨ | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૨ | પટેલ, શ્રી હરીલાલ મોહનલાલ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૩ | અમૃતિયા, શ્રી કાંતીલાલ શીવલાલ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | કુંડારિયા, શ્રી મોહનભાઈ કલ્યાણજીભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫ | પીરઝાદા, શ્રી મહમદજાવીદ અબ્દુલમુતલીબ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૬ | બોઘરા, શ્રી ભરતભાઈ ખોડાભાઈ | – | ૩ | – | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૭ | પટેલ, શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ | – | – | ૩ | – | – | – | ૧ | – | – | – | – | ૪ |
| ૧૮ | વાળા, શ્રી વજુભાઈ (મંત્રીશ્રી) | ૮ | – | ૯ | – | – | – | – | – | – | – | ૧૦ | ૨૭ |
| ૧૯ | બાબરીયા, શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૨૦ | વધાસીયા, શ્રી ચંદુભાઈ બચુભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨૧ | કોરાટ, શ્રીમતી જસુબેન સવજીભાઈ | ૧ | – | ૧ | – | – | – | ૧ | ૧ | – | – | – | ૪ |
| ૨૨ | રાદડીયા, શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨૩ | માકડિયા, શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૨૪ | પટેલ, શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ | ૩ | – | ૨ | – | – | – | ૧ | – | – | – | ૧ | ૭ |
| ૨૫ | ત્રિવેદી, પ્રો. વસુબેન (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૨૬ | સોલંકી, શ્રી લાલજીભાઈ પ્રેમજીભાઈ | – | – | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૨૭ | ફળદુ, શ્રી આર.સી. | – | – | – | – | – | – | – | – | – | – | ૧ | ૧ |
| ૨૮ | જાડેજા, શ્રી બ્રિજરાજસિંહ હેમંતસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨૯ | આયરબેરા, શ્રી મુળુભાઈ હરદાસભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૩૦ | કણઝારીયા, શ્રી મેઘજી ડાયા | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૩૧ | માણેક, શ્રી પબુભા વિરમભા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૩૨ | મોઢવાડીયા, શ્રી અર્જુનભાઈ દેવાભાઈ | ૨૦ | – | ૪ | – | – | ૧ | ૧ | – | – | – | ૧૪ | ૪૦ |
| ૩૩ | ઓડેદરા, શ્રી કરશનભાઈ દુલાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૩૪ | કરગટીયા, શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | ચાવડા, શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ | – | – | ૨ | – | – | – | – | ૧ | – | – | ૧ | ૪ |
| ૩૬ | મકવાણા, શ્રીમતી વંદનાબેન મનસુખભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| ૩૭ | બારડ, શ્રી ભગવાનભાઈ ધાનાભાઈ | ૧ | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૩ |
| ૩૮ | જોટવા, શ્રી રાજસીભાઈ વીરાભાઈ | – | – | ૪ | – | – | – | – | – | – | – | ૧ | ૫ |
| ૩૯ | રાઠોડ, શ્રી કાળુભાઈ ચનાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪૦ | ભાલાળા, શ્રી કનુભાઈ મેપાભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૪૧ | રાજાણી, શ્રી લવજીભાઈ ઠાકરશીભાઈ (સંસદીય સચિવશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪૨ | મશરૂ, શ્રી મહેન્દ્રભાઈ લીલાધરભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૪૩ | ઉધાડ, શ્રી બાવકુભાઈ નાથાભાઈ | ૧ | – | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૪ |
| ૪૪ | ધોરાજીયા, શ્રી હનુભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪૫ | સંઘાણી, શ્રી દિલીપભાઈ (મંત્રીશ્રી) | ૫ | – | ૧ | – | – | – | – | ૧ | – | ૨ | ૨૮ | ૩૭ |
| ૪૬ | ભુવા, શ્રી મનસુખભાઈ પાંચાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૪૭ | બારડ, શ્રી ધીરસિંહભાઈ કરશનભાઈ | ૨ | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૫ |
| ૪૮ | સોલંકી, શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪૯ | પટેલ,શ્રી સૌરભ(રાજયકક્ષાના મંત્રીશ્રી) | ૧ | – | ૪ | – | – | – | – | – | – | – | ૧ | ૬ |
| ૫૦ | પરમાર, શ્રી આત્મારામ મકનભાઈ | ૧ | – | ૪ | – | – | – | ૧ | ૧ | – | – | ૨ | ૯ |
| ૫૧ | સરવૈયા, શ્રી મહેન્દ્રસિંહ પરાક્રમસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૫૨ | નાકરાણી, શ્રી કેશુભાઈ હીરજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૫૩ | વીરાણી, શ્રી કાળુભાઈ | ૧ | – | ૩ | – | – | – | ૧ | ૧ | – | – | – | ૬ |
| ૫૪ | કલસરીયા, ડો.કનુભાઈ વાલાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૫૫ | મકવાણા, શ્રીમતી ભાવનાબેન રાઘવજીભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૬ | સોલંકી, શ્રી પરસોત્તમભાઈ ઓધવજીભાઈ (રાજ્યકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૫૭ | દવે, શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ | – | – | ૨ | – | – | – | ૨ | – | – | – | – | ૪ |
| ૫૮ | ગોહિલ, શ્રી શકિતસિંહ હરિચંદ્રસિંહ (વિરોધપક્ષના નેતાશ્રી) | ૧૪ | – | ૬ | – | – | ૩ | ૧ | ૧ | – | – | ૩૨ | ૫૭ |
| ૫૯ | મેર, શ્રી રણછોડભાઈ કરશનભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૬૦ | તળપદા, શ્રી કાનજીભાઈ રાયાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૬૧ | લકુમ, શ્રી કાંતિલાલ રામાભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | ૧ | – | ૪ |
| ૬૨ | પટેલ, શ્રી પ્રાગજીભાઈ નારણભાઈ | ૧ | – | ૩ | – | – | – | ૧ | ૧ | – | – | – | ૬ |
| ૬૩ | રાઠોડ, શ્રી કમાભાઈ ગગજીભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૬૪ | શાહ, શ્રી અમિત | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૬૫ | પટેલ, શ્રી બાબુભાઈ જમનાદાસ | ૧ | – | ૧ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૬૬ | ચૌહાણ, શ્રી કલયાણસિંહ દેહરસિંહ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૬૭ | પટેલ, શ્રીમતી ગીતાબેન યોગેશભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૬૮ | શાહ, શ્રી રાકેશ | – | – | ૩ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| ૬૯ | બારોટ, શ્રી ભરતકુમાર ચીમનલાલ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૭૦ | શેખ, શ્રી ગ્યાસુદીન હબીબુદીન | ૨ | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૫ |
| ૭૧ | શેખ, શ્રી મોહંમદ ફારૂક હુસેનમીયાં | – | – | – | – | – | – | ૧ | – | – | – | – | ૧ |
| ૭૨ | જાડેજા, શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ (રાજ્યકક્ષાના મંત્રીશ્રી) | – | – | ૨ | – | – | – | – | – | – | – | ૧૪ | ૧૬ |
| ૭૩ | કાકડિયા, શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ | – | – | ૨ | – | – | – | ૧ | – | – | ૧ | – | ૪ |
| ૭૪ | પરમાર, શ્રી શૈલેષ મનહરભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| **૭૫** | ભટ્ટ, શ્રી ભૂષણ અશોકભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૩ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૬ | ખેડાવાલા, શ્રી સાબીરભાઈ અબ્દુલકરીમ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૭૭ | મોદી, શ્રી નરેન્દ્ર દામોદરદાસ (મુખ્યમંત્રીશ્રી) | – | – | – | – | – | ૨ | – | – | – | – | ૩ | ૫ |
| ૭૮ | કોડનાની, ડો.માયાબેન સુરેન્દ્રકુમાર | – | – | – | – | – | – | ૧ | – | – | – | – | ૧ |
| ૭૯ | ઠાકોર, શ્રી શંભુજી | – | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૩ |
| ૮૦ | પટેલ, શ્રી સુરેશકુમાર ચતુરદાસ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૮૧ | પટેલ, શ્રી નીતિનકુમાર રતીલાલ (મંત્રીશ્રી) | ૫ | – | ૧ | – | – | – | ૧ | ૧ | – | – | ૬ | ૧૪ |
| ૮૨ | પરમાર, શ્રીમતી જશોદાબેન ચતુરભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૮૩ | પટેલ, શ્રી અનિલકુમાર ત્રિભોવનદાસ | ૨ | – | ૪ | – | – | – | ૧ | ૧ | – | – | – | ૮ |
| ૮૪ | પટેલ, પ્રો.મંગળદાસ માધવલાલ | – | – | – | – | – | – | – | – | – | – | ૨ | ૨ |
| ૮૫ | પટેલ, શ્રી કાંતિભાઈ રામાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૮૬ | પટેલ, શ્રી ઋષિકેશ ગણેશભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૮૭ | ડાભી, શ્રી ભરતસિંહજી શંકરજી | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૮૮ | પટેલ, શ્રી નારાયણભાઈ લલ્લુભાઈ | ૧ | – | ૫ | – | – | – | – | – | – | ૫ | – | ૧૧ |
| ૮૯ | વ્યાસ, શ્રી જયનારાયણ (મંત્રીશ્રી) | ૨ | – | ૪ | – | – | ૧ | – | – | – | – | ૧૪ | ૨૧ |
| ૯૦ | ઠાકોર, શ્રી જોધાજી ગુલાબજી | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૯૧ | પટેલ, શ્રીમતી આનંદીબેન મફતભાઈ (મંત્રીશ્રી) | ૬ | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૮ |
| ૯૨ | પટેલ, શ્રી રજનીકાન્ત સોમાભાઈ | – | – | ૧ | – | – | – | ૨ | – | – | – | – | ૩ |
| **૯૩** | રાઠોડ, શ્રી ભાવસિંહભાઈ ડાહયાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૯૪ | ચૌધરી, શ્રી શંકરભાઈ લગધીરભાઈ | ૧ | – | ૧ | – | – | – | ૧ | ૧ | – | – | – | ૪ |
| ૯૫ | પટેલ, શ્રી પરબતભાઈ સવાભાઈ, (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૬ | માળી, શ્રી અનિલકુમાર અમૃતલાલ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૯૭ | દેસાઈ, શ્રી બાબુભાઈ જેસંગભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૯૮ | વાઘેલા, શ્રી લીલાધરભાઈ ખોડાજી (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૯૯ | પુરોહિત, શ્રી મફતલાલ મોતીરામ | – | – | ૩ | – | – | – | ૧ | – | – | – | – | ૪ |
| ૧૦૦ | પ્રજાપતિ, શ્રી ગોવિંદભાઈ માધવલાલ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૦૧ | વાઘેલા, શ્રી ફકીરભાઈ રઘાભાઈ, (મંત્રીશ્રી) | ૧ | – | ૧ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| **૧૦૨** | ભટોળ, શ્રી વસંતકુમાર પરથીભાઈ | ૧ | – | ૪ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૧૦૩ | કોટવાલ, શ્રી અશ્વિન | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૦૪ | વોરા, શ્રી રમણલાલ ઈશ્વરલાલ (મંત્રીશ્રી) | ૧ | – | ૧ | – | – | – | – | – | – | – | ૨ | ૪ |
| ૧૦૫ | જોષીયારા, શ્રી અનિલ જાલજીભાઈ | ૧ | – | ૪ | – | – | – | ૧ | – | – | – | – | ૬ |
| ૧૦૬ | પટેલ, શ્રી પ્રફુલભાઈ ખોડાભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૧૦૭ | ચૌહાણ, શ્રી જયસિંહજી માનસિંહજી (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૦૮ | પરમાર, શ્રી દિલીપસિંહજી વખતસિંહજી | – | – | ૧ | – | – | – | – | – | – | ૧ | – | ૨ |
| ૧૦૯ | ઝાલા, શ્રી ઉદેસિંહ પુંજાજી | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૧૦ | વાઘેલા, શ્રી મહેન્દ્રસિંહ શંકરસિંહ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૧૧ | પરમાર, શ્રી પરંજયાદિત્યસિંહજી કૃષ્ણકુમારસિંહજી | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૧૨ | મછાર, શ્રી દીતાભાઈ ભીમાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧૩ | કિશોરી, શ્રી બચુભાઈ નાથાભાઈ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| ૧૧૪ | પણદા, શ્રી વજેસિંગભાઈ પારસિંગભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧૫ | બારીયા, શ્રીમતી ચંદ્રિકાબેન છગનભાઈ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| ૧૧૬ | મહારાઉલ, શ્રી તુષારસિંહ કનકસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧૭ | ચૌહાણ, શ્રી ફતેસિંહ વખતસિંહ | – | – | ૨ | – | – | – | – | – | – | ૧ | – | ૩ |
| ૧૧૮ | પરમાર, શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧૯ | રાઠોડ, શ્રી અરવિંદસિંહ દામસિંહ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૨૦ | રાઉલજી, શ્રી સી.કે. | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૨૧ | ભરવાડ, શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૩ |
| ૧૨૨ | પટેલ, શ્રી હીરાભાઈ હરિભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૨૩ | ભાભોર, શ્રી જશવંતસિંહ સુમનભાઈ, (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૨૪ | ચૌહાણ, શ્રી માનસિંહ કોહયાભાઈ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૨૫ | પટેલ, શ્રી મણીભાઈ દેવજીભાઈ | ૨ | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૧૨૬ | પરમાર, શ્રી રામસિંહ પ્રભાતસિંહ | ૧ | – | ૧ | – | – | – | – | ૧ | – | – | – | ૩ |
| ૧૨૭ | વડોદીયા, શ્રી લાલસિંહ ઉદેસિંહ | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| **૧૨૮** | ડાભી, શ્રી કનુભાઈ ભુલાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૨૯ | ચૌહાણ, શ્રી સુંદરસિંહ ભલાભાઈ (સંસદીય સચિવશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૩૦ | ઠાકોર, શ્રી નટવરસિંહ ફૂલસિંહ | ૩ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૧૩૧ | દેસાઈ, શ્રી પંકજકુમાર વીનુભાઈ (મુખ્ય દંડકશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | ૭ | ૭ |
| ૧૩૨ | વાઘેલા, શ્રી શંકરભાઈ દેસાઈભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ | ૧ |
| ૧૩૩ | પટેલ, શ્રીમતી જયોત્સનાબેન રાજુભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૩૪ | પટેલ, શ્રી જયંતભાઈ રમણભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ | ૧ |
| ૧૩૫ | પટેલ, શ્રી નિરંજન | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૬ | રોહિત, શ્રી અંબાલાલ આશાભાઈ (નાયબ મુ. દંડકશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૩૭ | ચૌહાણ, શ્રી દેવુસિંહ જેસીંગભાઈ | ૧ | – | ૪ | – | – | – | ૧ | – | – | – | – | ૬ |
| ૧૩૮ | ચાવડા, શ્રી અમિતકુમાર અજિતકુમાર | ૧ | – | ૨ | – | – | – | – | ૧ | – | – | – | ૪ |
| ૧૩૯ | પરમાર, શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૪૦ | શુકલ, શ્રી શિરિષકુમાર મધુસુદન | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૪૧ | રાઠવા, શ્રી ગુલસીંગભાઈ રંગલાભાઈ | ૧ | – | ૪ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૧૪૨ | રાઠવા, શ્રી મોહનસિંહ છોટુભાઈ | ૧ | – | ૫ | – | – | – | ૧ | – | – | ૧ | – | ૮ |
| ૧૪૩ | ભીલ, શ્રી ધીરૂભાઈ ચુનીલાલ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૪૪ | તડવી, શ્રી અભેસિંહ મોતીભાઈ | – | – | ૪ | – | – | – | ૧ | – | – | – | – | ૫ |
| ૧૪૫ | પટેલ, શ્રી સિધ્ધાર્થ ચીમનભાઈ | ૫ | – | ૪ | – | – | – | ૧ | – | – | – | ૩ | ૧૩ |
| ૧૪૬ | ચૌહાણ, શ્રી ખુમાનસિંહ રાયસિંહ | ૧ | – | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૪ |
| ૧૪૭ | લાખાવાળા, શ્રી ભુપેન્દ્રભાઈ ગટુલાલ | ૧ | – | ૩ | – | – | – | – | – | – | ૨ | – | ૬ |
| ૧૪૮ | સુખડીયા, શ્રી જીતેન્દ્ર (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૪૯ | પટેલ, શ્રી યોગેશ (સંસદીય સચિવશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫૦ | શ્રીવાસ્તવ, શ્રી મધુભાઈ બાબુભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫૧ | ગોહિલ, શ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫૨ | પટેલ, શ્રી દિનેશભાઈ બી. | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫૩ | ડાભી, શ્રી ચંદુભાઈ મોતીભાઈ | ૨ | – | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૫ |
| ૧૫૪ | મકવાણા, શ્રી કિરણકુમાર લક્ષ્મણભાઈ | ૧ | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૫૫ | પટેલ, શ્રી ઈકબાલ | ૪ | – | ૪ | – | – | – | ૧ | ૧ | – | – | ૭ | ૧૭ |
| ૧૫૬ | પટેલ, શ્રી દુષ્યંતભાઈ રજનીકાન્ત | – | – | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૧૫૭ | પટેલ, શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૫૮ | વસાવા, શ્રી છોટુભાઈ અમરસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૯ | વસાવા, શ્રી અમરસિંહ રામસિંહ | ૧ | – | ૩ | – | – | – | ૧ | – | – | – | ૧ | ૬ |
| ૧૬૦ | વસાવા, શ્રી હર્ષદભાઈ ચુનીલાલ (સંસદીય સચિવશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૬૧ | વસાવા, શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ | ૧ |
| ૧૬૨ | વસાવા, શ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ (અધ્યક્ષશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૬૩ | વસાવા, શ્રી પ્રભુભાઈ નાગરભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૬૪ | ગામીત, શ્રી પુનાભાઈ ઢેડાભાઈ | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૬૫ | વહીઆ, શ્રી ઈશ્વરભાઈ નરસિંહભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૬૬ | હળપતિ, શ્રી કુંવરજીભાઈ નરસિંહભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૬૭ | રાઠોડ, શ્રીમતી ભારતીબેન અમૃતભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૬૮ | પટેલ, શ્રી કિરીટભાઈ ગંગારામભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૬૯ | વાનાણી, શ્રી નાનુભાઈ ભગવાનભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૭૦ | ગિલીટવાલા, શ્રી રણજીતભાઈ મંગુભાઈ (રાજ્યકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૭૧ | વાંકાવાલા, શ્રી કિશોર | ૧ | – | ૪ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૧૭૨ | પટેલ, શ્રી નરોત્તમભાઈ (મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૭૩ | પટેલ, શ્રી આર.સી. | – | – | – | – | – | – | – | ૧ | – | – | – | ૧ |
| ૧૭૪ | પટેલ, શ્રી મંગુભાઈ છગનભાઈ, (મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૫ | ૬ |
| ૧૭૫ | પટેલ, શ્રી લક્ષ્મણભાઈ પરસોત્તમભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૭૬ | પટેલ, શ્રી નરેશભાઈ મગનભાઈ | – | – | ૪ | – | – | – | ૨ | – | – | – | – | ૬ |
| ૧૭૭ | પટેલ, શ્રી વિજયભાઈ રમેશભાઈ | – | – | ૪ | – | – | – | ૧ | – | – | – | – | ૫ |
| ૧૭૮ | દેસાઈ, શ્રી દોલતરાય નાથુભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૭૯ | ચૌધરી, શ્રી છનાભાઈ કોળુભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮૦ | ચૌધરી, શ્રી જીતુભાઈ હરજીભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૮૧ | પટેલ, શ્રીમતી ઉષાબેન ગીરીશકુમાર (દંડકશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૮૨ | પાટકર, શ્રી રમણલાલ નાનુભાઈ | – | – | ૫ | – | – | – | – | – | – | ૧ | – | ૬ |

**પત્રક ક્રમાંકઃ–૨૬**
**(જુઓ ફકરા ક્રમાંકઃ–૩૪)**

**સત્ર દરમ્યાન નીચે દર્શાવેલ કુલ ૭ મહાનુભાવોના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા**

| ક્રમ | નામ | અવસાનની તારીખ | શોક પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ થયા તારીખ | રિમાર્ક |
|---|---|---|---|---|
| ૧ | સ્વ.શ્રી અશોકભાઇ ચંદુલાલ ભટ્ટ વિધાનસભાના અધ્યક્ષશ્રી | ૨૯/૯/'૧૦ | ૨૪/૨/'૧૧ | સદગત મહાનુભાવને ગૃહમાં અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યુ હતું અને ગૃહની બેઠક મુલતવી રહી હતી. |
| ૨ | સ્વ.શ્રી કુંદનલાલ જશવંતરાય ધોળકીયા વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી | ૭/૩/'૧૧ | ૧૦/૩/'૧૧ | –"– |
| ૩ | સ્વ.શ્રી દિનેશચંદ્ર વિનોદચંદ્ર શાહ ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી | ૨૩/૧/'૧૧ | ૨૪/૨/'૧૧ | સદગત મહાનુભાવોને ગૃહમાં અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યુ હતું. |
| ૪ | સ્વ.શ્રી મૂળશંકર રણછોડદાસ સુથાર ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૨૩/૧૦/'૧૦ | –"– | –"– |
| ૫ | સ્વ.શ્રી ભગુભાઇ પરસોતમભાઇ પટેલ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૩૦/૮/'૧૦ | –"– | –"– |
| ૬ | સ્વ.શ્રી રણછોડભાઇ શનાભાઇ સોલંકી ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૧૨/૧/'૧૧ | –"– | –"– |
| ૭ | સ્વ.શ્રી પરબતભાઇ માયાભાઇ સોધમ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૧૦/૯/'૧૦ | –"– | –"– |